# ગૈર મુસ્લિમોએ હુસૈન (અ.)ને આપેલ શ્રધ્ધાંજલી

"જો હુસૈન (અ.)એ પોતાની શહાદતથી ઈસ્લામના સિધ્ધાંતોને નવેસરથી જીવતા ન કર્યા હોત તો ઈસ્લામ સદંતર નાશ પામત."

–ગોપાલકૃષ્ણ ગોખલે

★

"દુનિયાના સમરાંગણમાં પ્રથમ દરજ્જાના બહાદુર એક માત્ર હુસૈન (અ.) જ છે."

– તારીખે ચશ્નો ખસ્તનના લેખક જમીશ કારકૂન

★

"હઝરત હુસૈન (અ.)ની શહાદતે હક સાથેની બયઅતને ઈસ્લામની રૂહમાં દાખલ કરી દીધી છે. હક સાથેની આ બયઅત ઉપર ઈમામ હુસૈન (અ.)ના પાક ખૂનની મુહર (છાપ) છે."

– મહાન હિંદી સાહિત્યકાર મુન્શી પ્રેમચંદ

★

"ઈમામ હુસૈન (અ.)ની કુરબાનીએ માત્ર ઈસ્લામી વિચારધારાને અને અમલને જ રોશની નથી બક્ષી પરંતુ માનવતાને પણ શણગારી છે."

– મહારાજા પોરબંદર

★

"મને યકીન છે કે આ અમર વ્યકિતની મહાન માનવીય કુરબાની હંમેશા એ લોકોના દિલોમાં જોશ અને તાજગી પેદા કરતી રહેશે કે જેઓ ઈન્સાફ, આઝાદી અને ઈજ્જતના માટે પોતાના જીવ આપતાં અચકાતા નથી."

– મહારાજા ગ્વાલહાર

★

"કરબલાની કરૂણ કથા આજે પણ એવી જ તાજી, એવી જ દર્દસભર અને એવી જ અસરકારક છે જેવી તે એ દિવસે હતી કે જ્યારે ઈસ્લામનો આ સર્વશ્રેષ્ઠ માણસ શહીદ થયો હતો. આજે પણ ઈમામ હુસૈન (અ.)નું દ્રષ્ટાંત આઝાદીના મતવાલાઓને માર્ગદર્શન આપવા માટે રોશની બની રહ્યું છે. તેમની જાત બૂરાઈઓના મુકાબલામાં સદાકતનું ઈરફાની નિશાન છે." – શ્રીમતી સરોજિની નાયડુ

★

"મારો અકીદો છે કે ઈસ્લામની ઉન્નતિ તેને માનનારાઓ (મુસલમાનો)ની તલવારોના જોરે નથી થઈ પરંતુ હુસૈન (અ.) જેવા અવલિયા અલ્લાહની કુરબાનીઓને કારણે થઈ છે."

– મહાત્મા ગાંધી

★

"હુસૈન (અ.) એક દીનદાર, ખુદાપરસ્ત અને અજોડ બહાદુર હતા." – જાન લુંગ

★

"એ એવા બહાદુર હતા કે જેમની બહાદુરીનો જોટો કોઈ પણ કોમમાં જોવા મળતો નથી." – આર્થર વોશિંગ્ટન

# નબવી અદાલત

કિતાબ નહજુલ ફસાહતમાંથી : અલ્લામા સૈયદ નસીરૂલ ઈજ્તેહાદી

**ચુકાદો નંબર-૨૦**

## પડતર જમીનને ખેતીલાયક બનાવવી અને પાણીની વહેંચણી

હદીસે સાબિતમાં છે કે રસૂલે કરીમ (સ.)એ ફરમાવ્યું જે માણસ મુર્દા (પડતર) જમીનને ઝિંદા (ખેતી લાયક) બનાવે અને તે પહેલેથી જ કોઇ મુસલમાનની મિલકતમાં ન હોય તો તે જમીન તેની બનશે અને જે માણસ ઝુલ્મ અને જબરદસ્તીના તરીકાથી બીજાની જમીન ઉપર ઝાડ વાવશે તો તે ઝાડ ઉપર તેનો કોઈ હક નહીં બને.

અને કિતાબ અબી ઉબૈદમાં છે, સાહેબે હદીસનું બયાન છે કે મેં જોયું કે બની બયાઝા કબીલાના બે માણસો એક જમીનનો ઝઘડો લઈને રસૂલે કરીમ (સ.)ની ખિદમતમાં હાજર થયા. એમનામાંથી એક જણાએ બીજાની જમીનમાં ખજૂરનું ઝાડ વાવ્યું હતું. રસૂલે કરીમ (સ.)એ જમીન માલિકને જમીન અપાવી દીધી અને ઝાડવાળાને કહ્યું કે તે પોતાનું ઝાડ ત્યાંથી ઉખેડી લે. મેં જોયું કે તે પેલા ઝાડ ઉપર પોતાની કુહાડીઓ મારી રહ્યો હતો અને તે સાધારણ પ્રકારની ખજૂરનું ઝાડ હતું.

ઉર્વા બિન ઝુબૈરથી રિવાયત છે કે ઝુબૈરની એક અન્સારી સાથે જમીનની નહેરની બાબતમાં ખેંચતાણ થઇ ગઇ. રસૂલે કરીમ (સ.)એ ફરમાવ્યું, કે અય ઝુબૈર ! તમે જમીનને સયરાબ કરી લો. પછી તમારા પડોશી તરફ પાણી છોડી મૂકો.

આ સાંભળીને અન્સારીએ કહ્યું,

'યા રસૂલિલ્લાહ ! આપ આવો ફેંસલો એટલા માટે કરી રહ્યા છો કે ઝુબૈર આપની ફોઈના દીકરા ભાઈ છે.'

આ સાંભળીને રસૂલે કરીમના ચહેરાનો રંગ બદલાવા લાગ્યો. આપે ફરીથી ફરમાવ્યું,

'ઝુબૈર ! તમે પહેલાં તમારી જમીનને પાણી પાઈ દો ત્યાર પછી તમારા પાડોશીની તરફ પાણી છોડી દો.'

આ સાંભળીને ફરીથી અન્સારીએ એવું જ કહ્યું,

'તે આપની ફોઈના દીકરા છે એટલા માટે આપ આવો હુકમ આપી રહ્યા છો.'

આ સાંભળીને ફરીથી રસૂલે કરીમ (સ.)ના ચહેરાનો રંગ બદલાવા લાગ્યો. આપે ફરમાવ્યું,

'ઝુબૈર ! તમે પાણી પાઇ દીધા પછી પાણીને રોકી રાખજો એટલે સુધી કે તે બંધની દીવાલ સુધી ચઢી જાય. પછી પાણીને તમારા પાડોશી તરફ મોકલજો.'

અન્સારીએ ફરીથી એવું જ વાક્ય દોહરાવ્યું અને રસૂલિલ્લાહ (સ.)નો ચહેરો બદલાઇ ગયો.

ઝુબૈર કહે છે કે આ આયત આ બાબતમાં નાઝિલ થઇ :

'અય રસૂલ ! તમારા રબની કસમ, એ તે સમય સુધી મોમિન નથી થઈ શકતા જ્યાં સુધી પોતાના ઝઘડાઓમાં તને હુકમ ન બનાવે'

ઈમામ માલિકથી રિવાયત છે કે તબરા બિન આઝિબની ઊંટડી એક માણસના બાગમાં દાખલ થઈ ગઈ અને ત્યાં તેણે તબાહી મચાવી દીધી તો આના ઉપર રસૂલે કરીમ (સ.)એ એવો ફેંસલો આપ્યો કે જવાબદારી દીનની હિફાઝત છે અને જે નુકસાન ઢોરઢાંખર રાતના સમયે કરે તો તે તેમના માલિકોની જવાબદારી બનશે.

**ચુકાદો નંબર-૨૧**

**વહેંચણી અને સહિયારી ખેતી**

કિતાબ અલ એહકામમાં છે કે રસૂલે કરીમ (સ.)એ એવા બે માણસોને કે જેઓ વારસામાં મળેલા માલની બાબતમાં ઝઘડી રહ્યા હતા, એવું ફરમાવ્યું,

'ઈન્સાફ કરો અને કુર્રા નાખો.'

ઈસ્માઈલ કહે છે કે જ્યારે વારસામાં મળેલું ઘર અથવા જમીન સહીયારી હોય તો તે વખતે વહેંચણી એવી રીતે કરવી જોઈએ કે હિસ્સા સરખા કરીને કુર્રા નાખે અને કુર્રામાં જે જેના માટે હોય તે તેને આપી દેવામાં આવે અને દરેકની મુલ્કમાં જે જમીન વહેંચણી કર્યા વગરની હોય તેને એકઠી કરવામાં આવે.

વાઝેહામાં છે કે ચાર માણસોએ એક જમીનમાં સહિયારી ખેતી કરી. એક ભાગીદારે કહ્યું કે જમીન મારા તરફથી. બીજા ભાગીદારે કહ્યું કે બિયારણ મારા તરફથી. ત્રીજાએ કહ્યું કે બળદ મારા તરફથી. ચોથો ભાગીદાર બોલ્યો કે મહેનત અને પાણી મારા તરફથી.

જ્યારે ખેતી તૈયાર થઈ ગઈ તો તેઓ રસૂલે કરીમ (સ.)ની પાસે ઝઘડતા ઝઘડતા આવ્યા. તો રસૂલે કરીમ(સ.)એ તે માણસને કે જેણે એવું કહ્યું હતું કે જમીન મારા તરફથી છે, તેને કંઈ આપ્યું નહીં અને તેના દાવાને જૂઠ્ઠો ગણ્યો. બળદવાળા માટે એક મહેનતાણું નક્કી કર્યું. અને મહેનત કરવાવાળાને એક દિવસના એક દિરહમના હિસાબે રકમ અપાવી અને બિયારણવાળાને ખેતી આપી દીધી.

ઈબ્ને હબીબનું કહેવું છે કે જમીનવાળાના દાવાને રસૂલે કરીમ (સ.)એ એટલા માટે જૂઠ્ઠો ગણ્યો હતો કે જમીનના માટે ભાડુ નક્કી કરવામાં આવ્યું ન હતું.

અને મુસન્નિફ અબી દાવૂદમાં રાફેઅથી રિવાયત છે કે તેમણે એક જમીનમાં વાવેતર કર્યું. એક વખત રસૂલે કરીમ (સ.)નું ત્યાં થઈને પસાર થવાનું થયું અને એ વખતે તેઓ ખેતરમાં પાણી પાઈ રહ્યા હતા. ઈરશાદ થયો,

'ખેતી કોની છે ? અને જમીન કોની છે ?'

રાફેએ કહ્યું,

'મારું બિયારણ અને મારી મજૂરીના કારણે ખેતી મારી છે. આમાં મારો એક ભાગ છે અને ફલાણા કબીલાનો એક માણસ કે જેની જમીન છે તેનો એક ભાગ છે.'

રસૂલે કરીમ (સ.)એ ફરમાવ્યું,

'તમે ગુનેગાર થયા. જમીન જમીનવાળાઓને આપી દો અને તમારું ખર્ચ લઈ લો.' ✻

## કુરઆને મજીદના
# સૂરાઓનો પરિચય
**સૂરા નં.૭૬ સૂરએ દહર**

કુલ ૩૧ આયતો ધરાવતો આ સૂરો મદીનામાં નાઝિલ થયેલ હોવાથી આ સૂરો મદની છે.

શું મનુષ્ય ઉપર એવા એવા કાળની મુદ્દત પસાર નથી થઇ કે જે દરમિયાન તે કોઇ વર્ણવવા જોગ વસ્તુ જ ન હતો ? (૧)

બેશક અમોએ મનુષ્યને (સ્ત્રી–પુરૂષના) મિશ્રીત વિર્યથી પેદા કર્યો કે (જેથી) અમે તેને અજમાવીએ, પછી અમોએ તેને સાંભળનાર, જોનાર બનાવી દીધો. (૨)

બેશક અમોએ તેને (યોગ્ય) માર્ગ દેખાડી દીધો, પછી (ભલેને) તે ઉપકાર માનનારો થાય કે અનુપકારી. (૩)

બેશક અમોએ (સત્યનો) ઈન્કાર કરનારાઓ માટે બેડીઓ તથા તોક તથા ભડભડતી આગ તૈયાર કરી રાખી છે. (૪)

ઈન્સાન ઉપર એક એવો સમય આવ્યો છે જે વર્ણન કરવાને લાયક ન હતો. આ સ્થળે પ્રશ્નાર્થ રૂપે એટલા માટે રજૂ કરવામાં આવે છે કે તે સારી રીતે વાતને સમજી શકે, જ્યારે ઈન્સાન પોતાના સર્જન ઉપર વિચાર કરશે તો તે સમજી લેશે કે જે અલ્લાહે મને એક નવર્ણવા લાયક હાલતમાંથી વર્ણન કરવા લાયક હાલત સુધી પહોંચાડયો. તે ખરેખર મારો માલિક છે અને તેનો શુક્ર અદા કરવો મારી ફરજ છે.

ઈન્સાનને સ્ત્રી–પુરૂષના મિક્સ (મિશ્રીત) થયેલા નુત્ફાથી પેદા કર્યો. કેટલાક કહે છે કે 'અલ ઈન્સાન'થી મુરાદ હઝરત આદમ (અ.) છે, જેનું શરીર રૂહ વગર ૪૦ વરસ સુધી પડ્યું રહ્યું. બીજી રિવાયતમાં ૧૨૦ વરસ સુધી લખેલ છે. પછી તેમાં રૂહને પ્રવેશ કરી, પછી મલાએકાઓ તેને સજદો કરે એ લાયક બન્યું અને આ બીજી આયતમાં ઈન્સાનથી મુરાદ આદમની ઓલાદ છે.

ખરેખર અમોએ તેને યોગ્ય માર્ગદર્શન કર્યું પછી તે ઉપકાર માનનારો થાય કે અનુપકારી થાય અથવા તે શુક્ર કરે કે નાશુક્રી કરે અને તેથી તમારી હુજ્જતો તેઓ ઉપર પૂરી થઈ જાય છે.

જે લોકો વહદાનિયતની દલીલોનો ઈન્કાર કરશે તો તેવા કાફરો માટે બેડીઓ અથવા તોક અથવા ભડકતી આગ તૈયાર કરી રાખી છે.

ત્યાર પછીની આયતોનો અનુવાદ : બેશક સદાચારી લોકો તે પ્યાલામાં પીએ છે કે જેમાં કપૂરનું મિશ્રણ છે. (૫)

અલ્લામા તબરસીએ દાવો કર્યો છે કે સામાન્ય અને ખાસ લોકોની રિવાયતોમાં એ વાત ઉપર એક મત છે કે આ આયત હઝરત અલી (અ.), હઝરત ફાતેમા (અ.), હઝરત ઈમામ હસન (અ.) અને હઝરત ઈમામ હુસૈન (અ.) તથા તેમની કનીઝ ફિઝઝાના માટે ઉતરી છે અને તે બનાવ એ પ્રમાણે છે કે એક વખત બન્ને શેહઝાદા બીમાર થઈ ગયા. હઝરત અલી (અ.)એ તેમની શિફા માટે ત્રણ દિવસ

રોઝાની માનતા માની અને જનાબે બતુલે તથા ફિઝઝાએ પણ માનતા માની જ્યારે આપ તંદુરસ્ત થયા તો નઝર પૂરી કરવા માટે રોઝો રાખ્યો, ઘરમાં ખાવા માટે કંઇ હતું નહીં. હઝરત અલી (અ.) એક યહૂદીથી એક સાઅ જવ લાવ્યા કે તેના બદલામાં તેને ઊન કાંતીને આપે પછી જનાબે બતુલે ત્રીજા ભાગનો આટો બાંધ્યો અને રોટલીઓ પકવવામાં આવી અને જ્યારે ખાવાની તૈયારી કરી તો દરવાજા ઉપર એક મિસ્કીને અવાજ આપ્યો, તેથી બધું ખાવાનું તેના હવાલે કરી દેવામાં આવ્યું અને તેઓએ પાણીથી રોઝો ઈફ્તાર કર્યો, બીજે દિવસે ફરી આટો તૈયાર કર્યો તો દરવાજા ઉપર એક યતીમ આવ્યો તો તેઓએ બધી રોટી ઉપાડીને તેને આપી દીધી. ત્રીજા દિવસે એક કેદી આવ્યો તો તેઓએ ખાવાનું તેના હવાલે કરી દીધું તો તે વખતે સૂરએ દહર નાઝિલ થયો.

એક રિવાયતમાં એમ પણ છે કે હઝરત અલી (અ.) યહૂદીના બાગમાં પાણી દઈને જે કંઇ મેળવતા હતા તેના થકી જવના આટાનો હરીરો તૈયાર કરતા હતા અને જે સાએલ આવતા હતા તે તેમના હવાલે કરી દેતા હતા. આ કિસ્સો જુદી જુદી રીતે વર્ણન થયેલ છે અને કુદરતી ખાણાનો પણ ઝિક્ર થયેલો છે, વગેરે.

અલ્લામા તબરસી ફરમાવે છે કે રિવાયતથી એ વાત સાફ જાહેર થાય છે કે આ સૂરો મદીનામાં ઉતરેલો છે. પછી તેમણે ઈબ્ને અબ્બાસની રિવાયત પ્રમાણે મક્કી અને મદની સૂરાઓને ક્રમવાર રજૂ કરેલ છે. (ક્રમશ:)

? તમારું દીની જ્ઞાન ચકાસો.

## ઈસ્લામી કવીઝ નં. ૨૨૪

**(૧) હઝરત આદમ (અ.)ની આગળ સિજદો ન કરવાના કારણ તરીકે શયતાનનું કહેવું એવું હતું કે –**

(A) હું ઈબાદત કરવાની બાબતમાં આદમ (અ.)થી અફઝલ છું.

(B) હું આગમાંથી બનેલો છું અને આદમ માટીમાંથી આગ માટીથી અફઝલ છે.

(C) હું આદમ કરતાં ઉંમરમાં મોટો છું

**(૨) કરબલામાં શહીદ થનાર હબસી ગુલામ જહોન કોના ગુલામ હતા ?**

(A) ઈમામ ઝયનુલ આબેદીન (અ.)ના

(B) હઝરત સલમાન ફારસી (રઝી.)ના

(C) હઝરત અબૂઝર ગફ્ફારી (રઝી.)ના

**(૩) જનાબે કાસિમ બિન હસન (અ.) માટે શહીદોની યાદીમાં શામેલ થવા માટે શાને લીધે માર્ગ મોકળો થયો હતો ?**

(A) માતા ઉમ્મે ફરવાની ભલામણથી

(B) બાબા હસન (અ.)ના તાવિઝથી

(C) પોતે કરેલી ખૂબ વિનવણીથી

**(૪) અલ્લાહ (સુ.વ.ત.)ની નજદીકી પ્રાપ્ત કરવાની નિય્યત કરતી વખતે કયા શબ્દો વપરાય છે ?**

(A) કુર્બતન ઈલલ્લાહ

(B) લાઈલાહા ઈલ્લલ્લાહ

(C) ફી અમાનિલ્લાહ

**(૫) નીચેનામાંથી કયો શબ્દ જોડણીની દ્રષ્ટિએ સાચો છે ?**

(A) દાઉદ (B) દાવુદ (C) દાવૂદ

# સર્વશ્રેષ્ઠ સ્મરણ

મૌલાના ઓબયદુલ્લાહ અમૃતસરી
દ્વારા સંપાદિત
'અર્જહુલ મતાલિબ'નો અનુવાદ

## જનાબે અમીર(અ.)ના અમલી ફઝાએલનું વર્ણન

### ઔલાદે સાલેહ

(ગતાંકનું ચાલુ)

**જનાબે ઈમામ હુસૈન(અ.)નાં ગુણગાન :**

(૮) મોહંમદ બિન અલ મુન્કદર કહે છે કે જનાબે નબી અલ્લાહ(સ.)એ જનાબે ઈમામ હુસૈન(અ.)ના સાતમા દિવસે ખત્ના કર્યા.

(૯) અને હઝરત (સ.)એ તેમનું નામ હુસૈન અને કુન્નિયત અબા અબ્દિલ્લાહ અને લકબ સૈયદ અને તૈયબ અને ઝકી અને સિબ્ત અને મુબારક અને તાબેઅલ મર્ઝાતુલ્લાહ અને દલીલ અલી ઝાતુલ્લાહ અને શહીદે અકબર રાખ્યો.

(૧૦) જનાબે અમી ર(અ.) ફરમાવે છે કે માથાથી લઈને છાતી સુધી હસન (અ.) આં હઝરત (સ.)ને મળતા આવતા હતા અને હુસૈન (અ.) માથાથી પગ સુધી હુઝૂર (સ.)ને મળતા આવતા હતા.

(૧૧) અનસ બિન માલિક કહે છે કે ઈબ્ને ઝિયાદની પાસે જનાબે હુસૈન (અ.)નું સરે અકદસ એક થાળમાં લાવવામાં આવ્યું. તે લાકડી મારીને આપની ખુબસૂરતી અને સુંદરતાની બાબતમાં કાંઈ કહેવા લાગ્યો. અનસ (રઝી.અ.)એ કહ્યું, તેઓ બધા લોકોથી વધારે આં હઝરત (સ.)ને મળતા આવતા હતા.

(૧૨) અલી બિન મર્રા કહે છે કે જનાબે રસૂલલ્લાહ (સ.)એ ફરમાવ્યું કે હુસૈન મારાથી છે અને હું હુસૈનથી છું. ખુદા એમને દોસ્ત રાખે છે કે જેઓ હુસૈન (અ.)ને દોસ્ત રાખે છે. હુસૈન સિબ્ત (નવાસો) છે અસ્બાત (સાબિતી)થી.

(૧૩) ગૈરા બિન જરીબથી રિવાયત છે કે એક દિવસે અબ્દુલ્લાહ બિન ઉમર કા'બા બયતુલ્લાહના છાંયડામાં બેઠેલો હતો એવામાં ઓચિંતા જનાબે ઈમામ હુસૈન (અ.)ને તશરીફ લાવતા જોયા અને કહ્યું કે આજના દિવસે આ શખ્સ આકાશવાસીઓની નજીક સઘળા જમીનવાસીઓથી વધારે મહબૂબ છે.

(૧૪) ઝુબૈર બિન બકાર કહે છે કે મને મોઅસુબ ઝિક્ર કરે છે કે જનાબે હુસૈન (અ.)એ પચ્ચીસ હજ પગપાળા કરી છે.


(૧૫) અબુ હુરૈરા કહે છે કે મેં મારી બન્ને આંખોથી જોયું છે અને આ બન્ને કાનોથી સાંભળ્યું છે કે જનાબે રસૂલલ્લાહ (સ.)એ જનાબે હુસૈન (અ.)ના બન્ને હાથ પકડી રાખેલા હતા અને જનાબે હુસૈન (અ.)ના બન્ને પગના પંજા હુઝૂર (સ.)ના સીના મુબારક પર હતા અને આપ ફરમાવી રહ્યા હતા, અય મારા બાળક ! આંખની માફક ઊપર નીચે કૂદ–ઉછળ. પછી દીકરાએ અર્થાત્ ઈમામ હુસૈન (અ.)એ છલાંગ મારી અને પોતાના બન્ને પગ હુઝૂર (સ.)ના પવિત્ર સીના ઉપર મૂકયા. પછી આપે ફરમાવ્યું, તારૂં મોઢું ખોલ. પછી આપે તેમના મોઢાને ચુમ્યું અને ફરમાવ્યું, અય પરવરદિગાર ! હું આને મહબૂબ રાખું છું તું પણ તેને મહબૂબ રાખજે.

(૧૬) ઉબૈદ બિન હનીન કહે છે કે જનાબે હુસૈન(અ.) મને બયાન ફરમાવતા હતા કે એક વખત હું હઝરત ઉમરની પાસે ગયો. તેઓ મિમ્બર ઉપર ચઢીને ખુત્બો પઢી રહ્યા હતા. મેં ઉપર ચઢીને કહ્યું, મારા બાપના મિમ્બર પરથી ઉતરી જાઓ અને જઈને તમારા બાપના મિમ્બર ઉપર બેસી જાઓ. ઉમર (રઝી.અ.)એ કહ્યું, મારા બાપનો મિમ્બર નથી. આટલું કહીને મને પકડીને પોતાની પાસે મિમ્બર ઉપર બેસાડી દીધો. હું તેના ઉપર બેસી રહ્યો અને કાંકરીઓને આમ તેમ ફેરવતો રહ્યો. જ્યારે તેઓ મિમ્બર ઉપરથી ઉતર્યા તો મને પોતાની સાથે પોતાના ઘરમાં લઈ ગયા અને મને પૂછયું કે આ બાબત તમને કોણે શીખવાડી છે ? મેં કહ્યું, અલ્લાહ કસમ, મને કયાં કોઈએ શીખવાડી છે ? જનાબે ઈમામ ફરમાવે છે કે પછી હું તેમની પાસે ગયો અને તેઓ મોઆવિયાની સાથે એકાંતમાં વાતચીત કરી રહ્યા હતા અને ઈબ્ને ઉમર દરવાજા ઉપર હતા. પછી ઈબ્ને ઉમર પાછા જતા રહ્યા અને હું પણ તેમની સાથે પાછો આવી ગયો. ત્યાર પછી ઉમર (રઝી.) મને મળ્યા અને કહેવા લાગ્યા, અમે તમને જોયા ન હતા. મેં કહ્યું, યા અમીરુલ મોમિનીન ! હું તમારી પાસે આવ્યો હતો. તમે મોઆવિયાની સાથે એકાંતમાં વાતચીત કરતા હતા. પછી ઈબ્ને ઉમરની સાથે પાછો વળી ગયો. તેઓ કહેવા લાગ્યા, તમે તો ઈબ્ને ઉમર કરતાં ય વધારે હકદાર હતા.


ખુશખબર... ખુશખબર...

**થરાદરા મહેંદીહસન** મો. ૯૪૨૬૪૭૨૪૨૯
મો. ૯૮૨૪૨૦૦૩૪૦

**નૂર ઈલેકટ્રીક વર્કસ**



**લાઈટ ફીટીંગ, પલ્મ્બર ફીટીંગ તથા ગેસ રીપેરીંગ કરી આપવામાં આવશે.**

**હોટલનો ગેસ સામાન મળશે.**

**ગ્રાહકને સંતોષકારક કામ કરી આપીશું**

**૧૧૭, સામર્થ્ય કોમ્પલેક્ષ, તાવડીયા ચાર રસ્તા, સિધ્ધપુર.**


(૧૭) બરાઅ બિન આઝિબ કહે છે કે મેં જનાબે રસૂલલ્લાહ (સ.)ને જોયા કે તેમણે હુસૈન (અ.)ને ખભાઓ ઉપર ઉપાડેલા હતા અને ફરમાવી રહ્યા હતા કે યા ઈલાહી ! હું તેની સાથે મોહબ્બત રાખું છું, તું પણ તેની સાથે મોહબ્બત કર.

(૧૮) જાબિર બિન અબ્દુલ્લાહ રિવાયત કરે છે કે મેં જનાબે રસૂલલ્લાહ (સ.)ને એવું ફરમાવતા સાંભળ્યા છે કે જે માણસ જન્નતવાસીઓના સરદારને જોવાની આરઝૂ રાખતો હોય તો તે હુસૈન ઈબ્ને અલી (અ.)ને જોઈ લે.

(૧૯) અબૂ હુરૈરા(રઝી.અ.) કહે છે કે આં હઝરત (સ.) મસ્જિદમાં તશરીફ ફરમાવી રહ્યા હતા. જનાબે હુસૈન (અ.) તશરીફ લાવ્યા અને આપના ખોળા મુબારકમાં સૂઈ ગયા અને પોતાની આંગળીઓ હુઝૂર (સ.)ની દાઢી મુબારકમાં નાખવા લાગ્યા. આં હઝરત (સ.)એ તેમના મોઢાને ખોલ્યું અને પોતાનું મોઢું તેમના મોઢામાં મૂકયું પછી ફરમાવ્યું, અય પરવરદિગાર! હું આને મહબૂબ રાખું છું, તું પણ તેને મહબૂબ રાખ. (ક્રમશઃ)



# હિજાબ

:::: લેખક ::::
સૈયદ મોહંમદ રિઝવી
:::: પ્રકાશક ::::
જાફરી ઈસ્લામિક સેન્ટર, કેનેડા

**પ્રકરણ-૫**

**'હિજાબ' શા માટે ?**

મને જે ઘણા બધા પ્રશ્નો પૂછવામાં આવ્યા છે તેમાંનો એક પ્રશ્ન એ છે કે ઈસ્લામે મહિલાઓ માટે 'હિજાબ' શા માટે વાજિબ કર્યો છે ? ઈસ્લામે હિજાબને પરસ્પર વિરોધી જાતિના સભ્યો વચ્ચેના એકબીજાના સંબંધોમાં અદબ અને વિવેક જળવાઈ રહે તેના એક ભાગ રૂપે દાખલ કરેલ છે. સૂરા નં.૩૩ની અગાઉ ટાંકવામાં આવેલી આયત નં.૫૯ આનું સરસ કારણ આપે છે. આયત કહે છેઃ

'...આવું કરવું વધારે ઉચિત છે જેથી કરીને તેણીઓ (મુસ્લિમ સ્ત્રીઓ તરીકે) ઓળખાઈ આવે અને સતામણીમાંથી (અથવા પીડામાંથી) બચી જાય.'

પુરૂષો, ભલે એ બાબત કબૂલ કરતા હોય કે ન કરતા હોય, પરંતુ તેઓ વાસનાના અને ખ્વાહિશના ગુલામો હોય છે.

● 'હિજાબ' આવા પુરૂષોથી મહિલાઓનું રક્ષણ કરે છે; તે બાબત એવો ઈશારો કરે છે કે તેણી ફક્ત એક જ પુરૂષ સાથેના સંબંધથી બંધાયેલી છે અને બીજા બધા (પુરૂષો) સાથેના (શારીરિક) સ-ંબંધથી મુક્ત છે.

● 'હિજાબ' પરપુરૂષ સાથેના સંબંધોની તકોને ઈચ્છવા યોગ્ય ન ગણીને શાદીના અને પરિવારના બંધનની સાચવણીમાં અને સ્થિરતામાં ફાળો આપે છે.

● છેવટે, તે મહિલાના સાચા વ્યક્તિત્વ ઉપર ધ્યાન કેન્દ્રિત કરવાની અને તેણીની શારીરિક સુંદરતા ઉપર ભાર ન મૂકવાની પુરૂષોને ફરજ પાડે છે. વળી તે (હિજાબ) મહિલાને પરાયા (પુરૂષો) ની તેણીના પ્રત્યેની વિરોધી ક્રિયાઓને કાબૂમાં રાખે છે.

ઉત્તર આફ્રિકા અને દક્ષિણ-પૂર્વ એશિયા, જર્મેન ગ્રીરમાં મહિલાઓના પોષાક ઉપર ટીકા ટિપ્પણી કરતાં મહિલા આઝાદી ચળવળની પહેલ કરનારાઓમાંથી એક જણે લખ્યું છે :

'જે મહિલાઓ કોર્ટેસ (cortes) અથવા હુઈપાઈલ્સ (huipiles) અથવા સાડીઓ અથવા જેલ્લાબસ (jellabas) અથવા સલ્વાર કમીઝ અથવા બીજાં કોઈ યોગ્ય કપડાં પહેરે છે તેઓ તેમની અંદર રહેલી શક્તિને કોઈ પણ જાતની અગવડ કે અસુવિધા વગર વધારી કે ઘટાડી શકે છે. શાલ અથવા બુરખાવાળી સ્ત્રીઓ બીજા લોકોનું તેમના તરફ ધ્યાન ખેંચ્યા વગર ગમે તે જગ્યાએ બાળકને ધૂળ અને માખીઓથી બચાવીને ધવડાવી શકે છે. મોટા ભાગના બિન-પશ્ચિમી સમાજોમાં સ્ત્રીઓના પોષાકો અને ઘરેણાં માતાને લગતી ફરજોને પૂરી કરે છે જ્યારે આપણા સમાજો તેનો ઈન્કાર કરે છે.'[14]

એ બાબતની નોંધ કરો કે તેણીએ પૂર્વમાં મુસ્લિમ સ્ત્રીઓ દ્વારા પહેરવામાં આવતા સલ્વાર કમીઝ

અને જેલ્લાબસનો ઉલ્લેખ કરેલ છે.

Feminists અને વેસ્ટર્ન મિડિઆ ઘણી વાર હિજાબને સ્ત્રીઓ ઉપરની જોહુકમી અને ગુલામીની નિશાની તરીકે ચીતરે છે. હિજાબને આ રીતે જાતીય દૃષ્ટિકોણથી જોવાની બાબત પશ્ચિમના feminists ની અસરનું પ્રતિબિંબ પાડે છે કે જેઓ અડધી પડધી પડદાની Judea-christian વિચારધારા ઉપર પ્રતિક્રિયા આપે છે કે (હિજાબ એટલે) 'મહિલાની પોતાના પતિને આધીન થઈ જવાની નિશાની'. (15)

પોતાના ધાર્મિક અથવા સાંસ્કૃતિક ઈતિહાસની તરફ નજર કરવી અને ત્યાર પછી અને બીજા ધર્મના વિરૂધ્ધ ચુકાદો આપવો તે અદબપૂર્વક જોઈએ તો એક ખોટી બુધ્ધિ સંબંધી ગણતરી છે અને ઉગ્ર બાજુએથી જોઈએ તો સીધે સીધો સામ્રાજ્યવાદ જ છે. મારા પિતાએ એક લેખમાં ખૂબ જ રસપ્રદ અવલોકન કર્યું હતું કે જ્યારે યુરોપિયનો એક સદી પહેલાં આફ્રિકાના અંતરિયાળ ભાગમાંથી પસાર થયા તો તેમને કેટલીક એવી જાતિઓ જોવા મળી કે જે નગ્ન અવસ્થામાં ફરતી હતી. સભ્યતાની નિશાની તરીકે પોષાક પહેરવાનું તેમણે તે જાતિ ઉપર દબાણ કર્યું હતું. 'હવે તેઓ પોતે જ પોતાનાં કપડાંનો ત્યાગ કરી દઈને 'તહઝીબ' (સભ્યતા)ની વકીલાત કરે છે. કોઈને ઘણી વાર અજબ લાગે કે છેલ્લી સદીની 'જૂનવાણી જાતિઓ' બાકીની દુનિયા કરતાં વધારે સભ્ય નહોતી. છેવટે તો બાકીની દુનિયા જ એવી છે કે જે અત્યારે કહેવાતા જૂનવાણી સમાજની રહેણી કરણીની નકલ કરી રહી છે.(16)

હું એવા સમાજને જોઈને નવાઈ પામું છું કે જે એવા લોકો તરફ હમદર્દી બતાવે છે કે જેમને શરીરના ઉપરના ભાગને ઊઘાડો રાખીને ફરવાનું ગમે છે પરંતુ કોઈ સ્ત્રી કે જે પોતાની મરજીથી 'હિજાબ'નું પાલન કરવાની ઈચ્છા ધરાવતી હોય તો તે બાબત સહન કરવાનું તેમને કઠે છે. એક કેનૅડિયન મુસ્લિમ નાહીદ મુસ્તફાના મત અનુસાર 'પશ્ચિમની દુનિયામાં હિજાબ કાં તો બળજબરીપૂર્વકની ચૂપકીદી છે કે કાં તો મૂળભૂત વિવેકશૂન્ય લડાયકવૃત્તિની નિશાની બનવા પામી છે. હકીકતમાં તો એ બન્નેમાંથી એકે ય નથી. એ તો માત્ર કોઈ સ્ત્રીનું આગ્રહપૂર્વકનું એવું નિવેદન છે કે તેણીએ પોતાના શારીરિક વ્યક્તિત્વનો લીધેલો નિર્ણય સામાજિકરીતે પરસ્પર મળવામાં કોઈ ભાગ ભજવવાનો નથી. 'હિજાબે' મને મારી શારીરિક જાત ઉપર સતત ધ્યાન આપવાની આઝાદી આપી છે કારણ કે મારો દેખાવ મારી ઝીણવટભરી તપાસને, મારી સુંદરતાને આધીન નથી અથવા તો તેના અભાવે કદાચ એવા હક દાવાને દૂર કરી દીધો છે કે જેની કાયદેસર ચર્ચા થઈ શકે.(17)

'હિજાબ' કંઈ જોહુકમીની નિશાની નથી. સ્ત્રીઓનું દમન તો સામાજિક-આર્થિક કારણોને લીધે થાય છે એવા દેશોમાં પણ કે જ્યાં સ્ત્રીઓએ હિજાબ વિષે કદી સાંભળ્યું પણ ન હોય. એનાથી ઉલટું, પશ્ચિમના દેશોમાં ધંધાદારી બાબતોમાં જાહેરાતનાં પોસ્ટરોમાં અને મનોરંજન ઉદ્યોગમાં સ્ત્રીઓનાં લગભગ નગ્ન ચિત્રો બતાવવાં એ જોહુકમીનું સાચું પ્રતીક છે.

'હિજાબ' ન તો કોઈ સ્ત્રીને ઈલ્મ પ્રાપ્ત કરતાં રોકે છે કે ન માનવ સમાજની ભલાઈના કાર્યમાં ફાળો આપતાં રોકે છે. ઐતિહાસિક રીતે જોઈએ તો સ્ત્રીઓએ પણ ઈસ્લામમાં મહાન ફાળો આપેલો છે. રસૂલિલ્લાહ(સ.)નાં પ્રથમ પત્ની બીબી ખદીજાએ ઈસ્લામની શરૂઆતમાં ખૂબ અગત્યનો ભાગ ભજવ્યો હતો. પોતાના અધિકારથી એક સફળ બિઝનેસ વુમન બનેલાં તેઓ પયગમ્બર મોહંમદ(સ.)

ના પયગામને સ્વીકારનારાં પ્રથમ મહિલા હતાં. તેમનો ઈસ્લામ સ્વીકાર અને તેમનું ઈમાન રસૂલ(સ.) માટે રૂહાની શક્તિનો એક મોટો સ્રોત હતાં. ઈસ્લામની શરૂઆતના કઠીન દિવસોમાં તેઓ પોતાના શૌહરની પડખે ઊભાં રહ્યાં હતાં અને પોતાની તમામ દોલત નવા ધર્મના વિકાસ માટે ખર્ચી નાખી હતી.

મુસલમાનોના ઈતિહાસમાં સૌ પ્રથમ મહિલા શહીદ જો કોઈ હોય તો તે હતાં સુમય્યા નામનાં સન્નારી કે જે યાસિરનાં પત્ની અને અમ્મારનાં માતા હતાં. ઈસ્લામ ધર્મ છોડી દેવાનો ઈન્કાર કરવાના ગુનાસર તેમને તેમના શૌહરની સાથે મારી નાખવામાં આવ્યાં હતાં.

રસૂલિલ્લાહ(સ.)નાં બેટી ફાતેમાતુઝ ઝહરા(સલા.અ.) તો નૂરાની દીવાદાંડી અને પોતાના જમાનાની સ્ત્રીઓ માટે હિદાયતનાં સ્રોત હતાં. તેઓ પણ પોતાના શૌહર ઈમામ અલી(અ.)ની પડખે રહીને તેમની ખિલાફતના હકની લડાઈમાં વફાદારીપૂર્વક ઊભાં રહ્યાં હતાં અને ઈસ્લામમાં દીકરીઓ માટેના વારસાઈ હકના ભંગની સામે પણ ઉગ્ર રીતે વિરોધ કર્યો હતો.

ઈસ્લામની શરૂઆતના ઈતિહાસમાં સૌથી અગત્યના પ્રસંગોમાંનો એક પ્રસંગ હતો કરબલાનો પ્રસંગ કે જેમાં જાલિમ યઝીદની સામે ઈમામ હુસૈન(અ.)એ દર્શાવેલ વિરોધ હતો. એ મુકાબલામાં યઝીદી સિપાહીઓએ હુસૈન(અ.) અને તેમના બોત્તેર જેટલા સહાયકોને કતલ કરી નાખ્યા હતા. ઈમામ હુસૈન(અ.)નાં બહેન ઝયનબ(સલા.અ.) એવાં મહિલા હતાં કે જેમણે સામાજિક વિરોધ ચાલુ રાખ્યો અને જાલિમ શાસકોની વિરૂધ્ધ ખડા રહેવા માટે લોકોમાં એક પ્રકારની જાગૃતિ લાવવામાં ખૂબ જ અસરકારક હતાં. બીબી ઝયનબ(સલા.અ.)એ એવાં પરિબળો ઉત્પન્ન કર્યાં અને એટલો બધો મહાન ફાળો આપ્યો કે છેવટે બની ઉમય્યાની પડતી થઈ ગઈ.

**Notes:**

[14] Greer, *Sex & Destiny: The Politics of Human Fertility* (London: Picador, 1985) p. 14.

[15] See *Aid to Bible Understanding,* p. 468.

For the Biblical Christian perspective, see what St. Paul says: "But I would have you know, that the head of every man is Christ; and the head of the woman is the man; and the head of Christ is God. Every man praying or prophesying, having his head covered, dishonoureth his head. But every woman that prayeth or prophesieth with her head uncovered dishonoureth her head...Judge in yourselves: is it comely that a woman pray unto God uncovered?" (1 Corinthians 11:3-5, 13) In simple English, it means that if a man keeps his head covered in prayer, then he is disrespecting Christ; and if a woman keeps her head uncovered in prayer, then she is disrespecting her man. For Biblical Jewish concept, see Genesis 24:65.

[16] S. Saeed Akhtar Rizvi, "On Modesty," in *Sunday News* (Dar-es-salaam) 27November 1966.

[17] Mustafa, "My Body Is My Own Business," *Globe & Mail,* 29th June 1993.

(ક્રમશ:)


**બેસ્ટ ઈલેક્ટ્રીકલ**

:::::::::: **ઓર્થોરાઈઝ ડીલર** ::::::::::

**વાયર કેબલ** : જેનશન, પોલિકેબ, ફિનોલેક્સ, દર્શન, આર આર, રૂબિકોન

**એમ.સી.બી.** : ઈન્ડો એશિયન, એલ એન્ડ ટી, બિનટેક્સ, એચ.પી.એલ.

**મોટર પમ્પ** : હિતેશ, કિલોસ્કર, કોમ્પટ્રન, સર્જન

**લાઈટીંગ** : કોમ્પટ્રન, હેવલ્સ, ફિલિપ્સ, ઓસરામ, હેનોલેક્સ

**ઈલેકટ્રીક એસેસરીઝ** : હાઈફાઈ, ઓલવીન, પોઈન્ડર, વન્ડર, એન્કર

**ઈલેકટ્રીકને લગતો તમામ માલ સામાન મળશે**

**૯૯૯૮૧૮૫૭૦૭ મહેદીહુસૈન મોમિન**
**૯૯૭૯૨૬૦૫૯૭ બાકરઅલી મોમિન**

**૧૩, ધનરાજ કોમ્પલેક્ષ, અંબિકા પેટ્રોલ પંપની સામે, પ્રકાશ ઓટોની બાજુમાં, ઉજાલા સર્કલ, સરખેજ, અમદાવાદ.**

**ફારસીના મહાન કવિ શેખ સાઅદીની**

# શાયરીનો રસાસ્વાદ

**'ગુલિસ્તાન'માંથી પસંદ કરેલ પંક્તિઓ**

## Slow And Steady (ધીર અને સ્થિર)

به چشم خویش دیـــــدم در بیابان
کـه آهـسـتـه سـبـــق بُـرد از شتابـان
سـمــنــد بـادپـای از تـک فـرو مـانـد
شـتـربـان هـمـچـنـان آهـسـتـه مـی رانـد

**બે ચશ્મ ખવીશ દીદમ દર બયાબાન,**
**કે આહિસ્તા સબક બુર્દ અઝ શતાબાન**
**સમનદ બાદપાઇ અઝ તક ફરું માનિદ**
**શુતરબાન હમચુનાન આહિસ્તા મિરાનિદ**

(મેં મારી સગી આંખોએ રણ પ્રદેશમાં જોયું છે કે જે ધીમેથી ચાલતો હોય તે એવા બીજાને આંબી દે છે કે જે ઝડપથી દોડે છે. ઝડપી ચાલવાવાળો ઘોડો પૂરપાટ દોડવાથી થાકી ગયો જ્યારે ધીમી ગતિએ જતો ઊંટ હાંકનારો હજુએ આગળ વધી રહ્યો છે.)

## Solicitation (આજીજી/કાલાવાલા)

هـرچـه از دونـان بـه منّـت خـواستی
در تـن افـــزودی و از جـان کاســتـی

**હર ચે અઝ દુનાન બે મન્નત ખ્વાસ્તિ**
**દર તન અફઝૂદી વ અઝ જાન કાસ્તિ**

(નીચ માણસ પાસેથી આજીજી કરીને જે કંઇ મેળવ્યું હોય તે શરીરને ફાયદો પહોંચાડે છે પરંતુ રૂહને નુકસાન પહોંચાડે છે.)

## Solitude (એકાંત)

آنان که به کنج عافیت بنشستنـد
دنــدان سـگ و دهـان مـردم بستنـد
کاغـذ بـدریدنـد و قـلم بشکستنـد
وز دسـتِ زبانِ حرف گیران رستند

**અનાન કે બે કન્જ આફિયત બનશસતનદ**
**દંદાન સગ વ દહાન મર્દમ બસતનદ**
**કાગઝ બદરીદંદ વ કલમ બશક સતનદ**
**વઝ દસ્તે ઝબાને હરફ ગીરાન રસતનદ**

(જે લોકોએ એકાંતની શાંતિમાં આશરો લીધો હોય છે તેમણે એવું કરીને કૂતરાઓનાં અને માણસોના મોઢે ડૂચા મારી દીધા છે. તેમણે પોતાના કાગળો ફાડી નાખ્યા છે અને કલમો તોડી નાખી છે અને આ રીતે ઠપકો આપનારાઓ તરફથી નજાત મેળવી લીધી.)

## Speech (ભાષણ/વકતવ્ય)

بسیج سخن گفتن آنگاه کن
که دانی که در کار گیرد سخن

**બસીજ સુખન ગુફતન આંગાહ કુન**
**કે દાની કે દર કાર ગૈરદ સુખન**

(માત્ર ત્યારે જ બોલજો કે જ્યારે તમને ખાત્રી હોય કે તમારા શબ્દોનું વજન પડશે (અર્થાત તમારા શબ્દો પરિણામ લાવશે).

حکایت برمـزاج مستمع گوی
اگر خواهی که دارد با تو میلی
هر آن عاقل که با مجنون نشیند
نبـاید کردنـش جـز ذکر لیلی

**હિકાયત બર મિઝાજ મસ્તમઅ ગવા**
**અગર ખ્વાહી કે દારદ બા તૂ મીલા**
**હર આન આકિલ કે બા મજનૂન ન શીનદ**
**નબાયદ કિર્દનશ જુઝ ઝિક્ર લૈલા**

(સાંભળનાર વ્યક્તિના મિજાજ અનુસાર જ તમે તેને તમારી શિખામણ આપજો, જો તમે એવી ઈચ્છા રાખતા હો કે તે તમારા તરફ ઢળે. કોઈ પણ સમજદાર માણસ (આકિલ) કે જે મજનૂન (પ્રેમ પાગલ)ની સોહબતમાં બેસતો હોય તેણે તેની સાથે લૈલાની વાત કરવી જોઈએ.)

## Spouse (પતિ અથવા પત્ની)

زن بــــد در سـرای مـــرد نـکـــو
هـم در این عالم اســت دوزخ او
زینـهــار از قـریـــن بـــد، زنـهـــار
وَ قِـنـا ربَّـنـا عـــذابَ الـنّـــار

**ઝન બદ દર સરાય મર્દ નકૂ**
**હમ દર ઐન આલિમ અસ્ત દોઝખ અવ**
**ઝીનહાર અઝ કરીન બદ, ઝન્હાર**
**'વ કિના રબ્બના અઝાબુન્નાર'**

(સારા પતિના ઘરમાં ખરાબ પત્ની હોય તો તેના માટે આ દુનિયામાં જીવતે જીવત દોઝખ છે. ખરાબ જીવનસાથીની પસંદગી કરતી વખતે ચેતતા રહેજો. 'યા અલ્લાહ ! દોઝખના અઝાબથી મારું રક્ષણ કરજે.')

નોંધ : કુરાને મજીદ, સૂરા–૨, સૂરએ બકરા, આયત–૨૦૧ : (ભાષાંતર) :

'અને તેઓમાંથી કેટલાક એવા (પણ) છે કે જેઓ કહે છે કે હે અમારા પરવરદિગાર ! આ લોકોમાં અમારું ભલું કર તથા પરલોકમાં પણ અમારું ભલું કર અને અમને (દોઝખની) આગના અઝાબથી બચાવજે.'

## Stranger (અજાણ્યો માણસ / અજનબી)

درشـتی کُـنَد با غریبان کـسی
که نابوده باشد بـه غُربت بسی

**દુરશ્તી કુનદ બા ગરીબાન કસી**
**કે નાબૂદા બાશદ બે ગુરબત બસી**

(માત્ર એ માણસ જ કે જે અજનબી ન હોય તે જ કોઈ અજનબીને સંતાપવા માટે તૈયાર હોય છે.)

## Strictness (કઠોરતા / ચોકસાઇ)

پـادشـاهـــی پـسر بـــه مـکـتــــب داد
لــوح سیـمـیـنـش بـــــر کـنـار نـهـاد
بـــر سـر لــوح او نـبـشـتـه بــــــه زر
« جـــور اسـتـــاد بــــه ز مـهـــر پــدر »

**પાદશાાહી પીસર બે મકતબ દાદ**
**લૌહ સીમીનશ બર કિનાર નહાદ**
**બર સર લૌહ અવ નબશ્તા બે ઝર**
**''જૂર બાદશાહે બે ઝ મહર પિદર''**

(એક બાદશાહે પોતાના દીકરાને શાળામાં મોકલ્યો અને તેની બાજુમાં ચાંદીની સ્લેટ મૂકી. સ્લેટ ઉપર સોનાના અક્ષરે લખેલું હતું: ''ઉસ્તાદ (શિક્ષક)ની કઠોરતા, પિતાના વાત્સલ્ય કરતાં વધારે સારી છે.'' ✻

# જાફરી પંચાંગ

**ચાંદ દેખાય તે પ્રમાણે અમલ કરવો.**

| અંગ્રેજી તારીખ | ઈસ્લામી તારીખ | વાર | તા.૧૬ માહે નવેમ્બર–૨૦૧૨ થી તા. ૧૫, માહે ડિસેમ્બર<br>મુ.તા. ૧, મોહર્રમ–૧૪૩૪ થી મુ.તા. ૩૦, મોહર્રમ–૧૪૩૪ |
|---|---|---|---|
| નવે. | મોહર્રમ | – | |
| 16 | ૧ | શુક્ર | માહે અઝા શરૂ ✻ હિજરી સન–૧૪૩૪નો પ્રારંભ ✻ વિંછુડો ઉતરે : સવારે–૬–૩૨ |
| 17 | ૨ | શનિ | ઈમામ હુસૈન (અ.)નું કરબલામાં આગમન |
| 18 | ૩ | રવિ | હઝરત યૂસુફ (અ.)ને કૂવામાંથી બહાર કાઢવામાં આવ્યા. |
| 19 | ૪ | સોમ | હઝરત મૂસા (અ.)એ નીલ નદી પાર કરી. |
| 21 | ૬ | બુધ | વિલાદત : પીર સૈયદ એહમદહુસૈન બાવા (રહે.) |
| 22 | ૭ | ગુરૂ | હઝરત અબ્બાસ અલમદાર(અ.)ના અલમ મુબારક ✻ હ.મૂસા(અ.)એ કોહે તૂર પર વાતો કરી. |
| 23 | ૮ | શુક્ર | જનાબે કાસિમ બિન હસન મુજતબા(અ.)ના અલમ મુબારક |
| 24 | ૯ | શનિ | શબે આશુર–કતલની રાત |
| 25 | ૧૦ | રવિ | ઈમામ હુસૈન (અ.)ની શહાદત ✻ યવ્મે આશુરા ✻ શામે ગરીબાં |
| 26 | ૧૧ | સોમ | એહલેહરમને કેદી બનાવ્યાં. ✻ વફાત : પીર સૈયદ અલી ખાલિદ(રહે.) |
| 27 | ૧૨ | મંગળ | ઝિયારત : હઝરત ઈમામ હુસૈન (અ.) |
| 28 | ૧૩ | બુધ | વફાત : અલ્હાજ પીર સૈયદ મહેરહુસૈન બાવા (રહે.) |
| 30 | ૧૫ | શુક્ર | હઝરત આદમ (અ.)ની વફાત |
| ડિસે.-૧ | ૧૬ | શનિ | અસ્હાબે ફીલનો પ્રસંગ |
| 4 | ૧૯ | મંગળ | ઉર્સ : અલ્હાજ પીર સૈયદ મહેરહુસૈન બાવા (રહે.), ધોળકા |
| 5 | ૨૦ | બુધ | ઉર્સ : હ.પીર મશાયખ(રહે.) અમદા. ✻ હઝરત ઈમામ હુસૈન(અ.)નું દસમું |
| 10 | ૨૫ | સોમ | વફાત : હઝરત ઈમામ ઝયનુલ આબેદીન (અ.) |
| 15 | ૩૦ | શનિ | હઝરત ઈમામ હુસૈન (અ.)નું વીસમું |

## શું તમે આ જાફરી આવાઝ વાંચ્યું ?

## લ્યો ત્યારે, આપો આના જવાબ.

**સંપાદક : મો.અકબરઅલી અબ્બાસભાઈ મસી (ઈલોલ તલાવ)**

(૧) દિલો પરનો કાટ દૂર કરવા શું કરવું ? (૨) બાળકની બુધ્ધિમાં વધારો થાય અને નમ્ર બને તે માટે શું કરવું ? (૩) જન્નત અને દોઝખના અસલ ભાવાર્થને સમજવા શું કરવું જોઈએ ? (૪) કરબલામાં હઝરત ઈમામ હુસૈન (અ.)એ ઝોહરની નમાઝ અદા કરી ત્યારે દુશ્મનોના તીરો સામે તેમની આગળ કોણ રક્ષણ કરતું હતું? (૫) 'શબર' શાનું નામ છે ? (કબ્રસ્તાન/ખીણ/પર્વત) (૬) દાવૂદ (અ.) જાલૂત સાથે જંગ કરવા કયા સ્થળેથી ગયા હતા ? (૭) માણસને રૂહાની ફાયદા મેળવવા શું પ્રાપ્ત કરવું જોઇએ? (૮) શું ખાવાથી હ્દય રોગના દર્દીને શિફા મળે છે ? (૯) 'મારો ઈરાદો તો એવો છે કે હું હવે જીવું ત્યાં સુધી રસૂલ (સ.)ના નવાસાના કદમોથી જુદો ન થાઉં અને મારો જીવ તેમના ઉપર ફિદા કરી દઉં' આ વાક્ય કોણ બોલે છે? (૧૦) કયા ઈમામે અરબી વ્યાકરણનો પાયો નાખ્યો હતો ?

# ખજૂર

(કવર પેજ-૨નું અનુસંધાન ચાલુ)

આપ (સ.)એ એવું પણ ફરમાવ્યું છે કે માણસ સવારે (નરણા કોઠે) સાત અજવા ખજૂર ખાશે તેને દિવસ દરમિયાન જાદુ કે ઝેર અસર નહીં કરે.

વળી આપ (સ.)એ એવું પણ ફરમાવ્યું છે કે અજવા (ખજૂર)માં ન તો કોઈ બીમારી છે કે ન કોઈ નુકસાન છે.

ઈમામ જાફર સાદિક (અ.) ફરમાવે છે કે અજવા ખજૂર ઘણાં દર્દોની દવા છે. રસૂલિલ્લાહ (સ.)ની હદીસને દોહરાવતાં હજુ પણ આગળ આપ ફરમાવે છે કે જે માણસ રાત્રે સૂતી વખતે સાત અજવા ખજૂર ખાશે તો તેના પેટના કીડાઓ મરી જશે.

જ્યારે રસૂલિલ્લાહ (સ.)ની સામે જમણ લાવવામાં આવતું અને તેમાં જો ખજૂર હોય તો આપ ખજૂરથી જ શરૂઆત કરતા હતા.

સુલેમાન ઈબ્ને જાફરથી રિવાયત છે કે હું હઝરત ઈમામ રિઝા (અ.)ની ખિદમતમાં હાજર થયો. આપની સામે ઘણી તાજી ખજૂર રાખેલી હતી અને આપ તેમાંથી શોખથી ખજૂર ખાતા હતા અને મને પણ ફરમાવ્યું અને કહ્યું,

'અય સુલેમાન ! મારી પાસે આવો અને તમે પણ ખાઓ.'

મેં અરજ કરી,

'આપના ઉપર કુરબાન થઈ જાઉં, આપે તો ખજૂરનો ઘણો ઉપયોગ કર્યો !'

આપે ફરમાવ્યું,

'હા, મને ખૂબ જ પસંદ છે કારણ કે રસૂલુલ્લાહ (સ.) અને અમીરુલ મોમિનીન (અ.), ઈમામ હસન (અ.), ઈમામ હુસૈન (અ.), ઈમામ અલી ઝયનુલ આબેદીન (અ.), ઈમામ મોહંમદ બાકિર (અ.), ઈમામ જાફર સાદિક (અ.) અને મારા વાલિદે માજીદને પણ ખજૂર પસંદ છે કારણ કે તેઓ અમારી તીનતથી (અમારામાંથી) પેદા થયેલા છે.

(સંદર્ભ : અલ્લામા મજલિસીની કિતાબ હિલ્યતુલ મુસ્તકીમ, તેહઝીબુલ ઈસ્લામ)

અજવા ખજૂર હૃદયરોગમાં ઘણી ઉપયોગી સાબિત થયેલ છે. તેને લગતો એક પ્રસંગ જોઈએ.

સઅદ નામના એક સહાબી કહે છે કે એક વાર હું બીમાર પડ્યો અને હઝરત રસૂલુલ્લાહ (સ.) મારી ખબર અંતર પૂછવા માટે પધાર્યા. આપ (સ.)એ મારી છાતી ઉપર પોતાનો મુબારક હાથ મૂક્યો તો તેની ઠંડક મારી છાતીમાં ફેલાઈ ગઈ અને મને રાહત મળી. ત્યાર પછી આપ (સ.)એ ફરમાવ્યું કે આને હૃદયની બીમારી છે. તેને હારિસ બિન કલ્દા (નામના તબીબ)ની પાસે લઈ જાઓ. તે સકીફમાં ઈલાજ કરે છે. તેને કહો કે અજવા ખજૂરની સાત પેશીઓ તેના ઠળિયા સાથે વાટીને તેને ખવડાવે. આમ અજવા ખજૂરમાં હૃદયરોગને સારો કરવાની અજબ શક્તિ ખુદાએ મૂકી છે. ઈસ્લામના ઈતિહાસમાં આ એક જ વાત એવી છે કે જેમાં રસૂલુલ્લાહ (સ.)એ દિલની બીમારીનો ઈલાજ ઈલાહી વહી મુજબ સૂચવ્યો છે. હાલમાં થયેલા સંશોધન મુજબ અજવા ખજૂર હૃદયરોગ માટે એક ઉત્તમ ઉપાય સાબિત થયેલો છે. રસૂલ (સ.) એક રૂહાની તબીબ તો હતા જ સાથે સાથે આપ(સ.)એ એક જિસ્માની તબીબ તરીકે એક તબીબને ઈલાહી વહી મુજબ દિલની બીમારીનો ઈલાજ પણ બતાવ્યો છે. આ હદીસ અલાઉદ્દીન હિન્દીએ કન્ઝુલ ઉમ્માલમાં હઝરત અલી (અ.)ની સનદથી ઝખીરતુલ હસન, બની સુફયાન અને અબુ નઈમે વર્ણવેલી છે, જ્યારે બીજા ઈતિહાસકારોએ તેને ફક્ત અબૂ દાઉદથી લીધેલ છે.

**બરની ખજૂર :**

'બરની' ખજૂર વિષે અબૂ સઈદ ખુદરી કહે છે કે રસૂલુલ્લાહ (સ.)એ ફરમાવ્યું છે કે ખજૂરોમાં ઉત્તમ ખજૂર 'બરની' છે. તે રોગોને દૂર કરે છે અને તેમાં કોઈ રોગ નથી.

'બરની' ખજૂર ભૂરા રંગની હોય છે. તેનું કદ મોટું હોય છે અને ઠળિયો નાનો હોય છે.

ઈમામ રિઝા (અ.)ના એક ફરમાન મુજબ જે માણસ હરસ-મસા (બવાસીર)થી બચવા ઈચ્છતો હોય તો તે દરરોજ રાત્રે સાત 'બરની' ખજૂર ગાયના ઘી સાથે ખાય તો શિફા થાય.

હઝરત રસૂલિલ્લાહ (સ.)એ ખજૂર વિષે ફરમાવ્યું છે કે ખજૂર પીઠને મજબૂત કરે છે. જાતીય શક્તિને પણ વધારે છે, ખોરાક હજમ કરે છે અને મોઢાને ખુશ્બૂદાર બનાવે છે.

આપ (સ.)એ ફરમાવ્યું છે કે હમલવાળી સ્ત્રી સુવાવડ વખતે સાત ખજૂર ખાય કેમકે ખુદા તઆલાએ બીબી મરયમની સુવાવડ વખતે ખજૂર ખાવાનો હુકમ કરેલો હતો. આપ (સ.)એ ફરમાવ્યું છે કે હમલવાળી સ્ત્રી જો ખજૂર ખાય તો ફરઝંદ નમ્ર બને છે. ('તોહફતુલ મોમિનીન', બાબ-૨૩, પેજ-૨૦૧ ઉપર લખેલું છે કે બાળકનો જન્મ થાય ત્યારે માતાને સાત ખજૂર ખવડાવવામાં આવે તો બાળકની બુધ્ધિમાં વધારો થશે.)

હઝરત રસૂલુલ્લાહ (સ.) રોઝો ઈફતાર કરતી વખતે ખજૂરનો જ ઉપયોગ કરતા હતા. જો ખજૂર ના મળે તો પાણીથી ચલાવી લેતા હતા.

અમીરુલ મોમિનીન હઝરત અલી (અ.) ફરમાવતા હતા કે રસૂલુલ્લાહ (સ.) માટે અમે કિસમિસ (સૂકી દ્રાક્ષ) અથવા તો ખજૂરને માટીના વાસણમાં પાણીમાં પલાળી રાખતા જેથી પાણી મીઠું થઈ જાય. આપ તે પાણી એક કે બે દિવસ સુધી પીતા પછી જ્યારે તે બગડી જાય તો ફેંકી દેતા હતા.

હઝરત ઈમામ ઝયનુલ આબેદીન (અ.) ફરમાવતા હતા કે હું ખજૂર ખાનાર માણસને પસંદ કરું છું, કેમકે રસૂલુલ્લાહ (સ.)ને ખજૂર પસંદ હતી. આપની સામે જમણ લાવવામાં આવતું ત્યારે તેમાં જો ખજૂર હોય તો આપ જમવાની શરૂઆત ખજૂરથી કરતા હતા. ખજૂરની મોસમમાં ખજૂરથી અને રૂતબ (રસદાર તાજી ખજૂર)ની મોસમમાં રૂતબથી રોઝો ખોલતા હતા.

હઝરત ઈસા રૂહુલ્લાહ (અ.)નાં માતા બીબી જનાબે મરયમને જે સમયે પ્રસૂતિની પીડા થઈ તો ખુદાએ આપને રૂતબ ખાવાનો હુકમ આપ્યો હતો જેથી દર્દમાં રાહત થાય અને તાત્કાલિક શક્તિ મળે.

(સંદર્ભ : સૂરએ મરયમ, આયત-૨૩ થી ૨૫)

હઝરત ઈમામ જાફર સાદિક (અ.) ફરમાવે છે કે ખજૂર અને રોટલીનો ટુકડો જમીન ઉપર પડેલો હોય તો તેને જે ઉપાડી લે અને સાફ કરીને ખાઈ લે તો એના માટે જન્નત વાજિબ થઈ જાય છે.

રસૂલિલ્લાહ (સ.)ની પાસે જ્યારે કોઈ નવા જન્મેલા બાળકને લાવવામાં આવતું હતું તો આપ ખજૂરને ચાવીને તે ચાવેલા ભાગનો રસ બાળકને ચૂસાડતા હતા.

ભારતમાં મળતી ખજૂર અરબ દેશોમાંથી તથા ઈરાનથી આવે છે. બસરા (ઈરાક)ની ખજૂર મશહૂર છે. આપણે ત્યાં મળતી ખજૂર જાયદી નામે જાણીતી છે. આ જાત સસ્તા પ્રકારની છે. બીજી જાતમાં કાળા રંગની પેશીવાળી ખજૂર છે. એક જાતમાં ઠળિયો પાતળો હોય છે અને બીજી જાતમાં તો ઠળિયો જ હોતો નથી. આવી ઠળિયા વગરની (seedless) ખજૂર પેકેટમાં તૈયાર મળે છે. તે મોંઘી હોય છે પણ ઉત્તમ છે.

આયુર્વેદની દૃષ્ટિએ ખજૂર બાળકો તથા વૃધ્ધો માટે શક્તિદાયક છે. ખજૂર ખાવાથી શરીરનું વજન વધે છે અને શરીર પુષ્ટ (જાડુ) બને છે. જે નિયમિતપણે ખજૂર ખાય છે તેના શરીરમાં ઝડપથી લોહી વધે છે. સુવાવડી સ્ત્રી જો દરરોજ ખજૂર ખાય તો તેના શરીરમાં ઝડપથી લોહી વધશે, શક્તિ, સ્વસ્થતા સાથે સુંદરતા વધશે. બાળક માટે ધાવણ વધશે. નાનાં બાળકોને આજકાલ ખાંડ અને મેંદાનાં જાત જાતનાં ક્રિમ બિસ્કીટી, ચોકલેટ વગેરે નાસ્તામાં અપાય છે. તે જાતજાતના રોગો જેવા કે કાકડા, શરદી વિગેરે પેદા કરે છે. તેના બદલે ખજૂરનો નાસ્તો અપાય તો તેને કદી એવા રોગો થવાનો ભય રહેતો

નથી.

વિશ્વ આરોગ્ય સંસ્થા (WHO)ના ચેપી રોગોના નિષ્ણાત ડૉ. ઉમર સુલેમાન મોહંમદ (કે જેઓ સુદાનના વતની છે તે) કહે છે કે તેમના દેશમાં લોકોનું આયુષ્ય બહુ લાંબુ હોય છે. લોકો એકસો વર્ષ કરતાં ય વધારે આયુષ્ય ભોગવે છે. અંતિમ શ્વાસ સુધી તંદુરસ્ત અને શક્તિશાળી હોય છે તેનું કારણ એ છે કે તેઓ ખોરાકમાં ખજૂરનો ઉપયોગ વધારે કરે છે.

ખજૂરથી શરીરના અવયવોનો વિકાસ સારો થાય છે. હૃદય, શરીર અને અવયવો સ્વસ્થ રહે છે. પાચન સુધરે છે અને ભૂખ ઊઘડે છે માંસપેશીઓ બળવાન બને છે. ખજૂર આંતરડાને તથા શરીરને સ્વસ્છ કરે છે. ખજૂરથી રોગ પ્રતિકારક શક્તિ વધે છે.

હઝરત રસૂલિલ્લાહ(સ.)એ ફરમાવેલું છે કે જે માણસ રાત્રે સૂતી વખતે સાત ખજૂર ખાશે તેને આંતરડાના સોજા (colitis)ના રોગથી મુક્તિ મળશે. ખજૂરના ઠળિયા વિષે પણ આયુર્વેદમાં ખૂબ જ ફાયદા બતાવેલા છે.

ખજૂર ખાતાં પહેલાં ધોઈ નાખવી જોઈએ. ખજૂરને દૂધમાં પલાળીને કે પછી ઘીમાં સાંતળીને કે મલાઈ સાથે પણ ખાઈ શકાય છે. મહેનત કરનારા શ્રમજીવીઓ માટે ખજૂર શક્તિશાળી ઉત્તમ ખોરાક છે અને ગરીબ તેમજ મધ્યમવર્ગના લોકો કે જેઓ કિંમતી મેવો ખાઈ શકતા નથી તેઓ ખજૂર-ખારેકનો પૌષ્ટિક અને આરોગ્યપ્રદ આહાર તરીકે ઉપયોગ કરી શકે છે.

ખજૂર વિષે લખવા બેસીએ તો આખું પુસ્તક લખી શકાય તેમ છે. ટૂંકમાં ખજૂર સાચા અર્થમાં જન્નતનો મેવો છે. અલ્લાહ તઆલાએ માણસને કેવી મહાન નેઅમત આપી છે. આવી નેઅમતોને યાદ કરીને આપણે આપણા સર્જનહારનો આભાર માનતા રહેવું જોઈએ.

(સંદર્ભ : 'કુદરતી વનસ્પતિ અને તેના ફાયદા' ડૉ.એ.ટી.રંગવાલા)


મહંમદઅલી જી. દાંત્રેલિયા
મો. ૯૪૨૮૭ ૬૮૯૨૧
૯૭૧૨૨ ૫૩૧૪૩

**રિલાયન્સ કોમન સર્વિસ સેન્ટર**

* પાસપોર્ટને લગતી માહિતી માટે
* ઈન્ટરનેટના દરેક કામ કાજ માટે
* સરકારી જાહેરાતના ઓન લાઈન ફોર્મ ભરવા માટે

**::::: સ્થળ :::::**
સહકારી ડેરી સામે, હાર્ટીમાર્ટ સામે,
મુ.પો. ઈલોલ (તલાવ), તા. હિંમતનગર.
જિ. સા.કાં.



**લગ્ન વિષયક**

**કન્યા જોઈએ છે**

૨૬ વર્ષના યુવક માટે યોગ્ય
કન્યા જોઈએ છે.

મોબાઈલ : ૯૭૨૨૨૨૮૪૪૦

# અલ ઈર્શાદ

:: લેખક ::
શેખ મુફીદ

## જંગે બદ્ર

(ગતાંકનું ચાલુ)

(અલી બિન હાશિમે મોહંમદ બિન અબ્દુલ્લાહ બિન અબી રાફેઅના હવાલાથી બતાવ્યું. તેમણે પોતાના બાપના હવાલાથી અને તેમણે પોતાના બાપ અબી રાફેઅના હવાલાથી કે જેઓ રસૂલિલ્લાહ (સ.)ના ગુલામ હતા. તેમણે બતાવ્યું કે તેઓ કહેતા હતા :)

'જ્યારે સવારે લોકો જાગ્યા કે જે દિવસે જંગે બદ્ર થનાર હતી તો કુરૈશે સફોની ગોઠવણી કરી. લશ્કરના વચલા ભાગમાં સૌથી આગળ ઉત્બા બિન રબીઆ, તેનો ભાઈ શયબા અને તેનો બેટો વલીદ હતો. ઉત્બાએ ઊંચા અવાજમાં રસૂલે ખુદા (સ.)ને સંબોધીને કહ્યું,

'મોહંમદ ! અમારા મુકાબલા માટે એવા લોકોને મોકલો કે જેમના મરતબાઓ કુરૈશની બરાબરના હોય.' તેના જવાબમાં અન્સારના ત્રણ જવાન આગળ વધ્યા જેથી તેમની સાથે જંગ કરે. તેમને સવાલ પૂછવામાં આવ્યો કે 'તમે લોકો કોણ છો ?' એ ત્રણેયે પોતાના શજરા બતાવ્યા. ઉત્બાએ તેમને કહ્યું, અમે એક એક જણ તમારા એ લોકો સાથે જંગ કરવા આવ્યા છીએ કે જેમનો સંબંધ કુરૈશના કબીલા સાથે હોય.' આટલું સાંભળીને રસૂલે ખુદા (સ.)એ અન્સારોને હુકમ કર્યો કે પોતાની જગ્યાએ પાછા જાઓ. વધુમાં આપે એવું કહ્યું કે અલી ! તમે જાઓ, હમ્ઝા ! જાઓ, ઉબૈદા ! જાઓ અને રાહે હકમાં જિહાદ કરો, કે જેના માટે અલ્લાહે પોતાના રસૂલ (સ.)ને મોકલ્યા છે. આ લોકો જૂઠ અને ગુમરાહીથી અલ્લાહના નૂરને ઓલવી નાખવા માગે છે.'

એ ત્રણેય ગયા અને તે(મુશરિકો)ઓની સામે સફમાં ગોઠવાઈ ગયા. એ ત્રણેય ઝિરહ અને બખ્તર પહેરેલા હતા એટલા માટે તેમને ઓળખવા મુશ્કેલ હતા. તેમને જોઈને ઉત્બાએ કહ્યું, 'મને બતાવો કે તમે દરજ્જામાં અમારી બરોબરી કરો એવા છો ખરા ? ત્યારે જ અમે તમારી સાથે જંગ કરીશું.'

હમ્ઝાએ (આ મુજબ) રજઝ પઢયા, 'હું હમ્ઝા બિન અબ્દુલ મુત્તલિબ છું. મારો લકબ અસદુલ્લાહ છે. મારો લકબ અસદે રસૂલ (સ.) પણ છે.' (ખુદાના દુરૂદો સલામ થાય.)

ઉત્બાએ કહ્યું, 'શરાફત (ભદ્રતા)ની બાબતમાં તમે અમારા બરોબરીયા છો.'

અમીરુલ મોમિનીન (અ.)એ પોતાનો પરિચય આપ્યો, 'હું અલી ઈબ્ને અબીતાલિબ બિન અબ્દુલ મુત્તલિબ છું.'

ઉબૈદાએ કહ્યું, 'હું ઉબૈદા બિન હારિસ બિન અબ્દુલ મુત્તલિબ છું.'

ત્યારે ઉત્બાએ પોતાના બેટા વલીદને કહ્યું,

'વલીદ તમે જાઓ.'

એ જ વખતે અમીરુલ મોમિનીન (અ.) આગળ વધ્યા અને તેનો મુકાબલો કર્યો. આ જંગમાં આ બન્ને જણ ઉંમરમાં સૌથી નાના હતા. બન્નેની વચ્ચે તલવારો ચાલવા લાગી. એક ઝર્બ વલીદે લગાવી જેનો બચાવ અમીરુલ મોમિનીન (અ.)એ કરી લીધો અને તે વાર ખાલી ગયો. જવાબમાં એક વાર અમીરુલ મોમિનીન (અ.)એ કર્યો જેના લીધે વલીદનો જમણો હાથ નીચે સુધી કપાઈ જઈને અલગ થઈ ગયો. રિવાયતોમાં છે કે તેઓ (અમીરુલ મોમિનીન (અ.)) પોતે જ બદ્રના જંગની પરિસ્થિતિ અને વલીદના કતલની બાબતમાં બતાવતા હતા. ઘણી વાર વાતવાતમાં આપ


Shokatbhai - 9428384286 M:(Shop) 9722901460
Faizahemad - 9714764194

Dashawadawala
APANA
CUTLERY STORE

Wholesaler of : Cutlery, Hosiery, Toy's Item etc.

E-15, Mahavir Complex, Nr. Yes Hospital
Valiya Chowkdi, G.I.D.C., Ankleshwar - 393 002


એવું કહ્યા કરતા હતા :

'મને એવું લાગ્યું કે જાણે તેના જમણા હાથની અંગૂઠીની ચમકને હું જોઈ રહ્યો છું. ત્યારે મેં તેના ઉપર એક બીજી ઝર્બ લગાવી કે જેને તે સહન કરી ન શકયો અને ઘોડા ઉપરથી પડી ગયો અને તેને મેં હલાક કરી દીધો. મેં જોયું કે તેના શરીર પર પીળા રંગનો પોષાક હતો અને મને એહસાસ થઈ ગયો કે તેની શાદી થોડા સમય પહેલાં જ થયેલી છે.'

ઉત્બા હમ્ઝા (રઝી.)ની તરફ ઝડપથી આગળ વધ્યો અને આંખોનો પલકારો ય થયો ન હતો કે હમ્ઝા (રઝી.)એ તેને હલાક કરી નાખ્યો. ઉબૈદા સૌથી વધારે ઉંમરવાળા માણસ હતા. તેઓ શૈબાની તરફ આગળ વધ્યા. બન્ને વચ્ચે તલવારો ચાલવા લાગી. શયબાની ધારદાર તલવારથી ઉબૈદાનો ઘૂંટણ કપાઈ ગયો. એ જ વખતે અમીરુલ મોમિનીન (અ.) અને અમીર હમ્ઝા (રઝી.)એ આગળ વધીને તેમને શયબાના હાથોથી બચાવી લીધા. શયબાને કતલ કરી દેવામાં આવ્યો. આ બન્ને જણ ઉબૈદાને ઉઠાવીને લઈ ગયા પરંતુ પાછળથી તેઓ સુફરાના મકામ પર ફોત થઈ ગયા.

હિંદા જોકે ઉતબાની બેટી હતી, તેણે એક મરસિયો ઉતબા, શયબા અને વલીદના સોગમાં કહ્યો કે જેના અશઆર આ મુજબ છે: (ભાવાર્થ)

❊ અય મારી આંખો ! ખૂબ આંસુ વહાવો. તે પાછળ નથી હટયો ખંદકના બેહતર શખ્સથી.

❊ તેના એક સમુદાયે અને બનૂ હાશિમ

અને બનૂ મુત્તલિબે તેને સુબ્હના વખતે બોલાવ્યો હતો.

❊ તે લોકોએ પોતાની તલવારોની મજા તેને ચખાડી. તેમણે તેને ઊઘાડો કર્યો જ્યારે કે તે હલાક થઇ ચૂક્યો હતો.

(અબુલ હસન બિન હમીદે બયાન કર્યું છે કે અબૂ ઉસ્માને અમને બતાવ્યું. અબૂ ઈસ્માઈલ ઉમૈર બિન બક્કારે અમને જાબિરના હવાલાથી કહ્યું, તેમણે અબૂ જાફર (રઝી.)ના હવાલાથી બતાવ્યું કે તેઓ કહેતા હતા કે)

'અમીરુલ મોમિનીન (અ.)એ કહ્યું કે હું લોકોની બહાદુરી જોઇને આશ્ચર્યચકિત થઇ ગયો કે જેઓ બદ્રની જંગમાં હતા. મેં વલીદને હલાક કર્યો હતો. હમ્ઝાએ ઉતબાને મારી નાખ્યો હતો અને અમે બન્નેએ ભેગા થઇને શયબાને ખતમ કરી નાખ્યો હતો. ત્યાર પછી હંઝલા બિન અબી સુફિયાન મારી રૂબરૂમાં આવ્યો. જ્યારે તે મારી નજીક આવી ગયો તો મેં મારી તલવારથી ભરપૂર વાર કર્યો અને જ્યારે તે જખ્મને સહન ન કરી શક્યો અને જમીન પર પડી ગયો તો તેની આંખોથી આંસુ વહી રહ્યાં હતાં અને જલ્દીથી તેણે દમ તોડી દીધો.'

(અબુબક્ર હઝલીએ ઝહરીના હવાલાથી બતાવ્યું અને તેમણે સાલેહ બિન કૈસાનના હવાલાથી બતાવ્યું કે તેમણે કહ્યું હતું કે)

'ઉસ્માન બિન ઉફાન એક વખત શઈદ બિન આસની પાસે આવ્યા અને કહેવા લાગ્યા, 'અમારી સાથે અમીરુલ મોમિનીન ઉમર બિન ખત્તાબની પાસે ચાલો જેથી અમે તેમની સાથે વાતો કરીએ.' તે બન્ને જાણ ગયા.

સઈદનું બયાન છે કે જ્યાં સુધી ઉસમાનનો સંબંધ હતો ત્યાં સુધી તેઓ ક્યાંય પણ જઇને બેસી શકતા હતા પરંતુ મને તો આમ લોકોની સાથે બેસવાનું હતું. ઉમરે મને જોયો અને બોલ્યા, હું સમજું છું ત્યાં સુધી તમે મારી સાથે અદાવત રાખો છો. શું તમે એવું વિચારી રહ્યા છો કે શું મેં તમારા બાપને હલાક કર્યા હતા? ખુદાની કસમ, અગર હું તેમનો કાતિલ હોત અને મેં જ તેમને કતલ કર્યા હોત તો મુશરિકને કતલ કરવામાં મને કોઇ પણ પ્રકારનો વાંધો ન હોત. એક દિવસ બદ્રમાં જ્યારે હું તેમની નજીકથી પસાર થયો અને મેં જોયું કે તે લડવાની શોધમાં છે બિલકુલ એવી રીતે કે જેવી રીતે કોઇ સાંઢ પોતાની જોડી શોધતો હોય છે. તેના જડબામાંથી ફીણ વહી રહ્યું હતું તે બિલકુલ ગરોળીની માફક હતો. જ્યારે મેં તેને જોયો તો હું ડરી ગયો અને તેનાથી દૂર ખસી ગયો. તેણે મને સવાલ કર્યો, 'તમે ક્યાં જઇ રહ્યા છો, ઈબ્ને ખત્તાબ ? ત્યારે અલી (અ.) તેની તરફ ઝપટયા અને તેને પકડી લીધો. ખુદાની કસમ, હું મારી જગ્યાએથી ન ખસ્યો એટલે સુધી કે જ્યાં સુધી અલી (અ.)એ તેને કતલ ન કરી દીધો.'

જ્યારે ઉમર આ વાતનું વર્ણન કરી રહ્યા હતા ત્યારે અલી (અ.) આ મજલિસમાં મોજૂદ હતા. તેમણે પૂછ્યું, અલ્લાહ ! તું જ ગુનાહોને માફ કરવાવાળો છે. બુતપરસ્તી અને તેની વબાઓનો ખાત્મો થઇ ચૂક્યો છે. ઈસ્લામે એ બધી જ બિદ્અતોને ખતમ કરી દીધી છે કે જે

પહેલાં મોજૂદ હતી. આપ આ બધું શા માટે બયાન કરી રહ્યા છો ? શું આપ લોકોને મારા વિરૂધ્ધ ભડકાવી રહ્યા છો ?' આ સાંભળીને ઉમર ચાલ્યા ગયા.

પાછળથી સઅદે કહ્યું કે 'મને અત્યંત ખુશી છે (કે મારા બાપને કતલ કરી દેવામાં આવ્યા) અને તેમને અલી બિન અબીતાલિબે કતલ કર્યા હતા.' લોકોએ આ પ્રસંગને બીજી રીતે પણ બયાન કર્યો છે. (ક્રમશઃ)

**ઈસ્લામી કવીઝ નં. ૨૨૪ના જવાબો**

(૧) હું આગમાંથી બનેલો છું અને આદમ માટીમાંથી આગ માટીથી અફઝલ છે. (૨) હઝરત અબૂઝર ગફ્ફારી (રઝી.)ના (૩) બાબા હસન (અ.)ના તાવિઝથી (૪) કુર્બતન ઈલલ્લાહ (૫) દાવૂદ


**રહેમત સેલ્સ**

અમદાવાદ સીટી, રીંગ રોડ, સાણંદ, રાજસ્થાન એરીયા તેમજ મહેસાણા જિલ્લાના ગામોમાં જમીન લે-વેચ માટે તથા મકાનના પ્લોટ તથા ફ્લેટ બુકીંગ માટે મળો.

નોંધ : હોટલ માટે જમીન તથા ચાલુ હાલતમાં હોટલ આપવા-લેવા માટે મળો.

**અબ્બાસઅલી એન. હીરા(બાદરપુરવાળા)**
મોબાઈલ : ૯૯૦૪૧૫૧૧૪૭

અસ્સલામો અલયકુમ

આથી હોટલ અને રેસ્ટોરન્ટના પાન પાર્લર ચલાવતા તમામ ભાઈઓને જણાવતાં આનંદ અનુભવીએ છીએ કે સતત બે વર્ષથી આપ સૌનો સાથ સહકાર અમોને મળી રહ્યો છે તે બદલ આપ સૌનો દિલોજાનથી ખૂબ ખૂબ આભાર. આવનાર વર્ષોમાં પણ આપનો સહકાર મળતો રહેશે એવી અપેક્ષા રાખીએ છીએ.

ભાવ બાબતે અમારી સાથે મુક્તપણે ચર્ચા કરી શકો છો.

અમારો હેતુ સમાજના હિતમાં રહ્યો છે અને રહેશે.

**યાદગાર હોજીયરી** મો.૯૦૩૩૧૨૭૪૪૦

**સહયોગ ફૂટવેર** મો.૭૮૭૪૮૮૪૬૫૭

**વાઘરોલવાળા**

**જુમ્આ મસ્જિદની સામે, બગડીયા માર્કેટ, પહેલા માળે,**
**સન્માન રેસ્ટોરન્ટની બાજુમાં, ગાંધી રોડ, અમદાવાદ-૩૮૦૦૦૧**

## જ્ઞાન ગોષ્ઠિ

: સંપાદક :

'મોમિન રત્ન'

### ઈસ્લામી શિષ્ટાચાર

### મસ્જિદોની ફઝીલત અને હુરમત

ખાલિદ બિન માદકલાન્સીએ હઝરત ઈમામ જાફર સાદિક (અ.)થી રિવાયત કરી છે કે આપ(અ.)એ ફરમાવ્યું કે મકકા અલ્લાહનું હરમ અને તેના રસૂલ(સ.)નું હરમ અને અલી બિન અબીતાલિબ(અ.)નું હરમ છે. તેમાં નમાઝ પઢવી એક લાખ નમાઝો બરાબર છે અને તેમાં એક દિરહમ (ની ખેરાત) એક લાખ દિરહમના બરાબર છે.

અને મદીના અલ્લાહ તઆલાનું હરમ અને તેના રસૂલ(સ.)નું હરમ અને હઝરત અલી બિન અબીતાલિબ(અ.)નું હરમ છે. તેમાં નમાઝ પઢવી દસ હજાર નમાઝોના બરાબર છે. અને તેમાં એક દિરહમ દસ હજાર દિરહમ બરાબર છે. અને કુફા અલ્લાહનું હરમ અને તેના રસૂલ(સ.)નું હરમ અને હઝરત અલી ઈબ્ને અબીતાલિબ(અ.)નું હરમ છે. તેમાં નમાઝ પઢવી એક હજાર નમાઝો બરાબર છે પરંતુ દિરહમની બાબતમાં આપ ખામોશ રહ્યા. (૬૮૦)

અને અબૂ હમ્ઝા શિમાલીએ હઝરત ઈમામ મોહંમદ બાકિર(અ.)થી રિવાયત કરી કે આપ(અ.)એ ફરમાવ્યું કે જે માણસ મસ્જિદુલ હરામ (કા'બા)માં પોતાની એક ફર્ઝ નમાઝ પઢશે તો અલ્લાહ તઆલા તેની એ સઘળી નમાઝો કે જ્યારથી તે વાજિબ થઈ હતી, તે બધી કબૂલ કરશે, વળી એ સઘળી નમાઝો પણ કે જે બંદો મરતાં દમ સુધી પઢશે, તે પણ કબૂલ કરશે. (૬૮૧)

રસૂલુલ્લાહ(સ.)એ ફરમાવ્યું કે મારી મસ્જિદમાં નમાઝ બીજી મસ્જિદોમાં એક હજાર નમાઝો જેટલી છે સિવાય મસ્જિદુલ હરામના કેમકે મસ્જિદુલ હરામમાં એક નમાઝ મારી મસ્જિદમાં (પઢેલી) એક હજાર નમાઝો બરાબર છે. (૬૮૨)

હઝરત ઈમામ મોહંમદ બાકિર(અ.)એ અબૂ હમ્ઝા શિમાલીને ઈરશાદ ફરમાવ્યો કે મસ્જિદો ચાર છે : મસ્જિદે હરામ, મસ્જિદે રસૂલ, મસ્જિદે બયતુલ મુકદ્દસ અને મસ્જિદે કુફા. અને અય અબૂ હમ્ઝા ! તેમાં નમાઝે ફરીઝા પઢવી એક હજના બરાબર અને નમાઝે નાફેલા પઢવી એક ઉમરાના બરાબર છે. (૬૮૪)

રસૂલિલ્લાહ(સ.)એ ફરમાવ્યું કે જે માણસ મારી મસ્જિદે કુબામાં આવીને બે રકાત નમાઝ પઢશે તો તે ઉમરા માટે ફરીથી પાછો આવશે. (૬૮૬)

અબૂ બશીરનું બયાન છે કે મેં હઝરત ઈમામ જાફર સાદિક(અ.)ને એવું ફરમાવતા સાંભળ્યા છે કે આપ(અ.) ફરમાવતા હતા કે મસ્જિદે કુફા પણ કેવી સરસ મસ્જિદ છે કે જેમાં એક હજાર અંબિયાએ અને એક હજાર

અવસિયાએ નમાઝ પઢી છે. તેમાંથી તન્નૂર ઉભરાયો, તેમાં કશ્તી બનાવવામાં આવી. તેની જમણી બાજુએ અલ્લાહ તઆલાની રઝા છે. તેનું વુસ્ત (વચલો ભાગ) જન્નતના બાગોમાંથી એક બાગ છે. તેની ડાબી બાજુએ મક્રોફરેબ છે અર્થાત્ શયતાનોનાં મકાનો છે. (૬૯૩)

અસ્બગ બિન નબાતાથી રિવાયત કરવામાં આવી છે કે તેમણે બયાન કર્યું કે એક દિવસ અમે લોકો મસ્જિદે કુફામાં અમીરુલ મોમિનીન(અ.) ના ફરતાં હાજર હતા કે આપ(અ.)એ ફરમાવ્યું, અય કુફાવાસીઓ ! તમને લોકોને અલ્લાહ તઆલાએ એવો ફઝલ અને શરફ અર્પણ કર્યો છે કે એવો ફઝલ અને શરફ કોઈને અર્પણ કર્યો નથી. તમારો મુસલ્લો આદમ(અ.)નું ઘર, નૂહ(અ.)નું ઘર, ઈદરીસ(અ.)નું ઘર અને ઈબ્રાહીમ(અ.)નો મુસલ્લો, ખિઝર બિરાદર(અ.)નો મુસલ્લો અને મારો મુસલ્લો છે. અને તમારી આ મસ્જિદ એ ચાર મસ્જિદોમાંથી છે કે જેમને અલ્લાહ તઆલાએ ત્યાંના રહેવાસીઓ માટે ચૂંટી કાઢેલ છે. અને જાણે કે હું જોઈ રહ્યો છું કે કયામતના દિવસે એમને (એટલે કે મસ્જિદોને) લાવવામાં આવશે બે સફેદ કપડાંમાં જેવી રીતે કોઈ માણસ અહેરામના કપડાંમાં હોય અને તે અહીંના લોકોની અને જેણે તેમાં નમાઝ પઢી છે તેની શફાઅત કરશે અને તેની શફાઅતને રદ નહીં કરવામાં આવે અને કોઈ વધારે દિવસો પસાર નહીં થાય કે તેમાં હજરે અસ્વદ નસ્બ કરવામાં આવશે અને એક જમાનો એવો આવશે કે મારી આ ઓલાદમાંથી (ઈમામ) મહદી(અ.)નો મુસલ્લો અને દરેક મોમિનોનો મુસલ્લો હશે. અને જમીનની સપાટી ઉપર કોઈ મોમિન એવો નહીં હોય કે જેનું દિલ તેના તરફ આકર્ષિત ન થાય. તેથી એને છોડી દેતા નહીં અને તેમાં નમાઝ પઢો જેથી અલ્લાહ તઆલાની નિકટતા પ્રાપ્ત કરો અને પોતાની દિલી મુરાદો પૂરી કરવા માટે અહીં આવો. જો લોકો એ જાણી લે કે આ મસ્જિદમાં શું બરકતો છે તો, જો કદાચ તેમને બરફ ઉપર કલાકો સુધી ચાલતા આવવું પડે તો પણ, જમીનની ચારેય બાજુએથી અહીં આવશે. (૬૯૬)

અને મસ્જિદે સહ્લાની બાબતમાં હઝરત ઈમામ જાફર સાદિક(અ.)એ ઈરશાદ ફરમાવ્યો છે કે અગર મારા કાકા ઝૈદે આ મસ્જિદમાં પનાહ લીધી હોત તો અલ્લાહ તઆલા તેમને એક વર્ષ સુધી પનાહ આપત. આ હઝરત ઈદરીસ(અ.)ના મકાનની જગ્યા છે કે જેમાં તેઓ خی طی (દરજીકામ) કર્યા કરતા હતા અને આ એ જગ્યા છે કે જ્યાંથી હઝરત ઈબ્રાહીમ(અ.)

**ઇશ્ક પર જોર નહી અય 'ગાલિબ',**
**યે વો આતિશ હૈ કે લગાએ ન લગે.** - ગાલિબ

(ઈશ્ક ઉપર આપણું કંઈ જોર ચાલતું નથી. તે આગ એવી છે કે જે લગાડવાથી લાગતી નથી, આપમેળે જ લાગે છે અને એક વખત લાગી ગઈ તો પછી બુઝાતી નથી.)

આમિલ તરીકેના કાર્ય માટે નીકળ્યા હતા અને આ એ જગ્યા છે કે જ્યાંથી હઝરત દાવૂદ(અ.) જાલૂત સાથે જંગ કરવા માટે નીકળ્યા હતા. તેના નીચે લીલા પથ્થરોની એક ચટ્ટાન છે કે જેની અંદર દરેક નબીની સૂરત અને શકલ બનેલી છે કે જેને અલ્લાહ તઆલાએ પેદા કરેલ છે અને દરેક નબીની તીનત (طينت) (સ્વભાવ) આની નીચેથી લેવામાં આવેલ છે અને આ એક રાકિબ (ઘોડે સવાર)ની જગ્યા છે. તો આપને પૂછવામાં આવ્યું, કે રાકિબ કોણ? ફરમાવ્યું કે તે ખિઝર(અ.) છે અને મસ્જિદે બરાસા કે જે બગદાદની અંદર છે તો તેની અંદર અમીરુલ મોમિનીન(અ.)એ એ વખતે નમાઝ પઢી હતી કે જયારે આપ નહેરવાનના લોકો સાથે જંગ કર્યા પછી પાછા આવી રહ્યા હતા. (૬૯૭)

જાબિર ઈબ્ને અબ્દુલ્લાહ અન્સારીથી રિવાયત કરવામાં આવી છે કે તેમણે બયાન કર્યું કે હઝરત અલી(અ.)એ ખવારિઝ સાથે જંગ કર્યો પછી પાછા આવતાં અમારા લોકો સાથે નમાઝ પઢી અને અમારા લોકોની સંખ્યા એ વખતે એક લાખ હતી તો એક નસરાની પોતાના દેવળમાંથી (મઠમાંથી) નીચે ઊતર્યો અને પૂછ્યું કે આ ફોજનો સરદાર કોણ છે ? અમે લોકોએ કહ્યુ કે આ અમારા સરદાર છે તો તે હઝરત અલી(અ.)ની પાસે ગયો અને સલામ કરીને બોલ્યો, અય અમારા સૈયદ અને આકા ! શું આપ નબી છો ? આપ(અ.)એ ફરમાવ્યું, ના, પરંતુ નબી મારા સૈયદ અને આકા હતા કે જે વફાત પામી ચૂકયા છે. નસરાનીએ કહ્યું, તો પછી આપ નબીના વસી છો ? આપ(અ.) એ ફરમાવ્યું, હા. ત્યાર પછી ફરમાવ્યું, સારું, બેસો. તમે આ સવાલ શા માટે કર્યો ? તેણે કહ્યું કે મેં આ સૌમિઆ (ખ્રિસ્તી દેવળ) આ જગ્યાએ બનાવ્યો જ છે બરાસાની જગ્યા માટે કેમકે મેં અલ્લાહ તરફથી નાઝિલ કરવામાં આવેલ કિતાબોમાં વાંચ્યું હતું કે આ જગ્યાએ આટલી મોટી સંખ્યામાં એ જ નમાઝ પઢાવશે કે જે નબી હશે કે નબીનો વસી હશે અને હું ઈસ્લામ કબૂલ કરવા માટે આવ્યો છું. ત્યાર પછી તે અમારા લોકોની સાથે કુફા આવ્યો અને હઝરત અલી(અ.)એ તેને પૂછ્યું, અહીં કોણે

## નુસ્ખા

### બાળ રોગો

(ગતાંકનું ચાલુ)

* એક ચમચી પાલખની ભાજીનો રસ મધમાં મેળવી રોજ પાવાથી સુકલકડી બાળકો શકિતશાળી બને છે.
* પાકા ટામેટાનો તાજો રસ નાના બાળકોને દિવસમાં બે–ત્રણ વાર પાવાથી બાળકો નિરોગી અને બળવાન બને છે.
* બાળકોને તલ ખવડાવવાથી બાળકો રાત્રે ઉંઘમાં પેશાબ કરતા હોય તો અટકે છે અને શરીર પુષ્ટ બને છે.
* તુલસીના પાનનો રસ પાંચથી દસ ટીપાં પાણીમાં નાખીને રોજ પીવડાવવાથી બાળકના સ્નાયુઓ અને હાડકાં મજબૂત બને છે અને બાળક જલ્દી ચાલતાં શીખે છે. (ક્રમશઃ)

નમાઝ પઢી છે ? તેણે જવાબ આપ્યો, અહીં હઝરત ઈસા બિન મરયમ અને તેમની માદરે ગિરામીએ નમાઝ પઢી છે. હઝરત અલી(અ.)એ તેને કહ્યું, પરંતુ શું હું પણ તમને બતાવું કે અહીં કોણે નમાઝ પઢી છે ? તેણે કહ્યું, જી હા. આપે ફરમાવ્યું, હઝરત ઈબ્રાહીમ ખલીલુલ્લાહ(અ.) એ. (૬૯૮)

હઝરત ઈમામ જાફર સાદિક(અ.)એ ઈરશાદ ફરમાવ્યો કે જે માણસ મસ્જિદમાં ખોંખારો ખાય અને કફને (થૂંકે નહીં પરંતુ) પોતાના પેટમાં ઉતારી દે તો તે કફ જે રોગમાં થઈને પસાર થશે તેને સારો કરી દેશે. (૬૯૯)

અને રસૂલિલ્લાહ(સ.)એ ઈરશાદ ફરમાવ્યો કે જે માણસ પંજશુંબા (ગુરૂવારે) અને શબે જુમ્આ મસ્જિદમાં વાસિદું વાળશે (કચરો સાફ કરશે) તો તેનાથી જે માટી નીકળે તે તેની આંખમાં પડશે તો અલ્લાહ તઆલા તેને બક્ષી દેશે. (૭૦૦)

હઝરત ઈમામ જાફર સાદિક(અ.)એ ઈરશાદ ફરમાવ્યો કે જે માણસ મસ્જિદ જવાના ઈરાદાથી નીકળે તો તેના બન્ને કદમ જે સૂકી ભીની વસ્તુઓ પર પડશે તેની નીચે જમીનના સાતેય તબક અલ્લાહની તસ્બીહ પઢશે. (૭૦૧)

હઝરત અલી(અ.)એ ફરમાવ્યું કે બયતુલ મુકદ્દસમાં એક નમાઝ હજાર નમાઝોના બરાબર છે અને મસ્જિદે આ'ઝમ (મસ્જિદુલ હરામ) માં એક નમાઝ એક લાખ નમાઝોના બરાબર છે અને કબીલાની મસ્જિદમાં એક નમાઝ પચ્ચીસ નમાઝોના બરાબર છે અને બજારની મસ્જિદમાં એક નમાઝ બાર નમાઝો બરાબર છે અને કોઈ માણસનું પોતાના ઘરમાં નમાઝ પઢવું એક જ નમાઝ બરાબર છે. (૭૦૨)

એક વખત રસૂલલ્લાહ(સ.)ના કાનોમાં અવાજ આવ્યો કે કોઈ માણસ પોતાની ખોવાયેલી વસ્તુનું મસ્જિદમાં એલાન કરી રહ્યો છે તો આપ(સ.)એ લોકોને કહ્યું કે તેને કહી દો કે મસ્જિદ કોઈ બીજા હેતુ માટે બનાવવામાં આવી છે. (૭૧૪) (ક્રમશઃ)

## શબ્દ પરિચય

### અખ્લાક

**અખ્લાક** : (اخلاق) અખ્લાક 'ખુલ્ક' શબ્દનું બહુવચન છે. તેનો અર્થ થાય : (૧) ટેવ, આદત (૨) સ્વભાવ (૩) નીતિ કે સદાચાર, સંસ્કાર (૪) વર્તણૂંક, ચાલ ચલગત (૫) માણસાઈ, માનવતા, શિષ્ટાચાર. અખ્લાક શબ્દ ઉપરથી કેટલાક શબ્દ સમૂહ બને છે જેવા કે **અખ્લાકે આલિયા** જેના અર્થ થાય : (૧) સર્વોત્તમ શિષ્ટાચાર (૨) સત્વ ગુણ, સારો વ્યવહાર **અખ્લાકે ઝમીઆ** જેના અર્થ થાય: (૧) તમોગુણ (૨) ખરાબ વ્યવહાર, અશિષ્ટ વર્તન, દુરાચાર. **અખ્લાકે ફાઝિલા**ના અર્થ થાય : (૧) સારી ટેવ (૨) શિષ્ટાચાર **અખ્લાકે મુઆશરત** એટલે સામાજિક શિષ્ટાચાર **અખ્લાકે રદિય્યા** અખ્લાકે ઝમીઆ જેવો અર્થ બતાવે છે. **અખ્લાકે હસ્ના** એટલે કે (૧) સારી ટેવો, સુટેવો (૨) સદ્વર્તન, શિષ્ટાચાર

# આપણા ઘરની વાતો

● **બોસ્તાન–એ–તિફ્લાન (અંગ્રેજી માધ્યમ) સ્કૂલ, મેતાના ટ્રસ્ટીગણ, કારોબારી સભ્યો અને સ્ટાફગણ નવયુગ પ્રાથમિક શાળા, ઇલોલની મુલાકાતે :**

બોસ્તાન–એ–તિફ્લાન સ્કૂલ, મેતાના ટ્રસ્ટી ગણ, કારોબારી સભ્યો અને સ્ટાફ ગણે તા.૨૨–૭–૨૦૧૨ને શનિવારના રોજ ઈલોલ મુકામે ચાલતી નવયુગ પ્રાથમિક શાળાની મુલાકાત લીધી હતી. આ મુલાકાતના માધ્યમ મો.નૂરમહંમદ લોઢા(ઈલોલ પહાડીયા)નો આભાર માનીએ છીએ જે આ શાળાના ભૂતપૂર્વ શિક્ષક હતા. નવયુગ પ્રાથમિક શાળાના પ્રિન્સીપાલ મો.નૂરમોહંમદ વી. કાયલાએ શાળાના વર્ગ ખંડ, શિક્ષણની પધ્ધતિ અને સ્કૂલમાં ચાલતી વિવિધ પધ્ધતિઓ વિશે વિસ્તારપૂર્વક માહિતી આપી હતી. ત્યારબાદ બોસ્તાન–એ–તિફ્લાન અને નવયગ પ્રાથમિક શાળાના ટ્રસ્ટી ગણ, કારોબારી સભ્યો અને સ્ટાફ ગણની કોન્ફરન્સ યોજાઇ હતી જેમાં નવયુગ શાળાના મંડળના પ્રમુખ મો.અબ્બાસભાઈ વી. આગલોડીયાએ પોતાના મંડળની સ્થાપનાથી લઈને આજના વિશાળ સંકુલ બનાવવા સુધી જે કંઈ સંઘર્ષ કર્યો તેની માહિતી આપી હતી. સૌથી છેલ્લે મો.અબ્બાસઅલી મોટલાના ઘરે જમવાનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. આ મુલાકાતમાં અન્ય મોમિનોએ પણ સહકાર પૂરો પાડયો હતો જેમના અમે શુક્ર ગુઝાર છીએ. છેલ્લે ઘણા મોમિન ભાઈઓના ત્યાં મહેમાનનવાઝી કર્યા બાદ મેતા તરફ રવાના થયા હતા.

● **ઇકરા ફાઉન્ડેશન તરફથી ઇનામ વિતરણ :**

ઈકરા ફાઉન્ડેશન, હિંમતનગર તરફથી સાબરકાંઠા મુસ્લિમ સમાજમાંથી અભ્યાસ કરી રહેલ વિદ્યાર્થીઓ પાસેથી માહિતી મંગાવવામાં આવી હતી જેમાં શીઆહ જાફરી મશાયખી મોમિન જમાઅતના મો.ડો.મકબૂલઅલી તાલિબઅલી વિજાપુરા (જેઠીપુરા–હિંમતનગર) (M.D.), મો. રહમતફાતેમા હૈદરઅલી ખાણશીયા (હરીપુરા–હિંમતનગર) (B.C.A.) અને મો.મહેરફાતેમા મહંમદઅલી શેરસીયા (પહાડીયોલ કંપા) (S.S.C.)ને મેડલ આપી નવાજવામાં આવ્યા તે બદલ જાફરી આવાઝ(માસિક) તરફથી હાર્દિક અભિનંદન.

● **અભિનંદન :**



મકતબા જાફરીયા કેમ્પસમાં આવેલી આઇ.ટી.શેલીયા જાફરી બી.સી.એ. કોલેજના વિદ્યાર્થી મો.હસનઅલી નુરાભાઇ નાંદોલીયા(બાદરગઢ)એ ઉત્તર ગુજરાત હેમચંદ્રાચાર્ય યુનિવર્સિટીના ૨૪ (ચોવીસ)મા વાર્ષિક યુવક મહોત્સવમાં 'શીઘ્ર વકૃત્વ સ્પર્ધા'માં પ્રથમ ક્રમ પ્રાપ્ત કર્યો છે. સમગ્ર ઉત્તર ગુજરાતના મહેસાણા, પાટણ, સાબરકાંઠા અને બનાસકાંઠાની H.N.G.U. સંલગ્ન એવી

તમામ કોલેજોના વિધાર્થીઓઆ આ સ્પર્ધામાં ભાગ લીધો હતો. જાફરી આવાઝ (માસિક) તરફથી હાર્દિક અભિનંદન.



મો.નજરમહંમદ ફકીરમહંમદ નાગલપરા (કેસીમ્પા) આસી.પ્રોફેસર, હાજી ડી. વી. અઘારીયા જાફરી આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, સેદ્રાણાએ June-2012માં ઓલ ઈન્ડીયા લેવલે લેવાયેલ NET - National Eligibility Test - પરીક્ષા મેનેજમેન્ટ વિષયમાં ૬૬.૬૭% સાથે પાસ કરેલ છે. જાફરી આવાઝ(માસિક) તરફથી હાર્દિક અભિનંદન. --->

**● જાફરી કિડ્સ કેર (બોસ્તાને તિફ્લાન), કાટવાડના બાળકોનો પ્રવાસ :**

જાફરી કિડ્સ કેર, કાટવાડ (બોસ્તાને તિફ્લાન)ના બાળકો માટે તા. ૧૦/૧૦/૨૦૧૨ના રોજ કાટવાડ થી અમદાવાદનો પ્રવાસ યોજવામાં આવ્યો હતો જેમાં પીર સૈયદ ઝહીરહુસૈન બાવા (રહે.)નો રોઝો, પ્રાણીસંગ્રહાલય, બાલવાટીકા, રાઈડ્સ, ટ્રેન, બોટીંગની મજા માણી હતી. બાળકોને હોટલ રોયલ લેન્ડમાર્ક તરફથી વિના મૂલ્યે જમવાનું આપવામાં આવ્યું હતું. અલ્લાહ તઆલા હોટલ માલિકના ધંધામાં બરકત આપે.



**● ઇન્નાલિલ્લાહે..:**

બાદરપુર નિવાસી મર્હૂમ મો.તાહેરહુસૈન ગુલામમહંમદ કરમુલા મુ.તા.૩, માહે ઝિલકાદ–૧૪૩૩, તા.૨૦–૯–૨૦૧૨ને ગુરૂવારના રોજ ૨૩ વર્ષની વયે અલ્લાહ તઆલાની રહેમતે પહોંચ્યા છે. --->



<---ઈલોલ તલાવ નિવાસી મર્હૂમા મો.અમીનાબેન કાસમભાઈ દાંત્રેલિયા મુ.તા. ૨૫, ઝિલકાદ–૧૪૩૩, તા.૧૨–૧૦–૨૦૧૨ને શુક્રવારના રોજ ૬૮ વર્ષની વયે અલ્લાહ તઆલાની રહેમતે પહોંચ્યાં છે.

અલ્લાહ તઆલા તમામ મર્હૂમીનને ગરીકે રહેમત કરે અને તેમના કુટુંબીજનોને સબ્રે જમીલ અતા ફરમાવે, આમીન.

## કુરાન અને ઇમામ હુસૈન (અ.)

કુરાનમાં અરબી હુરૂફ ચાર : ق કાફ ر રે ا અલિફ ن નૂન قران કુરાન

હુસૈનમાં પણ અરબી હુરૂફ ચાર : ح હય س સિન ی યાય ن નૂન حسین હુસૈન

★ ★ ★ ★ ★

અલ્લાહનું કલામ કુરાન કુરાને સામિત મૂંગું કુરાન કહેવાય છે. (mute)

ઈમામ હુસૈન (અ.)ને કુરાને નાતિક બોલતું કુરાન કહેવાય છે. (verbal)

# જાફરી આવાઝ(માસિક)ને મળેલ ડોનેશનની યાદી

રૂા.૫૧/- મો.ફિરોઝહુસૈન કાસિમભાઈ (કઠોર)તરફથી પીર સૈયદ મોહંમદ ઝહીરહુસૈન બાવા(રહે.) તથા મર્હૂમ કાસિમભાઈની રૂહના સવાબ અર્થે.

રૂા.૫૦૦/- મો.યૂસુફભાઈ નુરભાઈ મોમિન (નડીયાદ–અમદાવાદ) તરફથી તેઓ તેમના મહોરદાર સાથે ઉમરા હજ અને ઝિયારત કરીને વતન પરત આવ્યાં તેની ખુશાલી પ્રસંગે.

રૂા.૫૦૦/- મો.હસનઅબ્બાસ અલાદભાઈ મોમિન (નડીયાદ–અમદાવાદ)ને ગુજરાત હાઈકોર્ટ, સોલા રોડ, અમદાવાદમાં અંગ્રેજી સ્ટનો ગ્રેડ–IIમાં નોકરી મળી તેની ખુશાલી પ્રસંગે.

રૂા.૧૦૦/- મો. મહંમદઅલી ઈસ્માઈલ પટેલ (કડીવાલ) (સેવાણી–ચોટીલા) તરફથી જાફરી આવાઝને ઉત્તેજન અર્થે.

રૂા.૧૦૦૦/- બંદએ ખુદા તરફથી તેમના મા–બાપની રૂહના સવાબ અર્થે.

રૂા.૧૦૦/- મો. હસનઅલી ગુલામહુસૈન લકી (ધોળકા) તરફથી તેઓ હજ પઢવા ગયા તેની ખુશાલી પ્રસંગે.

રૂા.૧૦૦/- મો.સાજેદાફાતેમા, મો.ઔન અલી તથા મો.ઈમદાદઅલી (પીરોજપુરા)એ માહે રમઝાનુલ મુબારકના રોઝા રાખ્યા તેની ખુશાલી પ્રસંગે.

રૂા.૧૦૧/- મો.કામિયાબઅલી ગુલામમહંમદ સુણસરા (ખડીયાસણા) તરફથી માહે રમઝાનુલ મુબારકના રોઝા રાખ્યા તેની ખુશાલી પ્રસંગે.

રૂા.૧૦૦૦/- યુનિક ઓફસેટ (અમદાવાદ) તરફથી જાફરી આવાઝને ઉત્તેજન અર્થે.

મર્હૂમ મો.તાહેરહુસૈન ગુલામમહંમદ કરમુલા (બાદરપુર)ની રૂહના સવાબ અર્થે મળેલ ડોનેશન.

રૂા.૧૦૧/- મો.રેમબાઈ હબીબભાઈ કરમુલા
રૂા.૧૦૧/- મો.ગુલામમહંમદ હબીબભાઈ કરમુલા
રૂા.૧૦૧/- મો.ગુલામઅલી હબીબભાઈ કરમુલા
રૂા.૧૦૧/- મો.આબેદાબેન ગુલામમહંમદ કરમુલા
રૂા.૧૦૧/- મો.હસનઅલી ગુલામમહંમદ કરમુલા
રૂા.૧૦૧/- મો.સાકેરાબેન ગુલામમહંમદ કરમુલા
રૂા.૧૦૧/- મો.હબીબાબેન ગુલામઅલી કરમુલા
રૂા.૫૧/- મો.ખાદિમહુસૈન ગુલામઅલી કરમુલા
રૂા.૨૧/- મો.કુલસુમફાતેમા ગુલામઅલી કરમુલા
રૂા.૫૧/- મો.ગુલામઅબ્બાસ દાઉદભાઈ આગલોડીયા
રૂા.૫૧/- મો.સકીનાબેન ગુલામઅબ્બાસ આગલોડીયા
રૂા.૫૧/- મો.આબિદહુસૈન ગુલામઅબ્બાસ આગલોડીયા
રૂા.૨૧/- મો.કનીઝઝહેરા ગુલામઅબ્બાસ આગલોડીયા
રૂા.૨૧/- મો.આબેદાબેન આબિદઅલી ગોરા
રૂા.૨૧/- મો.સાજેદાબેન મંજુરઅલી મસી
રૂા.૫૧/- મો.કમાલભાઈ રસુલભાઈ જાવદી
રૂા.૫૧/- મો.અબ્બાસભાઈ નશીરભાઈ ડબા
રૂા.૫૧/- મો.ફિજ્જાબેન અબ્બાસભાઈ ડબા
રૂા.૫૧/- મો.કાસમઅલી અબ્બાસભાઈ ડબા
રૂા.૫૧/- મો.અકબરઅલી અબ્બાસભાઈ ડબા
રૂા.૫૧/- મો.હુસૈનાબેન સાવદીભાઈ શાહુ
રૂા.૨૧/- મો.રહેમતઅલી સાવદીભાઈ શાહુ

રૂા.૨૧/- મો.રૂબાબફાતમા સાવદીભાઈ શાહુ
રૂા.૨૧/- મો.સાબેરાબેન હસનઅલી શાબર
રૂા.૧૦૧/- મો.અહેમદઅલી ગુલામહુસૈન લોઢા
રૂા.૫૧/- મો.ઈબ્રાહીમભાઈ કરીમદભાઈ જાવદી
રૂા.૫૧/- મો.અમીનાબેન ઈબ્રાહીમભાઈ જાવદી
રૂા.૫૧/- મો.અકબરશાહ હબીબશાહ ફકીર
રૂા.૫૧/- મો.નજમાબેન અહેમદઅલી લોઢા
રૂા.૨૧/- મો.મહેમૂદહુસૈન અહેમદઅલી લોઢા
રૂા.૨૧/- મો.તાહિરઅલી અહેમદઅલી લોઢા
રૂા.૧૦૧/- મો.અકબરઅલી કાસમઅલી બાદરપુરા
રૂા.૧૦૧/- મો.ઝહીરઅબ્બાસ તાહિરઅલી વિજાપુરા

મર્હૂમ મો.અમીનાબેન કાસમભાઈ દાંત્રેલિયા (ઈલાલ–તલાવ)ની રૂહના સવાબ અર્થે મળેલ ડોનેશન.

રૂા.૨૦૧/- મો.મીકદાદઅલી કાસમભાઈ દાંત્રેલિયા
રૂા.૨૦૧/- મો.ગુલામહુસૈન કાસમભાઈ દાંત્રેલિયા
રૂા.૨૦૧/- મો.મંજૂરઅલી કાસમભાઈ દાંત્રેલિયા
રૂા.૧૦૦/- મો.ઝોહરાબેન મીકદાદઅલી દાંત્રેલિયા
રૂા.૧૦૦/- મો.ઝોહરાબેન મંજૂરઅલી દાંત્રેલિયા
રૂા.૧૦૦/- મો.આબેદાબેન ગુલામહુસૈન દાંત્રેલિયા
રૂા.૧૦૧/- આશિષ સ્ટીલ ફર્નિચર એન્ડ પાવડર કોટીંગ
રૂા.૧૦૦/- મો.ખાંનજીભાઈ ઈબ્રાહીમભાઈ દાંત્રેલિયા
રૂા.૧૦૦/- મો.વલીભાઈ ઈબ્રાહીમભાઈ દાંત્રેલિયા
રૂા.૧૦૦/- મો.દાઉદભાઈ ઈબ્રાહીમભાઈ દાંત્રેલિયા
રૂા.૧૦૦/- મો.અબ્બાસભાઈ ઈબ્રાહીમભાઈ દાંત્રેલિયા
રૂા.૧૦૧/- મો.નૂરઅલી શરીફભાઈ ભટ્ટ
રૂા.૧૦૧/- મો.રહમતબેન નૂરઅલી ભટ્ટ
રૂા.૫૧/- મો.આબેદાબેન માસૂમઅલી મોમિન
રૂા.૫૧/- મો.સાજેદાબેન ઝાકિરઅલી મોમિન
રૂા.૫૧/- મો.મંજૂરફાતેમા સાકિરઅલી ભોવણીયા
રૂા.૫૧/- મો.મંજૂરઅહેમદ નૂરઅલી ભટ્ટ
રૂા.૧૦૦/- મો.ગુલામમહંમદ વલીભાઈ ભુરા
રૂા.૧૦૦/- મો.ફિજ્જાબેન ગુલામમહંમદ ભુરા
રૂા.૧૦૦/- મો.શેરબાનુ ગુલામમહંમદ કોવડીયા
રૂા.૫૦/- મો.ઝયનબફાતમા ગુલામમહંમદ કોવડીયા
રૂા.૫૦/- મો.કુલસુમફાતમા ગુલામમહંમદ કોવડીયા
રૂા.૫૦/-મો.અહેમદઅબ્બાસ ગુલામમહંમદ કોવડીયા
રૂા.૧૦૦/- મો.કુલસુમબેન મુસ્તાકઅલી મોમિન
રૂા.૧૦૦/- મો.અબ્બાસભાઈ દાઉદભાઈ હોલ્ડા
રૂા.૧૦૦/- મો.ગુલામહુસૈન દાઉદભાઈ હોલ્ડા
રૂા.૧૦૦/- મો.કાઝીમઅલી દાઉદભાઈ હોલ્ડા
રૂા.૧૦૦/- મો.સકીનાબેન નશીરૂદ્દીન સાવદી
રૂા.૧૦૦/- મો.કુલસુમબેન મહેદીહુસૈન ભટ્ટા
રૂા.૧૪૦/- આશિષ સ્ટીલ ફેબ્રીકેશન–અમદા.

રૂા.૪૦૦૦/- બંદએ ખુદા તરફથી 'જાફરી આવાઝ' (માસિક)ને ઉત્તેજન અર્થે.

## સુધારો

મો.શબ્બીરઅલી મહંમદઅલી તથા તેમનાં મહોરદાર મો.આબેદાબેન શબ્બીરઅલી (ખાટાઆંબા) તરફથી જાફરી આવાઝ(માસિક)ને મળેલ ડોનેશન માહે ઓકટોબર–૨૦૧૨ના અંકમાં શરતચૂકથી છપાયેલ છે જે ડોનેશન માહે ઓગસ્ટ–૨૦૧૨ના અંકમાં છપાયા મુજબ વાંચવું. તેમજ માહે ઓકટોબર–૨૦૧૨ના અંકમાં મો.હસનઅબ્બાસ શબ્બીરઅલી સુથાર(ખાટાઆંબા)નો ફોટો તથા નામ 'નન્હે રોઝેદાર' વિભાગમાં શરતચૂકથી છપાયેલ છે. જે બદલ દરગુજર કરશો. –સહતંત્રી

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

**રબ્બે ઝિદ્‌ની ઈલ્મા વર્ઝુકની ફહ્‌મા.** رَبِّ زِدْنِیْ عِلْماً وَارْزُقْنِیْ فَهْماً

**અર્થ : અય મારા પાલનહાર ! મારું ઈલ્મ વધાર અને મને સમજદારીની રોઝી આપ.**



**સરપરસ્ત**

પીર સૈયદ મોહંમદ મુશાહિદહુસૈન બાવા સાહેબ(મદ્દે.) અને હાજરપીર સૈયદ મોહંમદ મુજાહિદહુસૈન બાવા સાહેબ(મદ્દે.)


**અખિલ ગુજરાત શીઆહ જાફરી મશાયખી મોમિન સમાજનું ગૌરવવંતુ સામયિક**

શીઆહ જાફરી મશાયખી વિકાસ મંડળનું મુખપત્ર

# જાફરી આવાઝ

વર્ષ : ૩૨ ❖ અંક : ૩ ❖ ૧૦, નવેમ્બર-૨૦૧૨

૨૪, ઝિલહજ, હિ.સન-૧૪૩૩ ❖ સળંગ અંક : ૩૭૫

**આદ્ય તંત્રી : મર્હૂમ 'દીપક' દાંત્રેલિયા**

**માનદ તંત્રી**

કાસમભાઈ વિજાપુરા (મોબા. : ૯૪૨૬૫ ૪૧૪૭૨)

સહતંત્રી : માસૂમ મહેરપુરી
મો.૯૬૮૭૬૭૯૫૧૩

વ્યવસ્થાપક : ઈબ્રાહીમ ડી. વાઘ
✆ ૨૨૭૨૯૬ મો.૯૪૨૮૬૪૬૪૭૬

સહ વ્યવ. : અકબરઅલી એ. મસી
મો.૯૮૨૫૪૯૭૧૭૮
અનવરઅલી એચ. મતિયા

મશાયખ કમ્પ્યૂટર : જાફરી આવાઝ ૯૯૨૫૭૩૦૧૦૭

**સલાહ અને માર્ગદર્શન**

મોલ્વી હાસમભાઈ વલીભાઈ ગાંધી(સિધ્ધપુર)

**મુખપૃષ્ઠ સજાવટ**

શબ્બીરઅલી ગુલામમહંમદ રેવાસીયા(જેઠીપુરા)

**કાર્યાલયનું સરનામુ**

'જાફરી આવાઝ'(માસિક)

મુ.પો. ઈલોલ, તા. હિંમતનગર, જિ. સાબરકાંઠા

પીન-૩૮૩ ૨૨૦. ફોન : ૦૨૭૭૨-૨૨૭૨૯૬

Website : www.jafariaawaz.com

Email : jafariaawaz@gmail.com

વાર્ષિક લવાજમ રૂા.૧૦૦/-

(મોહર્રમ માસથી જ ગ્રાહક થવાય છે.)


## લેખ સૂચિ


| | |
|---|---|
| ❊ ઊઘડતે પાને | ૦૧ |
| ❊ કુરઆન શિક્ષણ | ૦૭ |
| ❊ અહાદીસ | ૦૯ |
| ❊ ગડમથલ | ૧૦ |
| ❊ બલાગતુલ હુસૈન | ૧૧ |
| ❊ સુપરમેન ઈન ઈસ્લામ : હ.ઈમામ જાફર સાદિક(અ.) | ૧૫ |
| ❊ બ્લૉગ | ૧૯ |
| ❊ સલામ | ૨૧ |
| ❊ કમરનાં દર્દો વિષે | ૨૪ |
| ❊ નહજુલ અસરાર | ૨૫ |
| ❊ મશાયખવાણી | ૨૯ |
| ❊ ગૈર મુસ્લિમોએ હુસૈન(અ.)ને આપેલ શ્રધ્ધાંજલી | ૩૪ |
| ❊ નબવી અદાલત | ૩૫ |
| ❊ કુરઆને મજીદના સૂરાઓનો પરિચય | ૩૭ |
| ❊ સર્વશ્રેષ્ઠ સ્મરણ | ૩૯ |
| ❊ હિજાબ | ૪૧ |
| ❊ શેખ સાઅદીની શાયરીનો રસાસ્વાદ | ૪૫ |
| ❊ જાફરી પંચાંગ | ૪૭ |
| ❊ ખજૂર | ૪૮ |
| ❊ અલ ઈર્શાદ | ૫૧ |
| ❊ જ્ઞાનગોષ્ઠિ | ૫૫ |
| ❊ આપણા ઘરની વાતો | ૫૯ |
| ❊ 'જાફરી આવાઝ'ને મળેલ ડોનેશન | ૬૨ |


## ઊઘડતે પાને...

ઈમામ હુસૈન (અ.)ના એક જાંનિસાર.
હઝરત ઝુહૈર કૈન એમનું નામ.

આ ઝુહૈર કૈન એ જાંનિસાર છે કે જેમણે કરબલાના મેદાનમાં ઈમામ હુસૈન (અ.)ની મદદ કરી હતી અને પોતાના આકાના નામ પર પોતાને જીવ ફિદા કરી દઈને શહાદતનો જામ પી લીધો હતો. ઝુહૈર કૈન ઈમામ હુસૈન (અ.)

ના કાફલા સાથે કેવી રીતે જોડાયા તે જાણવા માટે ચાલો આપણે ઈતિહાસમાં એક ડોકિયું કરી લઈએ.

કિતાબ બિહારૂલ અન્વારમાં બહલીયાની જમાઅતથી મનકૂલ છે :

'અમે બધા ઝુહૈર કૈનની સોહબતમાં અલ્લાહના ઘરની હજ કરવા માટે ગયા. જ્યારે અમે ફારિગ થઈને ઝુહૈરની સાથે મક્કા મોઅઝ્ઝમાથી પાછા ફર્યા તો એ વખતે ઈમામ હુસૈન (અ.) આઠમી ઝિલહજના દિવસે મજબૂર થઈને મક્કાથી ઈરાક તરફ રવાના થઈ ચૂક્યા હતા. બનવાકાળ એક મંઝિલ પર અમે પહોંચ્યા તો ઈમામ આલી મકામ પણ ત્યાં રોકાયેલા હતા. અમારે આગળની સફરમાં લગભગ ઈમામ (અ.)ની સાથે ને સાથે જ ચાલવું પડ્યું પરંતુ અમને એવો ડર હતો કે ક્યાંક અમારા ઉપર ઈમામની સોહબત લાઝિમ ન થઈ જાય તેથી અમે અમારા ખૈમા ઈમામ (અ.) ના ખૈમાઓથી ખૂબ દૂર ઊભા કરતા હતા.

બનવાકાળ એક દિવસે અમે એવી મંઝિલ ઉપર પહોંચ્યા કે ઈમામ હુસૈન (અ.)ની નજીક ઉતરવા સિવાય બીજો કોઈ ઉપાય ન હતો. તેથી અમોએ પણ ઈમામ (અ.)ના મુકામની જગ્યાની પાસે જ અમારો ખૈમો ઊભો કર્યો. જ્યારે અમે અમારો સામાન ઉતારીને ખૈમામાં ભોજન જમવા માટે બેઠેલા જ હતા તેવામાં ઈમામ (અ.) તરફથી એક માણસ આવ્યો અને ઝુહૈર કૈનને કહેવા લાગ્યો,

'અય ઝુહૈર ! ઈમામ હુસૈન (અ.)એ તમને મળવા માટે બોલાવ્યા છે અને મને મોકલ્યો છે કે જેથી હું તમને મારી સાથે તેમની ખિદમતમાં લઈ જાઉં.'

આમ, અમને જે વાતનો ડર હતો તે જ બાબત થઈને રહી અને અમારા ઉપર એવી હાલત છવાયેલી હતી કે અમારા હાથમાંથી કોળિયા નીચે પડી ગયા અને અમે બધા સ્થિર અને મૂંગા થઈ ગયા જાણે કે અમારા માથાઓ પર પક્ષીઓ બેઠેલાં હોય અને જરાક જેટલી હરકત કરવાથી તેમના ઉડી જવાનો ભય હોય.

ઝુહૈરની ઝૌજાએ જ્યારે અમારી આવી હાલત જોઈ તો કહેવા લાગી,

'અય ઝુહૈર ! સુબ્હાનલ્લાહ ! નવાઈ જેવી વાત છે કે રસૂલે સકલૈનના નવાસા, કૌનૈનના શાહઝાદા ઈમામ હુસૈન (અ.)એ તમને પોતાની પાસે બોલાવ્યા છે અને તમે ખુશ અને આનંદિત થવાને બદલે પરેશાની અને હેરાની પ્રગટ કરી રહ્યા છો ? અગર તેઓ મારા જેવી કનીઝને મળવા બોલાવે તો હું ખુશીની સાથે તેમની ખિદમતમાં હાજર થઈ જાત અને આપ જે હુકમ કરે તે બજાવી લાવત.'

જ્યારે ઝુહૈરે પોતાની પાક અખ્લાકવાળી બીવીની આવી વાત સાંભળી તો ખૂબ જ લજ્જિત થયા. એ વખતે જ તેઓ કાસિદની સાથે ઈમામ (અ.)ની ખિદમતમાં હાજર થયા.

રાવી કહે છે કે જ્યારે ઝુહૈર ઈમામ (અ.)ની ખિદમતમાં હાજર થયા તો ઈમામ

(અ.)ની ઝિયારતથી તેમના ઉપર એવો રોબ અને જલાલ છવાઈ ગયો કે ભયથી તેમના હાથ–પગ ધ્રુજવા લાગ્યા અને ચહેરાનો રંગ પીળો પડી ગયો. ઈમામ (અ.)એ તેમને પરસ્પર મદદ અને સહાયતા કરવાની દાવત આપી તો તેમણે તરત જ કબૂલ કરી લીધી.

ત્યાર પછી ઈમામ (અ.)થી વિદાય લઈને પોતાના ખૈમામાં પહોંચ્યા તો અમે જોયું કે ઝુહૈર એટલા બધા ખુશખુશાલ હતા કે અમે આ પહેલાં તેમને આવી હાલતમાં કદી જોયા ન હતા. તેમના ચહેરામાંથી એક નૂર નીકળી રહ્યું હતું.

ઝુહૈરે ખૈમામાં પહોંચતાંની સાથે જ હુકમ કર્યો કે અત્યારે હાલ જ અહીંથી ખૈમા ઉઠાવો અને ઈમામે આલી મકામની જેમ બને તેમ નજીક ખૈમા ઊભા કરી દો અને બધો જ સામાન ઉઠાવીને ત્યાં લઈ ચાલો. જ્યારે ઝુહૈર પોતાનો ખૈમો ઉઠાવીને માલ સામાન લઈ જવા લાગ્યા તો અમને ફરમાવ્યું,

'તમારામાંથી જે માણસ પોતાની રજામંદીથી અને રાજીખુશીથી મારી સાથે આવવા માગતો હોય તે મારી સાથે ચાલે અને જે એવું ઈચ્છતો ન હોય તે અહીંથી વિદાય થાય અને પોતાના ઘેર પાછો ચાલ્યો જાય.'

ત્યાર પછી પોતાની ઝૌજાને કહ્યું,

'મેં તમને તલાક આપી દીધી. તમે તમારા સ્વજનો અને સંબંધીઓની સાથે જોડાઈ જાઓ. હું નથી ઈચ્છતો કે મારા કારણે તમારે કોઈ મુસીબતમાં સપડાઈ જવું પડે.'

વળી સઈદ ઈબ્ને તાઊસે નકલ કરી છે કે વિદાય વખતે ઝુહૈરે પોતાની ઝૌજાને કહ્યું,

'મારો ઈરાદો તો એવો છે કે હું હવે જીવું ત્યાં સુધી રસૂલ (સ.)ના નવાસાના કદમોથી જુદો ન થાઉં અને મારો જીવ તેમના ઉપર ફિદા કરી દઉં.'

ઝુહૈરે પોતાના પિત્રાઈ ભાઈઓમાંથી

**કોણ હુસૈન ?** શહીદે કરબલા, સૈયદુશ્શોહદા, સિબ્તે મોહંમદ મુસ્તફા (સ.), હુસૈન ઈબ્ને અલી (અ.) એવા નબુવ્વતના ઘરમાં પેદા થયા છે કે જ્યાં માનવતા પ્રકાશિત અને રોશન છે. અને જે ઘરનો સંબંધ ખુદાવંદે આલમની વહીના માધ્યમથી (અર્શે ઈલાહીના) આસમાન સાથે સંકળાયેલો છે.

અલી ઈબ્ને અબીતાલિબ (અ.) એવા બાપ કે જે માત્ર અરબસ્તાનના ઈતિહાસમાં જ નહીં પરંતુ માનવતાના ઈતિહાસમાં શુજાઅત અને જવાંમર્દીનું સરનામુ છે. અને ફાતેમા ઝહરા (અ.) બિન્તે મોહંમદ મુસ્તફા (સ.) એવી મા કે જે મોહંમદ (સ.)ની રૂહ અને રિસાલતના નૂરનો એક પ્રકાશિત ટુકડો છે. આવાં દ્રષ્ટાંતરૂપ મા–બાપના ઘરમાં એક બાળક પેદા થયું. આ બાળક કંઈ મામુલી બાળક ન હતું પરંતુ માવનતાને શ્રેષ્ઠતા અર્પણ કરવાવાળું અને વહી નાઝિલ થવાના ભાવાર્થનું પ્રાગટ્યસ્થાન હતું અને આ બાળક બીજું કોઈ નહીં, પરંતુ હુસૈન ઈબ્ને અલી (અ.).

એક જણને અમીન સમજીને ઘણા બધા માલ સામાનની અને પોતાની ઝૌજાની સોંપણી કરી કે તે તેણીને તેમની કોમ–કબીલામાં પહોંચાડી દે. તે ઓરત પોતાના શૌહરથી વિદાય થતી વખતે ખૂબ રડી અને કહેવા લાગી,

'અય ઝુહૈર ! મેં તમને ખુદાને હવાલે કર્યા. અલ્લાહ તઆલા તમારા ઈરાદામાં બરકત અતા ફરમાવે અને તમને જઝાએ ખૈરથી સન્માનિત કરે. હું તમારાથી એવી ઉમેદ રાખું છું કે કયામતના દિવસે તમે રસૂલે અઝીમ (સ.)ની હુઝૂરમાં મારી પણ શફાઅત કરજો.'

વળી આ બાબત પણ મશહૂર છે કે વિદાય વેળાએ એ પાક, ઈમાનદાર અને સદાચારી ઓરતે જનાબે ઝુહૈરને કહ્યું,

'અય ભાગ્યશાળી ! અજબ બાબત છે ને કે જેણે તમને આવા અમ્રે ખૈર (શુભ કાર્ય) કરવા માટે તૈયાર કર્યા તે પોતે જ એવા સદ્‌ભાગ્યથી વંચિત રહી. જો આપનો ઈરાદો જિંદગી સુધી ઈમામ હુસૈન (અ.)ના કદમોમાં રહેવાનો હોય તો હું પણ જનાબે ઝયનબ અને જનાબે કુલસુમની કનીઝ બનીને જિંદગીભર તેમની પવિત્ર ખિદમતમાં રહીશ.'

બસ ત્યાર પછી ઝુહૈર તે દિવસથી ઈમામે આલી મકામના સાનિધ્યમાં રહ્યા, મંઝિલો અને સમસ્યાઓનો સામનો કરતા રહ્યા એટલે સુધી કે મોહર્રમુલ હરામની બીજી તારીખે કરબલા પહોંચ્યા. ઉમર સઅદ લઈન પણ પોતાના લશ્કર સાથે ત્યાં આવી પહોંચ્યો. તે લઈને ઈમામે આલી મકામના જીવનકાળને એટલી હદ સુધી તંગ કરી દીધો કે કેટલાય દિવસો સુધી રિસાલતના બાગનાં પુષ્પો પાણી વગર તરસ્યાં રહ્યાં અને છેવટે વાત જંગ કરવા સુધી પહોંચી ગઈ. આશૂરાના દિવસે જ્યારે જંગ ચાલુ થયો તો ઈમામ (અ.)ના વફાદાર અસ્હાબમાંથી અબૂ તમામા સાએદી આપ(અ.)ની ખિદમતમાં હાજર થયા અને અરજ કરી,

'અય ફરઝંદે રસૂલ(સ.) ! હું આપના ઉપર કુરબાન થઈ જાઉં, ઝુલ્મો સિતમ કરવાની ઈચ્છાવાળુ લશ્કર હવે ખૂબ નજીક આવી ગયું છે અને જ્યાં સુધી આ ગુલામ જીવતો છે ત્યાં સુધી આપના ઉપર કોઈ તકલીફ આવવા નહીં દે એટલે સુધી કે હું મારો જીવ આપના ઉપર કુરબાન કરી દઈશ. હવે જો કે ઝોહરની નમાઝનો સમય નજીક આવ્યો છે તેથી મારી ઈચ્છા છે કે જિંદગીની આ આખરી નમાઝ પણ આપની સાથે જ પઢીને માઅબૂદે હકીકીની મુલાકાત કરું.'

આ સાંભળીને ઈમામ હુસૈન (અ.)એ પોતાનું સર મુબારક આસમાન તરફ બુલંદ કર્યું અને ફરમાવ્યું,

'અય અબૂ તમામા ! ખરેખર આ નમાઝે ઝોહરનો વકતે અવ્વલ (ફઝીલતનો સમય) છે. ખુદાવંદે તઆલા તમારી ગણતરી નમાઝ પઢનારાઓમાં કરે કેમકે તમે આવા મુસીબતના સમયમાં પણ નમાઝનો ઝિક્ર કર્યો છે.

અય અબૂ તમામા ! તમે જઈને એ જફાકારોને કહો કે અમને એટલી મોહલત આપે કે અમે નમાઝે ઝોહર અદા કરી શકીએ. અગર

આ મલઊનો મોહલત આપે તો જ શકય છે કે આપણે નમાઝે ઝોહર પઢી લઈએ.'

અબૂ તમામા ઈમામ (અ.)ના હુકમ પ્રમાણે દુશ્મનોના તે લશ્કરની પાસે પહોંચ્યા અને કહ્યું,

'રસૂલ (સ.)ના નવાસા તમારી આગળ નમાઝ પઢવાની મોહલત માગે છે. માત્ર એટલી વાર સુધી તો થંભી જાઓ કે તેઓ નમાઝે ઝોહર અદા કરી લે.'

પેલી તરફથી હસીન બિન નમીરે બૂમ પાડીને કહ્યું,

'અય અબૂ તમામા ! હુસૈન (અ.)ને કહો કે તમે નમાઝ પઢવા માટેની મોહલત નકામી માગો છો કેમકે તમારી નમાઝ તો બારગાહે ખુદામાં કબૂલ જ નહીં થાય.'

રિવાયતમાં છે કે એ નિરંકુશ દુશ્મનના આવા શબ્દો સાંભળીને હબીબ ઈબ્ને મઝાહિરે કોપાયમાન થઈને મોટા અવાજે ફરમાવ્યું,

'અય દુશ્મને ખુદા ! તારા ઉપર ખુદાની લાઅનત થાય. ખુદા તઆલા તને જલ્દીથી જહન્નમની આગમાં નાખી દે. તારી આ માન્યતા ખોટી છે કે ફરઝંદે રસૂલ હુસૈન (અ.)ની નમાઝ કબૂલ નહીં થાય અને તારા જેવા કાફિર, શરાબખોર, નાપાક કૂતરાની નમાઝ કબૂલ થશે.'

આટલું કહીને હબીબે તેની છાતી પર એવો નેઝો માર્યો કે તે દુશ્મન એ જ વખતે જહન્નમ વાસિલ થઈ ગયો.

ત્યાર પછી ઈમામ (અ.)એ જ્યારે જોયું કે આ મલઊનો કોઈ પણ રીતે નમાઝની મોહલત આપતા નથી તો ઝુહૈર બિન કૈન અને સઈદ બિન અબ્દુલ્લાહ હનફીને ફરમાવ્યું કે તમે બન્ને ભાગ્યશાળી માણસો મારી આગળ ઊભા થઈ જાઓ કે જેથી હું નમાઝ પઢી લઉં.'

એ બન્ને બુઝુર્ગવારો ખૂબ જ ખુશીથી અને આનંદથી ભેગા થઈને આપની આગળ ઊભા થઈ ગયા અને આપ (સ.) નમાઝમાં મશગૂલ થઈ ગયા.

જ્યારે દુશ્મનોની ફોજે ઈમામ (અ.)ને નમાઝમાં મશગૂલ થયેલા જોયા તો બધા દુશ્મનો પોતાના નેઝાઓ અને તીરો ઈમામ (અ.)ની તરફ ફેંકવા લાગ્યા.

મનકૂલ છે કે જે તીરો અને નેઝાઓ એમના તરફથી આવતા હતા તે બધા ઈમામે મઝલૂમ (અ.)ના એ બે મહાન અસ્હાબ પોતાની છાતી પર રોકી લેતા હતા અને જ્યાં સુધી ઈમામ (અ.) નમાઝ પઢતા રહ્યા ત્યાં સુધી ઈમામના જાંનિસારોએ પોતાની જાતને ઈમામે મઝલૂમની સામે ઢાલ બનાવી રાખી અને એક પણ તીર કે

**ગડમથલ નં.૨૪૩નો ઉકેલ**

આડી ચાવીઓ : (૧) શહાદત (૪) પરવાના (૬) મસલત (૭) તાજ (૮) કમસિન (૧૧) કરવટ (૧૩) નકી (૧૪) સારા (૧૫) હબીબ (૧૭) શરાબ (૧૮) દરદ (૨૦) તફ (૨૧) આકા (૨૪) શરારત (૨૬) હરારત (૨૮) કાશ (૨૯) હલાક ઊભી ચાવીઓ : (૧) શયતાન (૨) દમ (૩) તસવ્વુર (૫) રકમ (૯) સિન (૧૦) નકીબ (૧૧) કરાબતદાર (૧૨) વહબ (૧૬) બદકાર (૧૭) શશમાહ (૧૯) દર (૨૧) આરાઈશ (૨૩) ગમનાક (૨૬) તસ્બીહ (૨૭) રાઝી

નેઝો મઝલૂમે કરબલા સુધી પહોંચવા ન દીધો.

જ્યારે ઈમામ નમાઝથી ફારેગ થયા તો બરાબર એ જ સમયે સઈદ બિન અબ્દુલ્લાહ જન્નતના રાહી બની ગયા. જ્યારે તેમની છાતી પર અને પેટ ઉપર નજર કરવામાં આવી તો તેમના સીના મુબારક પર ૧૩ તીર ખૂંપી ગયેલાં હતાં અને નેઝા અને શમશીરના જે બેશુમાર જખમ હતા એ તો અલગ. એવી જ રીતે જનાબે ઝુહૈરની પવિત્ર છાતી ઉપર પણ તેર તીર લાગેલાં હતાં અને નેઝાના અને શમશીરના જખમોથી શરીર છેદાઇ ગયેલું હતું. છેવટે ઈમામ(અ.)નો આ જાંનિસાર પણ નબુવ્વતના ખાનદાન પર કુરબાન થઇ ગયો. ✻

અલા લાઅનતુલ્લાહે અલલ કૌમિઝઝાલેમીન.


**મંજુરઅહેમદ આઈ. ભાગળીયા** (કાકોશીવાળા)

**ફોન : ૦૨૭૬૬ - ૨૨૦૪૨૯**

**મો. : ૯૪૨૯૩ ૮૪૧૨૪**



# ગેલેક્સી ઈન્ફોટેક

- **કોમ્પ્યુટર વેચાણ અને રીપેરીંગ.**
- **લેપટોપ વેચાણ અને રીપેરીંગ.**
- **જુના તથા નવા કોમ્પ્યુટર અને લેપટોપ મળશે.**
- **કોમ્પ્યુટરને લગતી તમામ એસેસરીઝ મળશે.**
- **દરેક કંપનીના કોમ્પ્યુટર એસેમ્બલીંગ અને લેપટોપ મળશે.**
- **Hotels & office & college CCTV Camera installation**

**ડેસ્ટોપ, લેપટોપ, પ્રિન્ટર, સ્કેનર, સોફ્ટવેર એસેસરીઝ**

(અમારા ત્યાં દરેક રીપેરીંગ કામકાજ સંતોષકારક કરી આપવામાં આવશે)

**૧૦૬, પહેલો માળ, પાલિકા બજાર, રાજમહેલ રોડ, પાટણ**


## 'જાફરી આવાઝ'(માસિક)ના લવાજમ અંગે

દર વર્ષની માફક 'જાફરી આવાઝ'(માસિક)નું લવાજમ મોહર્રમ માસથી લેવાનું નક્કી કરેલ છે. તે રીતે ચાલુ વર્ષે પણ મોહર્રમથી મોહર્રમ એક વર્ષ ગણવામાં આવશે. ચાલુ વર્ષનું **લવાજમ રૂા.૧૦૦/-** મોહર્રમ માસની ૩૦ તારીખ સુધીમાં (એટલે કે તા.૧૫-૧૨-૨૦૧૨ સુધીમાં) જે જૂના ગ્રાહકોનું વાર્ષિક લવાજમ આવ્યું હશે તે ગ્રાહકો ગ્રાહક તરીકે ચાલુ રહેશે. નવા ગ્રાહકોને ફેબ્રુઆરી-૨૦૧૨થી અંક મોકલવામાં આવશે. ઉપરોક્ત દર્શાવેલી તારીખ સુધીમાં એટલે કે તા.૧૫-૧૨-૨૦૧૨ સુધીમાં જે જૂના ગ્રાહકોનાં લવાજમ આવ્યાં હશે તેમને જ અંક મોકલવામાં આવશે, જેની દરેકે નોંધ લેવી. મહેરબાની કરીને સમય મર્યાદા પછી લવાજમની રકમ મોકલવી નહીં. સમય મર્યાદા પછી આવેલ લવાજમ સ્વીકારવામાં આવશે નહીં. આપનું લવાજમ આપના ગામના મુખી/મોલ્વી સાહેબ, આપના વિસ્તારના માનદ્ પ્રતિનિધિ અથવા જાફરીબાગ, સિધ્ધપુરને સમય મર્યાદામાં આપી દઈને સહકાર આપવા વિનંતી છે. દરેક ગામના મુખી/મોલ્વી સાહેબ ઉપર જૂના ગ્રાહકોની યાદીની નકલ મોકલી આપવામાં આવેલ છે.

આપ સૌએ ભૂતકાળમાં અમને જે રીતે સાથ અને સહકાર આપ્યો છે એ રીતે આપતા રહેશો એવી અપેક્ષા રાખીએ છીએ. **-વ્યવસ્થાપક જાફરી આવાઝ(માસિક)**

# કુરઆન શિક્ષણ

અઝ
આકાએ નામદાર
પીર સૈયદ મોહંમદ
મુશાહિદહુસૈન
જાફરી(મદ્દે.)

## નબીઓ અને ઈમામો વિષેની આયતો

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

قَالَ خُذْهَا وَلَا تَخَفْ وقفة سَنُعِيْدُهَا سِيْرَتَهَا الْاُوْلٰى ﴿٢١﴾

❂ ફરમાવ્યું, (મૂસા !) તેને ઊંચકી લે અને (મુદ્દલ) ડર નહીં અમે તેને હમણાં જ તેની પહેલી હાલત પર ફેરવી દઈશું.

(પારો–૧૬, સૂરએ તાહા, આયત–૨૧)

---

وَاضْمُمْ يَدَكَ اِلٰى جَنَاحِكَ تَخْرُجْ بَيْضَآءَ مِنْ غَيْرِ سُوْٓءٍ اٰيَةً اُخْرٰى ﴿٢٢﴾

❂ અને તારા હાથ તારી બગલમાં દબાવી લે કે જે (બહાર કાઢતાં) સાફ પ્રકાશિત બની ખામીરહિત નીકળશે : જે (અમારા તરફની) બીજી નિશાની (બનશે.) :

(પારો–૧૬, સૂરએ તાહા, આયત–૨૨)

---

لِنُرِيَكَ مِنْ اٰيٰتِنَا الْكُبْرٰى ﴿٢٣﴾

❂ કે જેથી અમે તને અમારી મોટી મોટી નિશાનીઓમાંથી (કેટલીક) દેખાડીએ.

(પારો–૧૬, સૂરએ તાહા, આયત–૨૩)

---

اِذْهَبْ اِلٰى فِرْعَوْنَ اِنَّهٗ طَغٰى ﴿٢٤﴾

❂ હવે તું ફિરઓન પાસે જા, કેમકે તે નિ:સંશય (અભિમાનમાં) હદ કૂદાવી ગયો છે.

(પારો–૧૬, સૂરએ તાહા, આયત–૨૪)

---

قَالَ رَبِّ اشْرَحْ لِيْ صَدْرِيْ ﴿٢٥﴾

❂ (મૂસાએ) અરજ કરી કે હે મારા પરવરદિગાર ! મારી છાતી મારા માટે વિશાળ કરી દે :

(પારો–૧૬, સૂરએ તાહા, આયત–૨૫)

| | |
|---|---|
| ❂ અને મારા કાર્યને મારા માટે (તદ્દન) સરળ કરી દે : (પારો–૧૬, સૂરએ તાહા, આયત–૨૬) | وَيَسِّرْ لِيٓ اَمْرِيْ ﴿٢٦﴾ |
| ❂ અને મારી જીભમાંથી (તોતડાપણાની) ગાંઠ ખોલી નાખ : (પારો–૧૬, સૂરએ તાહા, આયત–૨૭) | وَاحْلُلْ عُقْدَةً مِّنْ لِّسَانِيْ ﴿٢٧﴾ |
| ❂ કે જેથી તેઓ મારી વાત સમજે. (પારો–૧૬, સૂરએ તાહા, આયત–૨૮) | يَفْقَهُوْا قَوْلِيْ ﴿٢٨﴾ |
| ❂ અને (મારી મદદ માટે) મારા કુટુંબમાંથી એક(ને) મારો વઝીર (સહાયક) નીમી દે : (પારો–૧૬, સૂરએ તાહા, આયત–૨૯) | وَاجْعَلْ لِّيْ وَزِيْرًا مِّنْ اَهْلِيْ ﴿٢٩﴾ |
| ❂ મારા ભાઈ હારૂનને (પારો–૧૬, સૂરએ તાહા, આયત–૩૦) | هٰرُوْنَ اَخِي ﴿٣٠﴾ |
| ❂ તેના કારણે મારી પીઠ મજબૂત કરી નાખ. (પારો–૧૬, સૂરએ તાહા, આયત–૩૧) | اشْدُدْ بِهٖٓ اَزْرِيْ ﴿٣١﴾ |
| ❂ અને તેને મારા કાર્યમાં ભાગીદાર બનાવ. (પારો–૧૬, સૂરએ તાહા, આયત–૩૨) | وَاَشْرِكْهُ فِيٓ اَمْرِيْ ﴿٣٢﴾ |
| ❂ કે જેથી અમે બન્ને તારી ઘણી ઘણી પવિત્રતા વર્ણવીએ : (પારો–૧૬, સૂરએ તાહા, આયત–૩૩) | كَيْ نُسَبِّحَكَ كَثِيْرًا ﴿٣٣﴾ |
| ❂ અને તારી ઘણી યાદ કરીએ. (પારો–૧૬, સૂરએ તાહા, આયત–૩૪) | وَّنَذْكُرَكَ كَثِيْرًا ﴿٣٤﴾ |

**જાફરી આવાઝનું કુરિઅર સરનામુ** મશાયખ કમ્પ્યૂટર, જાફરી આવાઝ(માસિક), આરઝૂ કોમ્પલેક્ષ, બીજે માળે, એલ.આઈ.સી. ઓફિસની બાજુમાં, ન્યાય મંદિર, હિંમતનગર. મો.૯૯૨૫૭૩૦૧૦૭



# અહાદીસ

અનુવાદક : જનાબ સૈયદ ઓવેસઅેહમદ ઝેડ. જાફરી

કિતાબ
**ઈર્શાદાતે રસૂલ(સ.)**

## ૧૫ કુરાને મજીદ વિષે

(ગતાંકનું ચાલુ)

(૨૦૭) બેશક દિલો પર એવી રીતે કાટ લાગી જાય છે કે જેમ લોખંડ ઉપર કાટ લાગે છે પરંતુ કુરાનની તિલાવતથી તે કાટ દૂર થઇ જાય છે.

(ઈર્શાદુલ કુલૂબ, દયલમી સફા-૧૨૧)

(૨૦૮) દરેક વસ્તુનો એક શણગાર હોય છે અને કુરાનનો શણગાર મધુર કંઠથી તિલાવત કરવી તે છે.

(જામેઉલ અખબાર, સફા-૫૭)

(૨૦૯) કયામતના દિવસે કુરાન એક સમૂહને જન્નત તરફ આગળ ધપાવતું આવશે કે જેમણે તેના હલાલને હલાલ અને હરામને હરામ સમજ્યું હશે અને તેની મુતશાબેહ આયતો ઉપર ઈમાન લાવ્યો હશે અને (બીજા) એક સમૂહને જહન્નમની તરફ ધકેલતું આવશે કે જેમણે તેના હુકમોનો અનાદર કર્યો હશે અને તેના હરામને હલાલ જાણ્યું હશે.

(ઈર્શાદુલ કુલૂબ દયલમી, સફા-૧૨૩)

(૨૧૦) જે લોકોએ કુરાનને મોંઢે કર્યું અને તેના પર અમલ કર્યો તેમના પર અલ્લાહની રહમત છે અને તેમને અલ્લાહના નૂરનો પોશાક મળશે. આ લોકો અલ્લાહના કલામને શીખવાડનારા છે અને અલ્લાહ તેમને પસંદ કરે છે. જે તેમને પસંદ કરશે તો તેણે અલ્લાહને પસંદ કર્યો તેવું ગણાશે અને જેણે તે લોકોથી દુશ્મનાવટ રાખી તો તેણે અલ્લાહથી દુશ્મનાવટ રાખી તેવું ગણાશે. અલ્લાહ કુરાનની તિલાવત સાંભળનારની દુન્યવી બલાઓને દૂર કરે છે અને તિલાવત કરનારની આખેરતની બલાઓને દૂર કરે છે. ત્યાર પછી ફરમાવ્યું, ‘તિલાવત સાંભળનાર માટે, જો તેણે સાચા અકીદાથી એકે એક આયત સાંભળી હશે તો, અલ્લાહની કસમ તેનો બદલો શબર પર્વત જેટલું સોનુ અલ્લાહની રાહમાં સદકો આપવાના બદલા કરતાં પણ વધારે મળશે અને સાચા અકીદાની સાથે કુરાનની એકે એક આયતની તિલાવત કરવાવાળા માટે આકાશથી લઈને પાતાળ સુધી જે કાંઇ છે તેના કરતાં ય તેની તિલાવત અફઝલ છે.

(તરાએફુલ હકમ, જિલ્દ-૧, સફા-૪૨૮)

# ગ ડ મ થ લ

**૨૪૩**

**::::: સંપાદક:::::**
મો.હસનઅલી રફીકઅલી
પટેલ (મહેરપુરા)

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | ૩ | ■ | ■ | ૪ | ૫ | | |
| | ■ | ૬ | | | | ■ | | ■ | ■ |
| ૭ | | ■ | | ■ | ■ | ૮ | | ૯ | ૧૦ |
| | ■ | ૧૧ | | ૧૨ | | ■ | ■ | ૧૩ | |
| ■ | ૧૪ | | ■ | ૧૫ | | ૧૬ | ■ | ■ | |
| ૧૭ | | | ■ | | ■ | ૧૮ | | ૧૯ | ■ |
| | ■ | ૨૦ | | ■ | ૨૧ | | ■ | ૨૨ | ૨૩ |
| | ■ | | ■ | ૨૪ | | | ૨૫ | ■ | |
| ૨૬ | ૨૭ | | | ■ | | ■ | | ■ | |
| ■ | | ■ | ■ | ૨૮ | | ■ | ૨૯ | | |

**::::: આડી ચાવીઓ :::::**

(૧) બલિદાન, કુરબાની, સાક્ષી, ગવાહી (૪)
(૪) પતંગિયું, આદેશપત્ર (૪)
(૬) મંત્રણા, સલાહ મશવેરો (૪)
(૭) મુગટ, માથાનો પહેરવેશ (૨)
(૮) ઓછી ઉંમરનો (૪)
(૧૧) પાસુ, પલટાવાની ક્રિયા, રીત (૪)
(૧૩) દસમા ઈમામનો એક ઈલ્કાબ (૨)
(૧૪) હઝરત ઈબ્રાહીમ પયગમ્બરનાં એક જૌઝા(૨)
(૧૫) મિત્ર, રસૂલ (સ.)નું એક ઉપનામ (૩)
(૧૭) દારૂ, મદિરા (૩)
(૧૮) પીડા, દુ:ખ (૩)
(૨૦) કરબલાનું એક નામ (૨)
(૨૧) નસ, લોહીની નળી (૨)
(૨૪) દુષ્ટતા, બદમાશી (૪)
(૨૬) ગરમી, ઉષ્ણતા (૪)
(૨૮) 'જો એવું થયું હોત' માટેનો ઉદ્‌ગાર (૨)
(૨૯) કતલ થયેલ, મકતૂલ, મરેલો (૩)

**::::: ઊભી ચાવીઓ :::::**

(૧) અઝાઝિલ (૪)
(૨) શ્વાસ, જીવ (૨)
(૩) કલ્પના (૪)
(૫) સંખ્યા, આંકડો (૩)
(૯) ઉંમર, વય (૨)
(૧૦) છડી પોકારનાર (૩)
(૧૧) નિકટનો સગો (૬)
(૧૨) કરબલાના એક શહીદ (૩)
(૧૬) ખરાબ કામ કરનાર (૪)
(૧૭) છ મહિનાની ઉંમરનો (૪)
(૧૯) દરવાજો (૨)
(૨૧) સજાવટ, શણગાર (૪)
(૨૩) ગમથી ભરેલું (૪)
(૨૫) ઝિક્ર, રટણ, ઝિક્ર કરવાનું સાધન (૩)
(૨૭) પ્રસન્ન, ખુશ (૨)

**કુરઆન શરીફમાં દુઆના સ્વરૂપે આવેલ આયતો**

## કુરઆની દુઆઓ

**૩૨**

بِسۡمِ اللّٰهِ الرَّحۡمٰنِ الرَّحِيۡمِ

وَقُلْ رَّبِّ اغْفِرْ وَارْحَمْ وَاَنْتَ خَيْرُ الرّٰحِمِيْنَ ﴿١١٨﴾

**વકુર્રબ્બિગ્ફિર વર્હમ વ અન્ત ખૈરુર્રાહેમીન.**

(પારો–૧૮, સૂરએ મોઅ્મેનૂન, આયત–૧૧૮)

અર્થ : અય મારા પરવરદિગાર ! તું (મારી ઉમ્મતને) માફ કરી દે અને દયા કર; અને તું સૌથી સારો દયા કરનાર છે.

# બલાગતુલ હુસૈન (અ.)

બાબ–૧

ખુત્બા નંબર –૧

## તૌહીદ વિષે આપ (અ.)ની હિદાયત

أَيُّهَا النَّاسُ اتَّقُوا هٰؤُلَاءِ
الْمَارِقَةَ، الَّذِيْنَ
يُشَبِّهُوْنَ اللّٰهَ بِأَنْفُسِهِمْ
يُضَاهِئُوْنَ قَوْلَ الَّذِيْنَ
كَفَرُوْا مِنْ أَهْلِ الْكِتٰبِ
بَلْ هُوَ اللّٰهُ لَيْسَ كَمِثْلِهٖ
شَيْءٌ وَهُوَ السَّمِيْعُ الْبَصِيْرُ
لَا تُدْرِكُهُ الْأَبْصَارُ وَهُوَ
يُدْرِكُ الْأَبْصَارَ وَهُوَ
اللَّطِيْفُ الْخَبِيْرُ اسْتَخْلَصَ
الْوَحْدَانِيَّةَ وَالْجَبَرُوْتَ
وَأَمْضَى الْمَشِيَّةَ وَالْإِرَادَةَ
وَالْقُدْرَةَ وَالْعِلْمَ بِمَا هُوَ
كَائِنٌ لَا مُنَازِعَ لَهٗ فِيْ
شَيْءٍ مِنْ أَمْرِهٖ وَلَا كُفْوَ
لَهٗ يُعَادِلُهٗ وَلَا ضِدَّ لَهٗ
يُنَازِعُهٗ وَلَا سَمِيَّ لَهٗ
يُشَابِهُهٗ وَلَا مِثْلَ لَهٗ
يُشَاكِلُهٗ لَا تَتَدَاوَلُهٗ

અય લોકો ! એવા બેદીન લોકોથી બચો કે જેઓ ખુદાને પોતાના નફસોને એવા સમજે છે અને કુફફાર અહલે કિતાબની એવી વાતો કરે છે બલ્કે તે અલ્લાહ છે, તેના જેવી કોઇ વસ્તુ નથી. તે જોવાવાળો અને સાંભળવાવાળો છે. તેને નજરો નથી જોઈ શકતી અલબત્ત તે નજરોને જુએ છે, તે ભૌતિક નાપાકીઓથી મુકત અને મહા જાણનારો છે. એકલાપણું અને સત્તા (અધિકાર)ને તેણે ખાસ પોતાના માટે રાખેલ છે. પોતાની ઈચ્છા અને ઈરાદાને કરી દેવાવાળો, કુદરતને અમલમાં લાવવાવાળો અને દરેક થવાવાળી બાબતનો આલિમ (જાણનાર) છે. કોઇ વસ્તુની બાબતમાં જો તે હુકમ કરી દે તો કોઇને થાક ખાવાની હિંમત નથી, ન તો કોઇ તેનો સમકક્ષ છે કે બરાબરી કરી, ન તો કોઇ હરીફ છે કે જેને મતભેદની હિંમત હોય, ન તો કોઇ તેના જેવો છે કે જે તેના જેવો હોવાનો દાવો કરે, ન તો તેનો નમૂનો છે કે જે તેની તસ્વીર હોય, ન તો તેના ઉપર પરિવર્તનો

આવે છે કે ન તો તેની હાલતો બદલાય છે, ન તો તેનામાં ફેરફારો થાય છે. ગુણગાન ગાનારાઓ તેની મહાનતાની હકીકતનું વર્ણન કરવા માટે સમર્થ નથી કે ન તો દિલોને કોઇ અંદાજ થઇ શકે છે કે તે કેવી કુદરતવાળો છે કેમકે દુનિયામાં અસ્તિત્વ ધરાવનારી કોઇ વસ્તુ તેના જેવી નથી. ન તો ઉલમા (જ્ઞાનીઓ) પોતાની અક્કલોથી, ચિંતન–મનન કરવાવાળા પોતાના ચિંતન–મનનથી કામ લઇને તેને સમજી શકે છે પરંતુ એ લોકો કે જેઓ તેને જોયા વગર તેની યથાર્થ હકીકત પર યકીન કરે, કેમકે મખ્લૂકાતના ગુણોથી તેનાં ગુણગાન નથી થઇ શકતાં (કે કોઇ મખ્લૂકનું ઉદાહરણ આપીને તેની પહેચાન કરાવી શકાય). તે વાહિદ અને યકતા અને બેનિયાઝ (લાઉબાલી) છે. વહેમ અને ગુમાન જે કંઇ તેની રૂપરેખા તૈયાર કરે તો ખુદાવંદે આલમ તેનાથી વિરૂધ્ધ જ હશે. ખુદા એ નથી કે જે મુસીબતના ભાર નીચે નિ:સહાય હોય અને માઅબૂદ એ નથી કે જે હવા અથવા ગૈરહવા કોઇ પણ મકાનમાં મળી જાય અને તે સઘળી ચીજોમાં મોજૂદ છે (પરંતુ) એટલી બધી દૂરી (અંતર) નથી કે જેના કારણે તે તેમનાથી સંબંધ વિહોણો અને બેખબર બની જાય. કાદિર

الْاُمُوْرُ وَلَا تَجْرِيْ عَلَيْهِ
الْاَحْوَالُ وَلَا تَنْزِلُ عَلَيْهِ
الْاَحْدَاثُ وَلَا يَقْدِرُ
الْوَاصِفُوْنَ كُنْهَ عَظَمَتِهٖ
وَلَا يَخْطُرُ عَلَى الْقُلُوْبِ
مَبْلَغُ جَبَرُوْتِهٖ لِاَنَّهٗ
لَيْسَ لَهٗ فِي الْاَشْيَاءِ
عَدِيْلٌ وَلَا تُدْرِكُهُ الْعُلَمَاءُ
بِاَلْبَابِهَا وَلَا اَهْلُ التَّفْكِيْرِ
بِتَفْكِيْرِهِمْ اِلَّا بِالتَّحْقِيْقِ
اِيْقَانًا بِالْغَيْبِ لِاَنَّهٗ
لَا يُوْصَفُ بِشَيْءٍ مِنْ
صِفَاتِ الْمَخْلُوْقِيْنَ وَ
هُوَ الْوَاحِدُ الصَّمَدُ مَا
تَصَوَّرَ فِي الْاَوْهَامِ فَهُوَ
خِلَافُهٗ لَيْسَ بِرَبٍّ مَنْ
طُرِحَ تَحْتَ الْبَلَاغِ وَ
مَعْبُوْدٍ مَنْ وُجِدَ فِيْ
هَوَاءٍ وَغَيْرِ هَوَاءٍ وَهُوَ
فِي الْاَشْيَاءِ كَائِنٌ لَا
كَيْنُوْنَةَ مَحْظُوْرٍ بِهَا
عَلَيْهِ وَمِنَ الْاَشْيَاءِ

بَائِنٌ لَا بَيْنُونَةَ غَائِبٍ
عَنْهَا لَيْسَ بِقَادِرٍ مَنْ
قَارَنَهُ ضِدٌّ، اَوْ سَاوَاهُ
نِدٌّ لَيْسَ عَنِ الدَّهْرِ
قِدَمُهُ، وَلَا بِالنَّاحِيَةِ
اَمَمُهُ اِحْتَجَبَ عَنِ
الْعُقُوْلِ، كَمَا احْتَجَبَ
عَنِ الْاَبْصَارِ وَعَنْ
مَنْ فِي السَّمَاءِ اِحْتِجَابُهُ
كَمَنْ فِي الْاَرْضِ قُرْبُهُ
كَرَامَتُهُ وَبُعْدُهُ اَهَانَتُهُ
لَا تَحُلُّهُ فِيْ، وَلَا تُوَقِّتُهُ
اِذْ وَلَا تُؤَامِرُهُ اِنْ
عُلُوُّهُ مِنْ غَيْرِ وَ
قَلٍ وَمَجِيْئُهُ مِنْ
غَيْرِ تَنَقُّلٍ، يُوجِدُ
الْمَفْقُوْدَ وَيُفْقِدُ الْمَوْجُوْدَ
وَلَا تَجْتَمِعُ لِغَيْرِهِ
الصِّفَتَانِ فِيْ وَقْتٍ
يُصِيْبُ الْفِكْرُ مِنْهُ
الْاِيْمَانَ بِهِ مَوْجُوْدًا
وُجُوْدُ الْاِيْمَانِ لَا
وُجُوْدَ صِفَةٍ، بِهِ
تُوْصَفُ الصِّفَاتُ لَا

(અલીઉલ અત્લાક) એ નથી હોઈ શકતો કે જેનો સમકક્ષ કોઈ જીદ અને તેનો સમોવડિયો કોઈ તેના જેવો હોય. તે જમાનાની હદોમાં જકડાયેલો અને સ્થળની પાબંદીમાં કેદ નથી. તે જેવી રીતે નજરોથી ઓજલ છે એવી જ રીતે અકકલોથી પણ ગુપ્ત છે. તેની નજદીકી સન્માન અને તેની દૂરી અનાદર છે. તેની સાથે 'હું' શબ્દ (કે જે કોઈ યોગ્યતામાં હોવાની માહિતી આપે) વાપરી શકાતો નથી કે ન તો 'જયારે'ની સાથે તેને કોઈ સમય સાથે મખ્સૂસ કરી શકાય છે કે ન તો તેના અસ્તિત્વમાં 'અગર'ની કોઈ અવકાશ છે. તેની બુલંદી ગૈર જિસ્માની (બિન શારીરિક) છે અને તેનું મુતવજ્જે (સન્મુખ) થવું, સ્થળમાંથી નીકળ્યા વગરનું છે. તે જીવતાને મારી નાખે છે અને મરેલાને જીવિત કરી દે છે અને તેના સિવાય બીજા માટે આ બન્ને સિફ્તો એક સાથે થઈ શકતી નથી. ચિંતન અને મનન તેના મોજૂદ હોવા પર ઈમાન ધરાવે છે, એવું અસ્તિત્વ કે જેના પર માત્ર ઈમાન લાવી શકાય છે. તેનાં ગુણગાન નથી થઈ શકતાં, જેટલી સિફ્તો છે તેમનો ભાવાર્થ તેના દ્વારા સમજમાં આવે છે. તેની ઝાત એ સિફ્તોથી સમજમાં આવતી નથી. સઘળી ઓળખી લીધેલી વસ્તુઓ તેના

બِهَا يُوصَفُ وَبِهِ
تُعْرَفُ الْمَعَارِفُ لَا
بِهَا يُعْرَفُ فَذَالِكَ
اللهُ لَا سَمِيَّ لَهُ سُبْحَانَهُ
لَيْسَ كَمِثْلِهِ شَيْءٌ
وَهُوَ السَّمِيعُ الْبَصِيرُ

દ્વારા આપણને માલૂમ છે. તો એમના (એટલે કે વસ્તુઓ) દ્વારા માલૂમ પડતી નથી. આ છે અલ્લાહ કે જેનો કોઇ નામધારી નથી. તે દરેક એબથી મુક્ત, તેના જેવી કોઇ વસ્તુ નથી અને તે સાંભળવાવાળો અને જોવાવાળો છે.

*

### હુસૈન (અ.) અને શહાદત

હઝરત ઈમામ હુસૈન (અ.)ને શહાદત સાથે ગાઢ સંબંધ છે. ઈમામ હુસૈન (અ.) પોતે શહીદ, એમના બાપ હઝરત અલી (અ.) શહીદ, એમના કાકા હઝરત જાફરે તૈયાર (અ.) શહીદ, એમના ભાઇ ઈમામ હસને મુજતબા (અ.) અને હઝરત અબ્બાસ અલમદાર (અ.) તેમજ અન્ય ભાઇઓ શહીદ, એમના પિત્રાઇ ભાઇ હઝરત મુસ્લિમ બિન અકીલ (અ.) શહીદ, એમના દીકરાઓ જનાબે અલી અકબર (અ.) અને જનાબે અલી અસગર (અ.) પણ શહીદ. આપના ભત્રીજા જનાબે અબ્દુલ્લાહ અને જનાબે કાસિમ શહીદ, આપના મિત્ર હબીબ ઈબ્ને મઝાહિર અને અન્ય દોસ્તો શહીદ, આપના સહાબીઓ શહીદ, આપના ખાનદાનના સભ્યો શહીદ. ઈમામ હુસૈન (અ.)ને શહાદત જાણે કે વારસામાં મળી હોય એવું લાગે છે. સલામ ! અય શહીદોના સરદાર.


**RJ ADVISORY**

*Zaroorat Tamari, Salah Amari !*

| | |
|---|---|
| ✤ Mutual Funds | ✤ મ્યુચ્યુઅલ ફંડ |
| ✤ FDs / Bonds | ✤ એફ.ડી/બોન્ડસ |
| ✤ Life Insurance | ✤ લાઈફ ઈન્સ્યોરન્સ |
| ✤ Health Insurance | ✤ હેલ્થ ઈન્સ્યોરન્સ |
| ✤ Tax Planning | ✤ ટેક્ષ પ્લાનીંગ |

દરેક પ્રકારના રોકાણને લગતી સચોટ
માહિતી માટે આજે જ સંપર્ક કરો

**Abbasali Mava**
**Mo. 9974004161**
EMAIL : gomzee_abs@yahoo.com
Zahirabad, Bh. Fatema Girls Hostel,
Po. Savgadh, Ta. Himatnagar Dist. S.K.

અંબાજીવાળા
M.K. 94263 70240
J.K. 97242 85727

**વિકાસ માર્બલ & ટ્રેડર્સ**

અમારે ત્યાં માર્બલ, ગ્રેનાઈટ, કોટા,
ટાઈલ્સ, બારી–બારણાંના ચોકઠા,
લોખંડ, ખીલાસળી, રેતી, કપચી,
સિમેન્ટ તથા દરેક પ્રકારનું
બિલ્ડીંગ મટીરીયલ્સ મળશે.

વડનગર–ખેરાલુ હાઈવે, વલાસણા ચોકડી,
હોટલ વે–વેઈટની પાસે, (રસુલપુર, મહેસાણા)

# Superman In Islam
# સુપરમેન ઈન ઈસ્લામ
## ❋ હઝરત ઈમામ જાફર સાદિક(અ.) ❋

**અનુવાદક : હાજરપીર સૈયદ મોહંમદ મુજાહિદહુસૈન બાવા સાહેબ(મદ્દે.)**

### આપ(અ.)ની જાબિર બિન હૈયાન સાથે વાતચીત

(ગતાંકનું ચાલુ)

ફિલોસૉફીના મસઅલા માણસની બુધ્ધિ સાથે સંબંધ ધરાવે છે અને દીની મસઅલા લોકોના ઈમાન સાથે અને મોમિનોમાં એવા લોકો કે જેઓ ઈલ્મ પ્રાપ્ત કરે છે, તે પોતાની બુધ્ધિના વિકાસના કારણે કે જે ઈલ્મ વડે પ્રાપ્ત થાય છે, તેનાથી ઈસ્લામની હકીકતોની મસ્લેહતોને સમજી શકે છે અને જે લોકો નથી સમજી શકતા એમના માટે એટલું જ ઈમાન પર્યાપ્ત છે.

દીને ઈસ્લામની હકીકતોની મસ્લેહતો વિશે જે પણ ચોખવટ સામાન્ય લોકો માટે કરવામાં આવે છે તે નિરર્થક છે કારણ કે કોઈ સામાન્ય માણસ માટે કોઈ પણ વિષયને ઈલ્મની દ્દષ્ટિએ સમજવા માટે ઈલ્મના પાયાને સમજવો જરૂરી છે નહિતર તે કોઈ પણ વસ્તુ સમજી શકતો નથી. દીને ઈસ્લામની હકીકતોને સામાન્ય લોકો માટે દલીલની સાથે પ્રસ્તુત કરવામાં તેમની સામે ઈલ્મની ચોખવટ કરવી જરૂરી છે અને આ ઈલ્મની ચોખવટને ફક્ત એ જ લોકો સમજી શકે છે કે જેઓ જો આલિમ ન હોય તો પણ ઓછામાં ઓછા ઈલ્મના પાયાને સમજી ચૂક્યા હોય.

ઈલ્મ હાસિલ કરવું એ ઈરાદા ઉપર નિર્ભર છે અને ઈલ્મ હાસિલ કરવાનો ઈરાદો કોઈ પણ માણસમાં એટલો બધો હોવો જોઈએ કે તે ઈલ્મ પ્રાપ્ત કરવા માટે પૂરી રીતે તૈયાર થઈ જાય. આ ઈરાદો સામાન્ય લોકોમાં નથી જેનું કારણ એ છે કે એક સામાન્ય માણસ જાણે છે કે જો તે ઈલ્મ પ્રાપ્ત કરવાનું શરૂ કરી દે તો ઘણાં વર્ષો સુધી તે ભૌતિક ફાયદાઓથી વંચિત રહી જશે. પરંતુ તેના બદલે તે ખેતીવાડી કરે અથવા ઘેટાં બકરાં ચરાવે અથવા ઊંટ પાળે તો તેને જરૂર જેટલી આવક થઈ જશે પરંતુ એ રૂહાની ફાયદા કે જે માણસ ઈલ્મ વડે પ્રાપ્ત કરે છે, તેનાથી તે વંચિત રહી જશે એટલે સામાન્ય લોકો માટે સારું તો એ જ છે કે તેઓ ફક્ત ઈમાન રાખે અને દીને ઈસ્લામના ઉસૂલ અને ફુરૂઅ વડે એવો જ ફાયદો ઉઠાવે કે જે તેમના જાહેરી સ્વરૂપમાંથી મળતો હોય.

અય જાબિર ! તમે આલિમ છો. તમને ખબર છે ખરી કે અલ્લાહના કલામમાં જન્નત અને દોઝખનું જે વર્ણન કરવામાં આવ્યું છે તેનો શું આશય છે ? તમારાથી એ વાત છૂપી નથી કે જન્નત અને દોઝખનો અસલ ભાવાર્થ કંઈક અલગ છે પરંતુ શું તમે આ ભાવાર્થને એક સામાન્ય માણસના દિલમાં બેસાડી શકો છો ખરા ? સામાન્ય માણસ જન્નત અને દોઝખના ભાવાર્થને ફક્ત એક જ રસ્તે સમજી શકે છે અને તે એ છે કે ઈલ્મ હાસિલ કરવું અને જ્યારે તે આલિમ બની જાય તો જન્નત અને દોઝખના અસલ ભાવાર્થને સમજવાની કોશિશ કરે. જો તે પોતે જન્નત અને દોઝખના ભાવાર્થને સમજી ન શકે તો પણ જ્યારે

તેની સામે આ બન્નેની સમજૂતી પ્રસ્તુત કરવામાં આવશે ત્યારે તે સમજી જશે. પરંતુ જો તમે આજે જન્નત અને દોઝખના અસલ ભાવાર્થને એક સામાન્ય માણસના મનમાં બેસાડવાની કોશિશ કરો તો તેનું એક જ પરિણામ આવશે કે તેનું ઈમાન ડગી જશે અને તમારા સમજાવવા પહેલાં એ માણસ જેટલું ઈમાન ધરાવતો હશે તે પણ ખોઈ બેસશે.

એટલા જ માટે કહેવામાં આવ્યું છે કે લોકોની સાથે તેમની બુધ્ધિ પ્રમાણે વાતચીત કરો અને દરેકની સાથે એવી ભાષામાં વાતચીત કરવી જોઈએ કે જે તેની બુધ્ધિ અને સમજશક્તિને અનુરૂપ હોય કારણ કે દીન સમગ્ર માનવજાતને સંબોધે છે. એટલા જ માટે અલ્લાહના કલામને ખૂબ જ સાદી ભાષામાં નાઝિલ કરવામાં આવેલ છે અને સામાન્ય લોકો પણ અલ્લાહના કલામના જાહેરી અર્થને સમજી શકે છે અને આ વિશે કોઈ


હસનઅબ્બાસ જી સેલીયા મો. ૯૯૦૯૯૦૬૧૮૯

**મોઝેઇક આર્ટ્સ**

ડીઝાઈન & પ્રીન્ટ્સ

**હોટલ, રેસ્ટોરન્ટ તથા અન્ય ધંધાઓને લગતી તમામ સ્ટેશનરી, માર્કેટીંગ અને પેકેજીંગ મટીરીયલનું ડીઝાઈનીંગ અને પ્રીન્ટીંગ માટે મળો**

- વીઝીટીંગ કાર્ડ
- ફાઈલ
- મેનુ
- બોક્ષ
- સ્ટેશનરી
- નેપકીન પ્રીન્ટીંગ
- સ્ટીકર
- આમંત્રણ કાર્ડ
- બ્રોશર
- લગ્ન કંકોત્રી
- પેમ્ફલેટ
- ફલેક્ષ બેનર

૬, રંગોલી કોમ્પ્લેક્ષ, વી.એસ. હોસ્પીટલ ની સામે, એલીસબ્રીજ, અમદાવાદ - ૬.


પણ ચોખવટ કરવાની જરૂર રહેતી નથી.

ફક્ત એક જ રસ્તો એવો હતો કે જેના વડે લોકો અલ્લાહના કલામના અર્થને જુદા અર્થમાં લેતા અને તે એ હતો કે અલ્લાહના કલામને પઢવાવાળો અક્ષરો ઉપરના ઝબર, ઝેર, પેશમાં ભૂલ કરતો જેના પરિણામ સ્વરૂપે સામાન્ય સાંભળનારા અર્થઘટનમાં ભૂલ કરી દેતા. શું તમને ખબર છે કે મારા દાદા(મૌલા અલી(અ.)) એ આ ભૂલને દૂર કરવા માટે અરબી વ્યાકરણનો પાયો નાખ્યો કે જેથી લોકો કુરઆનને ખોટી રીતે ન પઢે ? આવી રીતે લોકો કુરઆન સાંભળવાના કારણે ખોટું અર્થઘટન કરી નાખે એ વાતનો ભય દૂર થઈ ગયો.

જાબિરે કહ્યું, મને અફસોસ છે કે લોકો આ સ્પષ્ટ દીનમાં અહેકામાતની મસ્લેહતો અને અલ્લાહના કલામના વિસ્તૃત ભાવાર્થને સમજવા તરફ ધ્યાન નથી આપતા. હું માનું છું કે જો લોકો આ મુદ્દાઓ તરફ ધ્યાન આપે તો અલ્લાહનો દીન આજના કરતાં વધારે ફેલાશે.

ઈમામ જાફર સાદિક(અ.)એ જવાબ આપ્યો કે પહેલાંના બધા મઝહબોમાં લોકોની એક એવી અલ્પમતી હંમેશાં હતી કે જે દીનના અહેકામને સારી રીતે સમજતી હતી અને દીનના નિયમોના જાણકાર હોવાના કારણે તે લોકો અન્ય લોકોના મઝહબી રહેનુમા હતા. દીને ઈસ્લામમાં પણ આવું જ છે અને આવી જ રીતે આજે પણ એક અલ્પમતી દીનની દૃષ્ટિએ લોકોનું માર્ગદર્શન કરી રહી છે અને આવનારા સમયમાં પણ મુસલમાનોની એક અલ્પમતી આલિમ બનીને લોકોનું દીની માર્ગદર્શન કરશે અને મને યકીન છે કે આવું ત્યાં સુધી ચાલશે કે જ્યાં સુધી ઈલ્મ બધા લોકો માટે પ્રાપ્ય ન થઈ જાય.

જાબિરે પૂછ્યું, શું આવું શક્ય છે ખરું કે

એક દિવસ એવો આવે કે ઈલ્મ બધા લોકો માટે પ્રાપ્ય બની જાય? ઈમામ જાફર સાદિક(અ.) એ ફરમાવ્યું, એક દિવસ એવો આવશે કે માણસ એવું સમજશે કે બધા માણસોએ આલિમ બની જવું જોઈએ અને આ બધી સુવિધાઓ પૂરી પાડીને માણસ બધા લોકોને ઈલ્મ પ્રાપ્ત કરવા માટે પ્રેરિત કરશે.

જાબિરે કહ્યું, જો આવું થશે તો કોઈ શંકા નથી કે તે દિવસે બધા લોકો આલિમ થઈ જશે. ઈમામ જાફર સાદિક(અ.)એ જવાબ આપ્યો, ના, અય જાબિર ! તે દિવસે પણ સઘળી માનવજાત આલિમ નહીં થઈ જાય કારણ કે લોકોની ઈલ્મ પ્રાપ્તિની ક્ષમતામાં ફેર હશે. ઈલ્મ હાસિલ કરવાની સુવિધાઓ બધા માટે હશે પરંતુ ક્ષમતા એક સરખી ન હોવાના કારણે બધા આલિમ નહીં બની શકે એટલે કેટલાક તો આલિમ બની જશે અને કેટલાક લોકો કે જેમનું ધ્યાન આ તરફ નહીં હોય, તે ઈલ્મ પ્રાપ્તિને છોડીને કોઈ અન્ય વ્યવસાય કરી લેશે. માટે કોઈ પણ જમાનામાં એવી પરિસ્થિતિ નહીં સર્જાય કે સઘળી માનવજાત આલિમ બની જાય. પરંતુ તે વખતે પણ બધા લોકો આલિમ નહીં બની જાય એમ છતાંય સામાન્ય લોકોની પરિસ્થિતિ આજના જેવી નહીં હોય કારણ કે દરેક માણસ કોઈને કોઈ પ્રકારનું ઈલ્મ પ્રાપ્ત કરી ચૂક્યો હશે અથવા તો ઓછામાં ઓછી ઈચ્છા ધરાવતો હશે માટે એ જમાનામાં દીનના આલિમો લોકોને દીનની હકીકતોને સમજાવી શકશે અને જો કોઈ માણસ પાગલ ન હોય તો તેની અંદર વિચારવાની અને સમજવાની શક્તિ હશે માટે દીની હકીકતોને સમજી લેશે અને મને આશા છે કે એક દિવસ એવો જરૂર આવશે કે જો બધા લોકો દીની હકીકતોથી વાકેફ ન પણ થઈ શકે તો પણ લોકોની બહુમતી તે હકીકતોને સમજી લેશે.

જાબિરે પૂછ્યું, માણસની મનોવૃત્તિઓમાંથી સૌથી સશક્ત મનોવૃત્તિ કઈ છે ? ઈમામ જાફર સાદિક(અ.)એ ફરમાવ્યું, જીવનની સુરક્ષા કરવાની અને જીવતા રહેવાની મનોવૃત્તિ.

જાબિરે સવાલ કર્યો, શું આ મનોવૃત્તિનો જન્મ ઈલ્મ વડે થાય છે ? ઈમામ જાફર સાદિક(અ.)એ ફરમાવ્યું, આ મનોવૃત્તિને જીવનના સ્રોતથી શક્તિ મળે છે. એવા લોકો પણ છે કે જેમની પાસે એ જાણકારી નથી કે પોતાની અંદર આ જીવતા રહેવાની મનોવૃત્તિ છે તેમ છતાંય તેમની અંદર પણ આ મનોવૃત્તિ બીજા લોકોની જેમ જ સશક્ત છે. આ દુનિયામાં માનવજાતના જીવનમાં તમે જે કંઈ જોઈ રહ્યા છો તે આ મનોવૃત્તિના કારણે અસ્તિત્વમાં આવ્યું છે.


જાબિરે પૂછ્યું, માણસના જીવનમાં આ મનોવૃત્તિનું મહત્વ વધારે છે કે પછી હલનચલનનું? ઈમામ જાફર સાદિક(અ.)એ ફરમાવ્યું, આ બન્નેની સરખામણી થઈ શકતી નથી કારણ કે હલનચલન એક ભૌતિક વસ્તુ છે અને જીવતા રહેવાની મનોવૃત્તિ એક રૂહાની વસ્તુ છે. જીવતા રહેવાની મનોવૃત્તિ માણસમાં હલનચલનથી પેદા થાય છે અને આ મનોવૃત્તિ પોતે પણ હલનચલન પેદા કરે છે.

અય જાબિર! કોઈ પણ એવી સજીવ સૃષ્ટિ નથી કે જેની અંદર આ જીવતા રહેવાની મનોવૃત્તિ ન હોય અને આ જ કારણે જ્યારે કોઈ  પોતાની જાતને ખતરામાં જુએ છે તો ખતરાને ટાળી દેવાની પૂરી કોશિશ કરે છે અને જો તે ખતરાને ટાળી દેવા માટે સક્ષમ ન હોય તો  પોતાનો જીવ બચાવવા માટે પાછો પડી જાય છે. જો હલનચલન સમાપ્ત થઈ જાય તો માણસ મરી જશે અને જો જીવતા રહેવાની મનોવૃત્તિનો અંત આવી જાય તો તે સમય પૂરતો માણસ જીવતો રહી શકે છે. તે સમય પૂરતો અમે

એટલા માટે કહીએ છીએ કે જીવતા રહેવાની મનોવૃત્તિનો અંત આવ્યા પછી માણસ વધારે સમય સુધી જીવિત નહીં રહી શકે.

માણસની જીવતા રહેવાની મનોવૃત્તિ જ તેને ખોરાક ખાવાની અને પાણી પીવાની પ્રેરણા આપે છે. અય જાબિર ! શક્ય છે કે તમે એવું કહો કે ખોરાક ખાવા અને પાણી પીવાની પ્રેરણા માણસની જરૂરિયાત છે અને જ્યારે માણસ ભૂખ્યો થાય છે ત્યારે જો તેની પાસે ખોરાક હોય તો તે ખોરાક ખાય છે અને તરસ્યો હોય તો પાણી પીએ છે. તેના જવાબમાં હું તમને કહું છું કે તરસ અને ભૂખ માણસને એટલા માટે લાગે છે કે આ બન્ને મનોવૃત્તિઓ કરતાં વધારે સશક્ત મનોવૃત્તિ જીવતા રહેવાની મનોવૃત્તિ છે. માટે જેવો માણસ બીમાર પડે છે કે તરત જ તેની અંદર ભૂખની અભિરૂચિ ખતમ થઈ જાય છે. (ક્રમશઃ)


**મલેશિયા અને સિંગાપોરમાં અભ્યાસ માટે**



- ૧૦૦% વિઝા
- ભણવા સાથે કમાવવાની ઉત્તમ તક
- સિંગાપોર મલેશિયામાં ભણતર કર્યા પછી U.K., U.S.A. અને European વિઝાની પૂરી તકો
- કોલેજ ફ્રીઝ વિઝા પછી
- 10 પાસ અને કોઈ પણ દેશમાં રિજેક્ટ હોય તો પણ એપ્લાય કરી શકશે.
- કોઈ પણ ઈન્ટરવ્યુઝ કે એકસ્ટ્રા પરીક્ષા વગર ૧૦૦% વિઝા

**હુસૈનમહંમદ એસ. ચૌધરી (ભાંગરોડીયા)**
મોબાઈલ : ૯૯૨૪૯૮૫૨૪૭
Email : hschaudhary786@yahoo.com
hschaudhary786@gmail.com

મોહસિનઅલી (હૈદરપુરા)
9925914513 (આર્કીટેક્ટ)

અબ્બાસઅલી બાદરગઢ
9737694108 (સીવીલ એન્જિનિયર)

**કલાસીક ડિઝાઇનર**

**આર્કીટેક્ટ ઇન્ટેરીયર ડિઝાઈનર**

- ઓલ સીવીલ વર્ક
- ઈન્ટેરીયર ડિઝાઈન
- પ્લોટીંગ લે આઉટ પ્લાન
- ટુ ડી એન્ડ થ્રી ડી ડિઝાઈન
- ઓલ બિલ્ડીંગ ડિઝાઈન



૧૨/1st યમન કોમ્પલક્ષ, નીયર ક્રોસ રોડ હોટલ, કાકોશી ચાર રસ્તા, સિધ્ધપુર–૩૮૪૧૫૧
E-MAIL:- klassic_designer@yahoo.com E-MAIL:-mohsin.archi1990@gmail.com

Blog બ્લોગ

Ref : Wayfaring (My search for Truth)

: લેખન :
હાજર પીર સૈયદ મોહંમદ
મુજાહિદહુસૈન બાવા સાહેબ(મદ્દે.)

- **Approach**

  How you approach your subject is often as important as the subject itself, if not more.

  (નિકટ જવાની ક્રિયા)

  ઘણી વખત તો તમે તમારા વિષયની નિકટ કેવી રીતે જાઓ છો  તે બાબત વિષયના જેટલી જ મહત્વની હોય છે.

- **Self-control**

  You are too little in control of yourself to be arrogant about it, and too much in control of yourself to disclaim your responsibility.

  (પોતાની જાત ઉપર અંકુશ)

  તમે ઘમંડી બનવાની બાબતમાં  તમારી જાત  ઉપર ખૂબ જ ઓછો અંકુશ ધરાવો છો જ્યારે તમારી જવાબદારીનો ઈન્કાર કરવાની બાબતમાં તમારી જાત ઉપર ખૂબ જ અંકુશ ધરાવો છે.

- **Plesure**

  Let Reality hit you, never hide behind an excuse. You'll be surprised to find that the experience is sweet, never painful.

  (આનંદ)

  વાસ્તવિકતા ભલેને તમારા ઉપર પ્રહાર કરે, કદી બહાનુ ન બતાવતા. તમને એ જાણીને નવાઈ લાગશે કે તમારો અનુભવ આનંદદાયક છે, તે કદાપિ પીડાદાયક નહીં હોય.

- **Truth**

  Nobody can see truth in its entirety, but whoever sees Truth with reasonable clarity, is left with no choice but to accept it. The power to show Truth to people with reasonable clarity is a miracle in the hands of a seer of Truth.

(સત્ય/હક)

કોઇ પણ માણસ હક(સત્ય)ને સંપૂર્ણ સ્વરૂપમાં જોઇ શકતો નથી પરંતુ જે કોઇ દિલની નિખાલસતા સાથે હકને નિહાળે છે તેની પાસે તેનો સ્વીકાર કર્યા સિવાય બીજો કોઇ વિકલ્પ હોતો નથી. દિલની નિખાલસતા સાથે લોકોને હક બતાવવાની શક્તિ જ હકના દીદાર કરનારના હાથે થયેલો ચમત્કાર છે.

- **Stress**

  Never worry about your health or life because of stress. Be sure that it's not the stress resulting from being responsible that causes illness or death, it's your irresponsibility that does it.

  (પરેશાની)

  પરેશાનીને કારણે તમે તમારી તબીયતની કે જિંદગીની ચિંતા કદી કરતા નહીં. ખાત્રીપૂર્વક માનજો કે જવાબદાર હોવાથી પરિણમતી પરેશાની તે નથી કે જે બીમારી કે મોત નિપજાવે છે, એ તો તમારી બેજવાબદારી છે કે જે એવું કરે છે.

- **Natural Death**

  A natural death occurring when the deceased person's conscience is clear, is sweeter than all the pleasures of life. Such a death is a reward, not a punishment.

  (કુદરતી મોત)

  જીવનના બધા આનંદ પ્રમોદ કરતાં તો મરનાર વ્યકિતનો અંતરાત્મા નિર્મળ હોય ત્યારે આવતું કુદરતી મોત વધારે મધુર હોય છે. આવું મોત જઝા છે, સજા નથી.

- **Good Teacher**

  Often an ignorant person with no presumptions is a better teacher than a knowledgeable person with all his prejudices.


  (સારો શિક્ષક)

  ઘણા બધા પૂર્વગ્રહો ધરાવતા કોઇ જ્ઞાની માણસ કરતાં તો પોતાની કોઇ માન્યતાઓ વગરનો અજ્ઞાની માણસ ઘણી વખતે તો સારો શિક્ષક બની જતો હોય છે. (ક્રમશઃ)

**જાફરી આવાઝના ગ્રાહકના સરનામામાં ફેરફાર કરવાનો હોય કે અંક ન મળતો હોય તો મો.અકબરઅલી મસી (મો.૯૮૨૫૪૯૭૧૭૮, ૯૪૨૯૩૭૦૮૫૨)નો સંપર્ક કરવો**

# સલામ

મીર બબ્બરઅલી 'અનીસ'



میر ببر علی انیس

# سلام

**ગર્દ હૈ અકસીર ખાકે કરબલાકે સામને,**
**ઝર્દ મિટ્ટીકી હકીકત ક્યા તેલાકે સામને.**

گرد ہے اکسیر خاکِ کربلا کے سامنے
زرد مٹی کی حقیقت کیا طلا کے سامنے

(કરબલાની ખાકની તુલનામાં બીજાં બધાં ઔષધો ધૂળ જેવાં છે. સોનાની આગળ પીળી માટીની હકીકત શું વિસાતમાં ?)

---

**ફાસલા કિયા ઇધર પહુંચે ઉધર દાખિલ હુએ,**
**કરબલા જન્નત કે જન્નત કરબલા કે સામને.**

فاصلہ کیا ادھر پہنچے اُدھر داخل ہوئے
کربلا جنّت کے جنّت کربلا کے سامنے

(કરબલા સુધીના અંતરને પાર કર્યું અને ત્યાં પહોંચ્યા અને દાખલ થયા (મનમાં પ્રશ્ન થયો કે) કરબલા જન્નત છે કે પછી જન્નત કરબલાની સામે છે.)

---

**જિસ્મકો ઇક દિન ફના કર દેંગે ઝોંકે આહકે,**
**બાત ક્યા હૈ ખાક ઉડા દેના હવા કે સામને.**

جسم کو اک دن فنا کر دیں گے جھونکے آہ کے
بات کیا ہے خاک اُڑا دینا ہوا کے سامنے

નિસાસાનાં મોજાં એક દિવસ શરીરનો નાશ કરી દેશે. હવાની સામે ધૂળને ઉડાડી દેવી શું વિસાતમાં?)

---

**પર્દાપોશ આસિયાં હૈ ઉનકા દામાને વસીઅ,**
**ક્યા ગુનાકા ઢાંપના આલે અબા કે સામને.**

پردہ پوش عاصیاں ہے ان کا دامانِ وسیع
کیا گنہ کا ڈھانپنا آلِ عبا کے سامنے

(તેમના દામન એટલા બધા પહોળા છે કે ગુનેહગારોને ઢાંકી દે છે. આલે મોહંમદ (સ.)ની સામે ગુનાહોનું ઢાંકવું શું વિસાતમાં છે ?)

---

**કહેતે થે હઝરતઅલીઅકબરકા મરના હૈ ગઝબ,**
**હમ ન દુનિયાસે ગયે ઇસ દિલરુબા કે સામને.**

کہتے تھے حضرت علی اکبرؑ کا مرنا ہے غضب
ہم نہ دنیا سے گئے اس دلربا کے سامنے

હઝરત ઈમામ હુસૈન(અ.) કહેતા હતા કે અલી અકબરનું મોત મારા માટે ગઝબનાક છે. આ મનોહર (અલી અકબર)ને બદલે અમે જ દુનિયાથી કેમ ચાલ્યા ન ગયા ?)

---

**જબ સકીનાકી ઝબાંમેં પ્યાસ સે કાંટે પડે,**
**સર ઝુકા કર મશ્ક લે આઇ ચચા કે સામને.**

جب سکینہؑ کی زباں میں پیاس سے کانٹے پڑے
سر جھکا کر مشک لے آئی، چچا کے سامنے

(જ્યારે જનાબે સકીનાની જીભ પર તરસને લીધે કાંટા ઉપસી આવ્યા તો તે પોતાના કાકા અબ્બાસ (અ.)ની સામે માથુ ઝુકાવીને મશ્ક લઈ આવી.)

| | |
|---|---|
| **ફુક્રકી દૌલતકો ક્યા ખાલિક્ને બક્ષા હૈ વકાર,** | فقر کی دولت کو کیا خالق نے بخشا ہے وقار |
| **હાથ ફૈલાતા હૈ સુલતાં ભી ગદા કે સામને.** | ہاتھ پھیلاتا ہے سلطاں بھی گدا کے سامنے |

(સર્જનહાર અલ્લાહે ગરીબાઈની દોલતને કેવી ઈજ્જત બક્ષી છે (એ તો જુઓ) કે સુલતાન પણ ફકીર (ભિક્ષુક)ની આગળ હાથ લંબાવે છે.)

| | |
|---|---|
| **ઝુલ્ફિકારે હૈદરે સફદર સે શરમાતી હૈ બર્ક,** | ذوالفقارِ حیدر صفدر سے شرماتی ہے برق |
| **અબ્ર નેસાં તર હૈ ઝહરાકી રિદા કે સામને.** | ابر نیساں تر ہے زہراؑ کی ردا کے سامنے |

(હૈદરે સફ્દર મૌલા અલી (અ.)ની ઝુલ્ફિકારથી તો (આકાશની) વીજળી પણ શરમાઇ જાય છે. જનાબે ફાતેમા ઝહરા (અ.)ની રિદા (ચાદર)ની આગળ તો વાદળાં પણ વૈશાખી વાદળ જેવાં (પાણી વગરનાં) દેખાય છે.)

| | |
|---|---|
| **ખૌફ ક્યા હૈ બહરે પુર્સિશ આયેંગે મુન્કીર નકીર,** | خوف کیا ہے بہر پرسش آئیں گے منکر نکیر |
| **'બંદાએ હૈદર હૂં' કહે દુંગા ખુદાકે સામને.** | بندۂ حیدرؑ ہوں کہ دوں گا خدا کے سامنے |

(કબરમાં મુન્કીર–નકીર સવાલો પૂછવા આવશે ત્યારે વળી ડર શાનો હશે ? ખુદાની આગળ બેધડક કહી દઈશ કે હું તો હૈદર (અર્થાત્ અલી (અ.))નો ગુલામ છું.)

| | |
|---|---|
| **ઉક્દા એ દિલ જલ્દ હલ હોતે હૈ ગભરાતા હૈ ક્યું?** | عقدۂ دل جلد حل ہوتے ہیں گھبراتا ہے کیوں |
| **ક્યા ગિરહકા ખોલના મુશ્કિલકુશાકે સામને?** | کیا گرہ کا کھولنا مشکل کشا کے سامنے |

(દિલની સમસ્યાઓ જલ્દીથી હલ થઇ જાય છે, તું શા માટે ગભરાય છે ? મુશ્કિલકુશા માટે સમસ્યાઓને હલ કરવી વળી શું વિસાતમાં છે ?)

| | |
|---|---|
| **કહેતે થે ખોલીસે આબિદ ચાદરે ઝયનબ ન છીન,** | کہتے تھے خولی سے عابدؑ چادر زینبؑ نہ چھین |
| **હાથ બાંધે જાએંગે મુશ્કિલકુશાકે સામને.** | ہاتھ باندھے جائیں گے مشکل کشا کے سامنے |

(ખોલી બિન યઝીદ મલઊનને આબિદે બીમાર (અ.) કહેતા હતા કે તું બીબી ઝયનબ (અ.)ની ચાદરને ઝૂંટવી લેતો નહીં, નહિતર મુશ્કિલકુશા અલી (અ.)ની સામે તારા બન્ને હાથ બાંધી દેવામાં આવશે.)

| | |
|---|---|
| **યાદ રખ ઝાલિમ પરેશાં હોગા મજમા હશ્રકા,** | یاد رکھ ظالم پریشاں ہوگا مجمع حشر کا |
| **ફાતેમા જબ બાલ ખોલેગી ખુદાકે સામને.** | فاطمہؑ جب بال کھولے گی خدا کے سامنے |

(અય ઝાલિમ ! યાદ રાખી લે કે કયામતના દિવસે આખોય મજમો પરેશાન, પરેશાન થઈ જશે કે જ્યારે જનાબે ફાતેમા ઝહરા (અ.) ખુદાની સામે જ પોતાના બાલ ખોલી નાખશે.)

---


| | |
|---|---|
| **ફસ્લે પીરીમેં હવસે દુનિયાકી તૌબા કર 'અનીસ',** | فصل پیری میں ہوسِ دنیا کی توبہ کر انیسؔ |
| **હશ્રમેં કિસ મુંહસે જાએગા ખુદાકે સામને.** | حشر میں کس منہ سے جائے گا خدا کے سامنے |

(ઘડપણની અવસ્થામાં અય **'અનીસ'** ! તું દુનિયાની ઈચ્છાઓ રાખવાથી તૌબા કરી લે. કયામતમાં તું કયા મોઢે ખુદાની સામે ઊભો રહીશ ?)

**બારગાહમાં...**

એમની બારગાહમાં કે જેમણે માનવતાને ગુમરાહીની પકડમાંથી છોડાવી.
બારગાહમાં એમની કે જેમની પવિત્ર જિહાદની રોશનીથી વિશ્વ પ્રકાશિત થયું.
બારગાહમાં એમની કે જેમણે શરીઅતનાં ચિહ્નોને નાશ થયા પછી જિંદગી બક્ષી.
બારગાહમાં એમની કે જેમણે દીનના જખમોનો પોતાના પાકીઝા ખૂનથી ઈલાજ કર્યો.
આપની બારગાહમાં અય નબુવ્વતની રૂહ અને ખિલાફતે કુબરાની જાન ! અમે અમારું નજરાણું પેશ કરીએ છીએ કે જેના દ્વારા આપની શફાઅતના અને રજામંદીના ઉમેદવાર છીએ.


મોહસિનઅલી
મો.૯૦૯૯૭૩૦૨૭૯
મો. ૯૪૨૯૭૨૨૭૭૬




**કિનારા સિરામીક**

અમારે ત્યાંથી દરેક જાતની વિટ્રીફાઈડ, પોર્સોલીન, ડબલ ચાર્જ, વોલ ટાઈલ્સ, ફ્લોર ટાઈલ્સ, ટબ, મરઘા, દરેક પ્રકારની ટાઈલ્સ મળશે.

**ખેરાલુ રોડ, ભોજક વાડીની બાજુમાં, વડગામ**

આબિદઅલી મો. ૯૭૧૨૧૯૮૪૬૪ | જાવેદઅલી મો. ૯૬૩૮૦૬૩૭૭૫



**YAM Ceramic**

અમારે ત્યાં વિટ્રીફાઈડ, પોર્સોલીન, ડબલ ચાર્જ, વોલ ટાઈલ્સ, ફ્લોર ટાઈલ્સ, ટબ, મરઘા, દરેક પ્રકારનો સિરામીક અને સેનેટરી સામાન મળશે.

ડીવાઇન પ્લાઝા માર્કેટ, કમાલપુર રોડ, બસ સ્ટેન્ડ પાસે, વડનગર

# કમરનાં દર્દો વિષે

ડો. જી. ડી. થરાદરા (M.S.(Ortho.)) (અમદાવાદ)

કમરનાં દર્દો વિષે માહિતી મેળવીએ એ પહેલાં કમરની રચના વિષે થોડુંક જાણી લઇએ તો વધારે સારું. કમરમાં એકેય (સળંગ) હાડકું હોતું નથી પરંતુ માણસની કમર નાના મોટા મળીને કુલ ૩૩ મણકાથી બનેલી હોય છે અને આ દરેક બે મણકાની વચ્ચે ગાદી આવેલી હોય છે. દરેક મણકો એક બીજા સાથે ગાદીથી, નસોથી અને સ્નાયુથી જોડાયેલો હોય છે. માટે જ તો કમરના દર્દ માટે મણકા, ગાદી તેમજ નસો–સ્નાયુઓ જવાબદાર હોય છે. યુવાનીમાં સામાન્ય રીતે નસો–સ્નાયુઓ અથવા તો ગાદીની તકલીફને કારણે કમરમાં દુઃખાવો થાય છે જ્યારે ઘડપણમાં મણકા, સાંધા ઘસાવાને કારણે તેમજ ગાદીની જાડાઈ ઘટી જવાને કારણે કમરનાં દર્દ ઉત્પન્ન થાય છે. ગાદી ખસી જવાથી તેમજ મણકાના ઘસારાથી, જગ્યા ઓછી થવાથી નસ ઉપર દબાણ થાય અને પગમાં દુઃખાવો અથવા તો ખાલી ચડવા જેવી ફરિયાદો થતી હોય છે જેને સામાન્ય ભાષામાં રાંઝણ(અંગ્રેજીમાં સાયટિકા) કહેવાય છે.

કમરના દુઃખાવાની સારવાર અંગે વાત કરીએ તો નસો–સ્નાયુઓના કારણે ઉત્પન્ન થયેલો દુઃખાવો, કસરત કરવાથી દૂર થઇ જાય છે અને દર્દીને સારું થઇ જાય છે. ગાદી ખસી જવાના કિસ્સામાં જો ગાદી ચીકાશવાળી હોય અને નસોને કોઈ નુકસાન ન થતું હોય તો થોડો આરામ કરવાથી, દવાઓ–ઈન્જેક્શન લેવાથી અને કસરત કરવાથી સારું થઇ જતું હોય છે. પરંતુ જો ગાદી કાળી થઇ ગઇ હોય એટલે કે ચીકાશ વગરની હોય તો મોટે ભાગે ઓપરેશન કરવાની જરૂર ઊભી થતી હોય છે. કમરના મણકાના ઘસારાથી, જગ્યા થવાના કિસ્સાઓમાં દર્દીને ચાલવાથી અથવા તો ઊભા રહેવાથી દુઃખાવો થતો હોય છે અને બેસવાથી કે સૂઇ જવાથી પગનો દુઃખાવો મટી જતો હોય છે જેને મેડિકલની ભાષામાં લમ્બર કેનાલ સ્ટેનોસીસ કહે છે અને આવા કિસ્સાઓમાં ફક્ત કસરત કરવાથી કે ઓપરેશન કરવાથી જ સારું થાય છે. આવા કિસ્સાઓમાં દવાઓ ખાસ કામ આવતી નથી.

કમરના દર્દોમાં દરેક દર્દીના દર્દનું કારણ, તેની સારવાર અલગ અલગ પ્રકારની હોય છે અને તેનું પરિણામ પણ અલગ અલગ હોય છે. કમરના દર્દોમાં દર્દીઓ સામાન્ય રીતે ઓપરેશન કરાવવામાં મોડું કરતા હોય છે અને નસોને નુકસાન થઇ જાય ત્યાર પછી ઓપરેશન કરાવવાથી પગમાં થોડી ઘણી તકલીફ રહી જાય છે જેના લીધે દર્દીઓ એવું સમજતા હોય છે કે ઓપરેશન નિષ્ફળ ગયું છે.

બીજી વાતત કરીએ તો ઘણી વખત ઓપરેશન કર્યા પછી દર્દીને સારું થઇ જતું હોય છે અને ઓપરેશન કર્યાના બે–પાંચ વર્ષ પછી ફરીથી કમરમાં દુઃખાવો ઉપડે છે તો દર્દી એવો સવાલ કરે છે કે ફરીથી દુઃખાવો કેમ ચાલુ થયો? પરંતુ આપણે એ બાબત કેમ ભૂલી જઈએ છીએ કે કમરમાં કંઇ એક જ મણકો નથી હોતો પણ ઘણા બધા મણકા હોય છે. દર્દીને કમરમાં થતો દુઃખાવો બીજા મણકાનો કે ગાદીનો હોઈ શકે છે.

આવી રીતે જો આપણે એક વખત કમરની તકલીફ થયા પછી દરરોજ ડોકટરે બતાવેલી કસરત કરીએ અને કામકાજની પધ્ધતિમાં ફેરફાર કરીએ તો આપણે બીજી વખતે થનારા કમરના દુઃખાવાથી બચી શકીએ તેમ છીએ. ✻

# નહજુલ અસરાર

હઝરત અલી(અ.)ના ખુત્બાઓ, બોધવચનો, પત્રો, જવાબપત્રો, આદેશો, હુજજતો, દુઆઓ અને વસિયતોનો સંગ્રહ

:::: સંપાદક ::::
મોલ્વી સૈયદ ગુલામહુસૈન રઝા
:::: અનુવાદ ::::
મો.કાસમભાઈ વિજાપુરા

## હકીકતની તા'રીફ

કુમૈલ ઈબ્ને ઝિયાદે હઝરત અમીરુલ મોમિનીન(અ.)થી સવાલ કર્યો કે -

કુમૈલ : યા અમીરુલ મોમિનીન ! ماالحقيقت (મૌલા ! હકીકત શું છે ?)

હઝરત અમીરુલ મોમિનીન : مالك ماالحقيقت (તારે હકીકતથી શું કામ છે ?)

કુમૈલ : મૌલા ! શું હું આપનો સાહેબે અસરાર (જાણ ભેદુ / રહસ્યો જાણનાર) નથી ? (શું આપ ખજાનેદાર નથી અને શું હું આપનો ખજાનો નથી ?)

હઝરત અમીરુલ મોમિનીન : હાં, તું અમારાં રહસ્યોને જાણનારો છે અને તારા ઉપર ફૈઝનો વરસાદ વરસે છે. સારું તો સાંભળ, હકીકત શું છે તે. નૂરના જલ્વાઓનું પ્રગટ થવું તેના બતાવ્યા વગર.

કુમૈલ : અય અમીરુલ મોમિનીન ! વધારે બયાન ફરમાવો.

હઝરત અમીરુલ મોમિનીન :ભ્રમવાળી વસ્તુનો નાશ પામવો અમે માલૂમ ચીજમાં વધારો થઈ જવો.

કુમૈલ : અય અમીરુલ મોમિનીન ! વધારે બયાન ફરમાવો.

હઝરત અમીરુલ મોમિનીન : રાઝ (રહસ્ય)નું પ્રગટ થઈ જવું અને રાઝનું ગાલિબ આવી જવું અર્થાત ખુલી જવું.

કુમૈલ : અય અમીરુલ મોમિનીન ! હજુ વધુ બયાન ફરમાવો.

હઝરત અમીરુલ મોમિનીન : હકીકત શું છે ? ઝાતે અહદીયત (અલ્લાહની ઝાત)માં સમાઈ જવું.

કુમૈલ : અય અમીરુલ મોમિનીન ! વધુ બયાન ફરમાવો.

હઝરત અમીરુલ મોમિનીન :

કુમૈલ : વધારે ફરમાવો અય અમીરુલ મોમિનીન !

હઝરત અમીરુલ મોમિનીન : ચિરાગને બુઝાવી દેવો.

## માઅરેફતે નૂરાની

બસાએરૂલ અન્વારમાં લખ્યું છે કે સલમાન અને અબુઝરે સવાલ કર્યો કે યા અમીરૂલ મોમિનીન ! આપની નૂરાની મારેફત (ઓળખ) શું છે ? હઝરતે જવાબ આપ્યો કે રસૂલે ખુદા (સ.)એ ફરમાવ્યું છે કે નૂરાનિયતની સાથે અલી ઈબ્ને અબીતાલિબની મારેફત ખુદાવંદે ઈઝઝોજલની મારેફત છે અને નૂરાનિયતની સાથે ખુદાની મારેફત દીને ખાલિસ (શુધ્ધ ધર્મ) છે.

પછી ફરમાવ્યું,

જે માણસનું જાહેરી જીવન મારી વિલાયતમાં તેના બાતિની (આંતરિક) જીવનથી વધારે હોય તેના આમાલનો વજન હલકો છે. અય સલમાન ! મોમિનનું ઈમાન ત્યાં સુધી કામિલ (સંપૂર્ણ) નથી થતું જ્યાં સુધી કે તે

મને નૂરાનિયતની સાથે ન ઓળખી લે અને જ્યારે તેણે મને નૂરાનિયતની સાથે ઓળખી લીધો તો તે (એવો) મોમિન છે કે જેના હ્રદયની ખુદાએ ઈમાનની સાથે કસોટી લઈ લીધી અને તેની છાતીને ઈસ્લામના માટે ખોલી નાખી. હવે પછી તે પોતાના દીનનો આરિફ (જ્ઞાની/બ્રહ્મજ્ઞાની) અને દીર્ઘ દ્રષ્ટિવાળો (રોશન ઝમીર) બની ગયો અને જે તેનાથી અસમર્થ રહ્યો તે શંકા કરનારો અને શયતાની વસવસાઓમાં જકડાયેલો છે. અય સલમાન અને જન્દલ! તેહકીકપૂર્વક કે નૂરાનિયતની સાથે મારી મારેફત (કરો તો તે) ખુદાની મારેફત છે અને ખુદાની મારેફત મારી મારેફત છે અને એ જ દીને ખાલિસ (વિશુધ્ધ ધર્મ) છે. (આયત–૧૦, પારો–૧) ખુદા તઆલાના કોલ મુજબ, નથી હુકમ આપવામાં આવ્યો તેને પરંતુ તૌહીદનો, તેનું નામ ઈખ્લાસ (નિષ્કપટતા) છે અને તેનો કોલ મુખ્લીસ (બનાવટ વગરનો) એકરાર છે મોહંમદની નબુવ્વતનો અને તે જ દીને હનીફ (હઝરત ઈબ્રાહીમનો ધર્મ) છે અને તેના કોલ 'નમાઝને કાયમ કરો'થી મારી વિલાયત મકસૂદ છે. ત્યાર પછી જેણે અમારી સાથે વિલા (મોહબ્બત) રાખી તેણે ચોક્કસપણે નમાઝને કાયમ કરી અને તે સખત અને કપરી મંઝિલ છે અને 'યુતુનઝ્ઝકાત'થી ઈમામોની મંઝેલત (હોદ્દો) અને મકામનો એકરાર મકસૂદ છે અને તે જ ખુદાનો કાયમી દીન છે. કુરાન ગવાહી આપે છે કે કાયમી દીન તૌહીદ સાથેનો ઈખ્લાસ (નિષ્કપટતા) અને એકરાર છે નબુવ્વત અને વિલાયત સાથેનો. આથી જેણે તેના પર અમલ કર્યો તેણે દીનને પ્રાપ્ત કર્યો.

અય સલમાન અને અય જન્દલ ! કસોટીમાંથી પાર ઉતરેલો મોમિન તે છે કે જેના પર અલ્લાહ અમ્ર (આદેશ)થી કોઈ વસ્તુ વારિદ (આવનાર) નથી હોતી પરંતુ એ કે અલ્લાહ તેની છાતીને તેને સ્વીકારવા માટે વિસ્તૃત કરી દે છે અને તેમાં તે શંકા કે કુશંકા નથી કરતો અને જેણે 'કેવી રીતે ?' અને 'શા માટે' કહ્યું, તે કાફિર થઈ ગયો. તેથી અલ્લાહના અમ્ર (આદેશ)ને માની લો કે અમે અલ્લાહના અમ્ર છીએ.

અય સલમાન અને અય જન્દલ ! ખુદાએ પોતાની મખ્લૂક પર મને અમીન (અમાનતદાર) ગણ્યો છે અને પોતાની જમીન પર, શહેરો પર અને બંદાઓ પર પોતાનો ખલીફા ગણ્યો છે અને મને તે બધું જ અર્પણ કર્યું છે જેનો ન તો વસ્ફ (પ્રશંસા/ગુણગાન) કરવાવાળા વસ્ફ કરી શકે છે અને ન તો જ્ઞાનીઓ (બ્રહ્મજ્ઞાનીઓ) જાણી શકે છે. આથી (જો) તમે મને એવી રીતે ઓળખ્યો તો તમે મોમિન છો.

અય સલમાન ! ખુદાએ ફરમાવ્યું કે 'સબ્ર અને સલાત (નમાઝ)ની સાથે (મારી) મદદ માગો.'

આથી સબ્ર મોહંમદ (સ.) છે અને નમાઝ મારી વિલાયત છે અને આ માટે જ ફરમાવ્યું છે કે તેહકીકની સાથે કે આ ખૂબ જ મુશ્કેલ છે અને માત્ર તેહકીકની સાથે નથી ફરમાવ્યું. પછી ફરમાવ્યું, 'અલ અલીય્યુલ ખાશેઈન'. અર્થાત વિલાયતવાળાઓ સિવાય કે જેમણે અમારા હિદાયતના નૂરથી દ્રષ્ટિ પ્રાપ્ત કરી છે, તેનાથી મુસ્તશ્ના (મુક્ત) કરી દીધા.

અય સલમાન ! અમે ખુદાનું એ રાઝ (રહસ્ય) છીએ કે જે ગુપ્ત નથી અને (અમે)

ખુદાનું નૂર છીએ જેને હોલવી શકાતું નથી અને અમે તેની એવી નેઅમત છીએ કે જેનું કોઈ મૂલ્ય આંકી શકાતું નથી. અમારો શરૂઆતનો પણ મોહંમદ છે, વચલો પણ મોહંમદ છે અને અંતિમ પણ મોહંમદ છે. આથી જેણે અમને આ રીતે ઓળખ્યા તેણે પોતાના કાયમી દીનની પૂર્ણાહુતિ કરી.

અય સલમાન અને અય જન્દલ ! હું અને મોહંમદ (સ.) એક નૂર હતા અને તસ્બીહ કરનારાઓના પહેલાં તસ્બીહ કરતા હતા અને મખ્લૂકાતના પહેલાંથી ચમકતા રહ્યા હતા પછી અલ્લાહે તે નૂરના નબી મુસ્તફા અને વસી મુર્તઝામાં બે સરખા ભાગ પાડયા. પછી અલ્લાહ ઈઝઝોજલે એક અડધા ભાગને કહ્યું કે મોહંમદ બની જા અને બીજા અડધા ભાગને કહ્યું કે અલી બની જા અને એટલા માટે તો નબી (સ.)એ ફરમાવ્યું છે કે હું અલીથી છું અને અલી મારાથી છે અને કોઈ પણ માણસ મારા અને અલીના તરફથી (તબ્લીગના કાર્ય)ને પરિપૂર્ણ કરી શકતો નથી અને આવી જ રીતે ખુદાના કૌલનો ઈશારો છે કે 'અન્ફોસના વ અન્ફોસકુમ' અને આ ઈશારો આલમે અરવાહ (રૂહોની દુનિયા) અને આલમે અન્વાર (નૂરની દુનિયા) માં આ બન્નેના એકત્વ તરફ છે અને ખુદાનો આ કૌલ છે કે 'અગર તે મરી જાય અથવા કતલ કરી નાખવામાં આવે'નો હેતુ એ છે કે નબી મરી જાય અથવા વસીને કતલ કરી દેવમાં આવે કેમકે આ બન્ને વસ્તુઓ એક છે, તેમનો અર્થ એક છે અને તેમનું નૂર એક છે અને અર્થ અને ગુણમાં સંયુક્ત છે અને શરીર અને નામ એકબીજાથી જુદાં છે. (ક્રમશ:)


Onnati INFOTECH

હૈદરઅલી જી. ડોડીયા
મો. : ૯૯૭૪૬ ૦૫૫૪૯
ફોન : ૦૨૭૭૨ - ૨૪૫૫૪૯

ઉન્નતિ ઈન્ફોટેક
કોમ્પ્યુટર સેલ્સ & સર્વિસ

- કોમ્પ્યુટર વેચાણ અને રીપેરીંગ
- કોમ્પ્યુટરને લગતી તમામ એસેસરીઝ મળશે
- દરેક કંપનીના કોમ્પ્યુટર એસમ્બલીંગ અને લેપટોપ મળશે.
- ટોનર રીફીલીંગ

ઓન લાઈન ફોર્મ ભરવામાં આવશે.

ઝેરોક્ષ & લેમીનેશન
સ્પાયરલ બાઈન્ડીંગ કરનાર

ભાગ્યોદય ડેરીની બાજુમાં, મદ્રેસા હાઈસ્કૂલ રોડ,
બગીચા વિસ્તારના નાકે, પોલોગ્રાઉન્ડ, હિંમતનગર.

ત્રીજા વર્ષમાં પ્રવેશ

**Spark IT Solution**





**::::: Product, service, softwere :::::**
**Hardware dealer :** All Type Computers ,Leptop and Printer Sales and All Kind of Computer Parts
**Network :** Lane , Wan, Man, Cabling and Routing
**Softwere** : Linux, Unix, Mac, Microsoft, Tally, Antivirus, Data recovery and All type of License Softwere
**Printer :** All Type Printer Repairing and Refilling

**::::: Contact :::::**
**abid momin:-9725757614(sales)**
**Hasan Momin:-8347310601(service)**
Web:-www.sparkitsolution.co.in
E-mail:-ab_momin@ymail.com

Add:-F.F-10, Sagar Avenue- A,
N/r. Amber tower, Sarkhej – juhapura Road,
Ahmedabad-380055.



હઝરત પીર મશાયખ બાવા(રહે.અ.) કૃત.....

# મશાયખવાણી

**તરીકત યા'ને ધરમ મૂલ**

**● સત ગુરૂ પીર મશાયખ વાચા ●**

**બયાન નં.૧૧૮**

**યું ભી કર આપ તન સીકલ કીજે,**
**જો પરગટે જોત તો પીયુજી પતીજે.**

(હઝરત પીર મશાયખ બાવા (રહેમતુલ્લાહ અલૈહે) ફરમાવે છે કે અય હકીકતી ! તું તારા તનને સાફ કરીને ચકચકિત કરી દે. જો દિલમાં જ્યોત પ્રગટશે તો તું પીયુજીને મેળવી શકીશ.)

**તબ જા ને પીયુજી તુજ તન આવે,**
**જો રે એ તંના સબ રે ગમાવે.**

(જો તું તારા આખા તનને ગુમાવી દે તો જ તારા તનમાં પીયુજી આવશે.)

**પીયા રંગ કેરામેં રે ગુલ લાલા,**
**વે રે પીયુ મુજ ગલે ફુલન કી માલા.**

(પીયુજીનો રંગ છે તે ગુલાબના ફૂલ જેવો લાલ રંગ હોય છે. મારા પીયુજીના ગળામાં ફૂલની માળા અર્થાત ફૂલહાર છે.)

**મેં પીયુ રંગ ફુલા, પીયુ મુજ માંહી બાસા,**
**મેં રે પીયુ ભેદા, પીયુ મેરે રે પાસા.**

(હું પીયુજીના રંગનું ફૂલ છું અને મારી અંદર પીયુજી(ફૂલની) સુગંધ સ્વરૂપે છે. હું પીયુજીનું રહસ્ય (ભેદ) છું. પીયુજી મારી પાસે જ છે.)

**મેં હું રે સેવક, પીયુ મેરા જીયુ,**
**તન રે મેરે માંહે બસે વે પીયુ.**

(હું પીયુજીનો સેવક છું, પીયુજીનો દાસ છું. પીયુજી તો મારો જીવ છે. મારા તનમાં તે પીયુજી (જીવ સ્વરૂપે) રહે છે.)

**જું રાતા રે બાદલ પાંણીસું ભરીઆ,**
**પાંણીને બાદલ બોત લાલ કરીઆ.**

(જેવી રીતે પાણીથી ભરેલું વાદળ લાલ રંગનું હોય છે. પાણીએ વાદળને ખૂબ જ લાલ (રંગનું) કરી દીધું હોય છે.)

**કે રાતા હે બાદલ એ રે કહ્યા જાવે,**
**પણ ભેદ પાંણીકા મુરખ નાં પાવે.**

(એવા વાદળને રાતા રંગનું - લાલ રંગનું વાદળ કહેવામાં આવે છે પણ જે મૂરખો હોય તે એ ભેદ પામી શકતો નથી કે રાતા રંગના વાદળમાં પાણી છે.)

**જું બાદલ રે ગાજે ફિરા આપ રંગા,**
**એ પીયુજી દિખાવે આપ અપને રે ઢંગા.**

(જ્યારે વાદળ ગરજવા લાગે છે ત્યારે તે પોતાનો રંગ બદલી નાખે છે. પીયુજી પણ આવી જ રીતે પોતાના વિવિધ ઢંગ - પોતાનાં વિવિધ સ્વરૂપો—બતાવે છે.)

**જેને આપ દેહા પીયા સંગ દીતી,**
**તો પીત પીયાકી આપ તન લીતી.**

(જેણે પોતાના દેહને પોતાના પીયુજીના હવાલે કરી દીધો હોય છે તો તેણે પોતાના

તનમાં પીયુજીની પ્રીત મેળવી લીધેલી હોય છે.)

**એક તન દો નાંમ જજુઆ ધરાયા,**
**ભેદ તો ઉસકા જવરલુંને પાયા.**

(તન એક-શરીર એક પરંતુ બે જુદાં જુદાં નામ ધરવામાં આવ્યાં. આનો ભેદ તો જવલ્લે જ કોઈએ પ્રાપ્ત કર્યો હોય છે.)

**જું સીપકે ભીતર મોતી રે કહીએ,**
**હે એક તન પણ નાંમ દો રે લહીએ.**

(જેવી રીતે છીપની અંદર મોતી સમાયેલું હોય છે (પરંતુ તેને તો છીપ જ કહેવાય છે) તેવી રીતે તન એક જ છે પણ તેમનાં નામ અલગ અલગ બે પાડવામાં આવેલ છે.)

**મોતી સો જીવ હે રે ઉસ કેરા,**
**નાંમ લે સીપથી ધરીઆ અનેરા.**

(છીપની અંદર રહેલું મોતી છીપના જીવ સમાન છે પરંતુ તેનું નામ તો છીપ જ ધરવામાં આવેલું છે.)

**તે સીપ જીવ જાં મોતી સીપ માંહાં,**
**મોતી બિના જીવણાં સીપકા રે નાંહાં.**

(જુઓ કે છીપનો જીવ, છીપમાં રહેલું મોતી હોય છે. જો મોતી જ ના હોય તો મોતી વગર જીવવું છીપ માટે નકામું છે.)

**હે એક તન નાંમ જજુઆ રે આખા,**
**એ ભી કછુ ભેદ કે કારણ દાખા.**

(છીપનું તન એક છે પણ તેનાં બે જુદાં જુદાં નામ છીપ અને મોતી કહેવાય છે. આવું કંઈક ભેદના કારણે જ કહેવામાં આવ્યું છે.)

**જો મુજ બિના પીયુ તુજે પીયુ કોન કે'વે,**
**તો પીયુજી ક્યું મુજ બિના એકલા રે રે'વે.**

(તો અય પીયુજી ! મારા વગર તને પીયુજી કોણ કહે ? તો પીયુજી મારા વગર એકલો કેવી રીતે રહી શકે ?)

**જો મેં રુઠું તો પીયુ મુજ પાસ આવે,**
**તો પીયુજી તું કાહે નાં મુજકું મનાવે.**

(જો હું રિસાઈ જાઉં તો પીયુજી મારી પાસે મને મનાવવા આવશે. તો અય પીયુજી ! તું મને મનાવવા શા માટે નથી આવતો?)

**કે મેંરે પીયુ તુજે પરગટ કીતા,**
**નાંમ પીયુકા મેં રે તુજે દીતા.**

(અય પીયુજી ! મેં જ તો તને પ્રગટ કર્યો છે, જાહેર કર્યો છે. પીયુજીનું નામ મેં જ તો તને આપ્યું છે.)

**ઇતની બડાઇ પીયુ તબ તુજે હુઇ,**
**જો આપ તન નાંમા તેં ધરીઆ રે દોઇ.**

(અય પીયુજી ! આટલી બધી વડાઈ, આટલી બધી અઝમત (મારા લીધે) તને પ્રાપ્ત થઈ છે. જો કે તેં મારું અને તારું એમ બન્નેનાં નામ ધર્યાં છે.)

**એસા રે ભાવા તું પીયુ સંગ ધાવે,**
**બિન તન મથે પીયુજી નાં પાવે.**

(જો આવા જ ભાવ સાથે તું પીયુજી તરફ દોડતો જાય તો પીયુજી તને પ્રાપ્ત થાય. મથન કર્યા વગર પીયુજી મળી શકતો નથી.)

**તન તો કરના કપડે કી રીતા,**
**તો ભીતર રે'વે તું ને તેરા મીતા.**

**-: રે તુંહી :-**

(હઝરત પીર મશાયખ બાવા(રહે.અ.)

ફરમાવે છે કે હે હકીકતી ! તારે તારા શરીરને કપડાંની જેમ રાખવું જોઇએ. કપડાંની અંદર તું પણ રહે છે અને તારો પીયુજી પણ ઢંકાયેલો રહે છે.)

**પીયુજી મુજે નાં છોડસે, વે તો હે મુજ જીયું રે,**
**વે તો હે મુજ જીયું;**
**જો મેં રુઠું પીયુસુ, તો મુજે મનાવે પીયુ રે,**
**તો મુજે મનાવે પીયુ.**

(પીયુજી મને છોડીને જતો નહીં રહે કેમકે તે તો મારો જીવ છે. જો હું મારા પીયુજીથી રિસાઇ જાઉં તો મારો પીયુજી મને મનાવવા આવશે.)

**બયાન નં.૧૧૯**

**પીર મશાયખ બંદા પીયુકા,**
**એને ભેદ આખા અપને જીયુકા.**

(હઝરત પીર મશાયખ બાવા (રહેમતુલ્લાહ અલૈહે) પોતાના વિષે ફરમાવે છે કે આ પીર મશાયખ પીયુજીનો બંદો છે. તેણે પોતાના જીવનના રહસ્યને - પોતાના જીવના ભેદને બતાવ્યો છે.)

**જબ નબી રે મહંમદ હુકમ પઠાયા,**
**બેદ રે કેહનેકા શિર ભાર ધરાયા.**

(હઝરત પીર મશાયખ બાવા(રહે.અ.) નબી સાહેબે પોતાને સ્વપ્નમાં દીદાર આપ્યા તે પ્રસંગનો ઉલ્લેખ કરીને ફરમાવે છે કે નબી મોહંમદ(સ.)એ મને ઇલ્મ અર્પણ કર્યું તેથી આ ભેદને - રહસ્યને મોમિનો સુધી પહોંચાડવાનો ભાર મારા માથે આવ્યો એટલે કે મારા માથે જવાબદારી આવી.)

**સમજને ડરીઆ તબ જીવ માંહાં,**
**હવે સત રાખેકી કેહી રે ઠાંહાં.**

(આ બધું સમજીને મારા જીવનમાં ડર પેદા થયો કે સત્ય બાબતને કહેવાની મારા માટે જગ્યા છે.)

**કે ચોર કે હવાલે નબીએ મુજકું લે કીતા,**
**યું તો નાં ચાહીએ, તું સુણ મેરા મીતા.**

(નબી સાહેબે મને ચોરના હવાલે કરી દીધો છે. અય મારા રબ ! તું મારી વાતને સાંભળ.)

**બેદ તો અપની જીભેસું કેહના,**
**કે'તાં ઉસ ચોર બસે ક્યું સતસું રે રેહના.**

(મારી જીભથી મારે એ ગુજ બેદની વાતો કરવાની છે. આ બાબત કહેતાં શયતાન રૂપી ચોરથી બચવાનું છે અને સત્યના રસ્તા ઉપર જ રહેવાનું છે.)

**અરજ તો ઇતની પીયાકું લે કીતી,**
**હકીકત સઘળી પીયા હાથ દીતી.**

(હઝરત પીર મશાયખ બાવા (રહે.અ.) ફરમાવે છે કે ઉપર મુજબની અરજ મેં પીયુજીની આગળ કરી અને સઘળી હકીકત પીયુજીના હસ્તક સોંપી દીધી.)

**તો નબીજીને હુકમ મુજ જીવ કરીઆ,**
**કે આખર સીધા મુજ જીભ પર ધરીઆ.**

(તો નબી સાહેબે મને હુકમ કર્યો કે તમારી જીભ મારી જીભ ઉપર મૂકો અને આ રીતે તેમની (વાણીની) મીઠાશ મને પ્રાપ્ત થઇ.)

**જિતના રે આખર જીભ પંથ સર લેવે,**
**કે સારા જગ ગોર કે પરમાંણ કે'વે.**

(આપ(સ.)એ ફરમાવ્યું કે સત્પંથની જે વાતો છે તે જો તમે લોકોને કહેશો તો આખી દુનિયા તમને જગતગુરૂના નામથી સંબોધશે.)

**તો ભી મુજ જીવ સબુર નાં રાખા,**
**નબી ભાવ દેખા સો ફિર કર આખા.**

(નબી સાહેબે આટલું કહ્યું તેમ છતાંય હજુ મારા જીવને સબર ન થયો. નબી સાહેબની ભાવના જોઈને મેં ફરીથી પાછું કહ્યું.)

**ઉમર તો થોડી બેદ બોત કે'ણા,**
**ભુલે જીવું કું નવા પંથ દેણા.**

(હઝરત પીર મશાયખ બાવા(રહે.અ.)એ નબી સાહેબને અરજ કરી કે મારી ઉંમર થોડી છે અને મારે ગુજભેદની ઘણી વાતો કહેવાની છે. રસ્તો ભૂલેલા જીવોને મારે નવા પંથનાં રહસ્યો આપવાનાં છે.)

**જો જીવ પંથ દેખે ને કભી ફિર જાવે,**
**તો મુજ પીછે ઉનુંકું કુણ મારગ લાવે?**

(જે જીવાત્મા આ પંથને જુએ અને ત્યાર પછી પંથ ઉપરથી ફરી જાય તો મારા પછી તેમને સન્માર્ગ ઉપર કોણ લાવશે?)

**કભી બેદ પંથ મેં જીવુંકું દિખાયા,**
**મુજ પીછે જીવુંને વે પંથ ગમાયા.**

(જો કદાચ આ છૂપા પંથનો ભેદ હું જીવોને બતાવું અને તે જીવો મારા પછી આ સત્પંથને ગુમાવી દે તો...?)

**પીછે કુણ ઇનું કું મારગ બતાવે?**
**ભુલડે જીવું કું ઠાંમ કુણ લાવે?**

(મારા પછી તેમને મારગ કોણ બતાવશે? માર્ગ ભૂલેલા આ જીવોને સાચા રસ્તા ઉપર કોણ લાવશે?)

**અરજ તો નબીને જબ સુન જો લીતી,**
**તો મુજે તાકીદ દો બાર દીતી.**

(હઝરત પીર મશાયખ બાવા(રહે.અ.) ફરમાવે છે કે જ્યારે નબીજીએ મારી આ અરજને સાંભળી લીધી તો આપ(સ.)એ મને એ પ્રમાણે કરવાની બે વખત તાકીદ કરી.)

**તબ જીવ સીખા આપ મન માંહાં,**
**કે બોત બોલેકી ઠાંમ રે નાંહાં.**

(નબીજીનો આવો હુકમ સાંભળીને મારા જીવે મનોમન એ વાત શીખી લીધી કે હવે નબીજી આગળ વધારે બોલવા જગ્યા નથી.)

**પંથ દિખાયા પેહલે છુટક બેદા,**
**એ તો નાં જાંને અબુઝ રે ભેદા.**

(ત્યાર પછી તો મેં (મુરીદોને) પહેલાં તો સત્પંથ બતાવ્યો અને ગુજભેદની છુટક છુટક વાતો કરી. એ લોકો તો આવી ભેદની વાતોથી અજાણ્યા જ હતા.)

**છુટે બેદ કેહતે પંથ બાકી રહીઆ,**
**તો એ રે બાર દુજે પંથ ખોલ સબ કહીઆ.**

(જ્યારે છુટક છુટક ભેદની વાતો કહેતાં કહેતાં તો હજુ સત્પંથની વાતો બાકી રહી ગઈ તો બીજી વખત પંથના બીજા બધા ભેદ તેમની આગળ ખોલીને બતાવ્યા.)

**બોલ તો પકડ યું સમજને રહીએ,**
**અરજ કું છોડ કર ઇતના રે કહીએ.**

**-: રે તુંહી :-**

(આવી રીતે નબીજીના બોલને સમજીને હઝરત પીર મશાયખ બાવા(રહે.અ.)એ પકડી રાખ્યા અને કહેવામાં આવ્યું કે અરજ કરવાનું છોડી દઈને માત્ર અલ્લાહને જ યાદ કરો.)

**ફિર ફિર બોલ નાં બોલીએ, પીયુજી હે કિરતા રે,**
**પીયુજી હે કિરતાર;**
**અરજ જો ને ફિર આખીઆ, તાકીદ હુઇ દો બાર રે,**
**તાકીદ હુઇ દો બાર.**

(નબીજીએ હઝરત પીર મશાયખ બાવા(રહે.અ.)ને ફરમાવ્યું કે વારંવાર અરજ કરશો નહીં અલ્લાહ રબ્બુલ ઈઝઝત સૃષ્ટિનો પાલનહાર છે. જ્યારે ફરીથી અરજ કરવામાં આવી તો નબી સાહેબ તરફથી આવી તાકીદ બે વખત કરવામાં આવી.) ✻


પ્રો. જી. કે. સુણસરા
(સેવાણીવાળા)

**બેસ્ટ રેડીમેડ ક્લોથ એન્ડ ટેલર્સ**

● રેડીમેડ ●
✻ જીન્સ ✻ ટી.શર્ટ ✻ શોર્ટ શર્ટ ✻ સ્લીમ શર્ટ
✻ કારગો ✻ ઝભ્ભા-લેંઘા ✻ ટ્રાઉઝર્સ
✻ નાઈટ ડ્રેસ વિગેરે.

● ક્લોથ ●
શુટીંગ તથા શર્ટીંગ

● ટેલર્સ ●
પેન્ટ, શર્ટ, શુટ, સફારી ઓર્ડર મુજબ બનાવી આપવામાં આવશે.

૧૨, આશિષ શોપીંગ સેન્ટર, જાફરીબાગ, સિધ્ધપુર.
ફોન : (૦૨૭૬૭) (દુ.) ૨૨૨૪૪૦ (ઘર) ૨૮૪૪૪૦

**સુકૂન પ્રસુતિગૃહ અને સોનોગ્રાફી ક્લીનીક**

**ડો. આબિદઅલી એચ. મોમિન**
એમ.બી.ડી.જી.ઓ. (ગાયનેક)

ઉપલબ્ધ સુવિધાઓ :

❁ પ્રસુતિ ગૃહ ❁ નોરમલ ડિલેવરી મશીન દ્વારા, ચિપીયા દ્વારા અને સિઝીરીયન ઓપરેશન સુધીની તમામ સુવિધાઓ ❁ ગર્ભાશયનું ટાંકાવાળુ અને ટાંકા વગરનું ઓપરેશન ❁ સોનોગ્રાફીની સુવિધા ❁ વ્યંધત્વ નિવારણ સેન્ટર ❁ કેન્સર નિદાન ❁ દૂરબીનથી તપાસ અને ઓપરેશન ❁ સ્પેશ્યલ તથા સેમી. સ્પેશ્યલ તથા જનરલ રૂમની સુવિધા ❁ ફિટલ, મોનીટરની સુવિધા. તદઉપરાંત તમામ પ્રકારના સ્ત્રી રોગના નિદાન અને સલાહ સૂચન કેન્દ્ર

**::::: સ્થળ :::::**

**ડીવાઈન પ્લાઝા કોમ્પલેક્ષ, બસ સ્ટેશનની સામે, કમાલપુર રોડ, વડનગર, જિ.મહેસાણા.**

ફોન : (હો.) ૩૨૦૪૪૦ email : drabidali@rockmail.com